RNI NO GUJ/GUJ/2005/23890

LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

સૌરાષ્ટ્ર સમાચાર

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

AMRELI
www.aaspassdaily.com

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા | નારાયણ આર્કેડ, ભીડભંજન મહાદેવ સામે લીલીયા રોડ, અમરેલી.

● સંવત ૨૦૮૩ કારતક વદ - ૧ | બુધવાર, તા.૨૫-૧૧-૨૦૨૬ | અંક : ૨૭૨ વર્ષ : ૨૧ | email :rajkot@aaspassindia.com | કિંમત રૂા. ૨-૫૦ | પાના - ૮

ભારત-ચીન સહિત ૧૬ દેશોમાં નવો ટેરિફ ઝીંકવાની ટ્રમ્પની તૈયારી

ચીનમાં ઉદ્યોગોને મોટા પાયે સરકારી સબસિડી આપવામાં આવે છે. જેની વૈશ્વિક બજારમાં ખૂબ મોટી અસર: અમેરિકન અધિકારી

વોશિંગ્ટન ડીસી, અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ ચીન,ભારત સહિત ૧૬ દેશો પર નવો ટેરિફ ઝીંકવાની તૈયારી કરી રહ્યા છે. આ દેશો પર સરકારી સબસિડી અને બીજી આર્થિક મદદ દ્વારા તેમના ઘરેલું ઉદ્યોગોને પ્રોત્સાહન આપી રહ્યાનો આરોપ છે. જેના કારણે અમેરિકાની કંપનીઓને આંતરરાષ્ટ્રીય માર્કેટમાં નુકસાન વેઠવું પડી રહ્યું છે.

એક રિપોર્ટ મુજબ, અમેરિકન વેપારી પ્રતિનિધિ જેમિસન ગ્રીસ આ સપ્તાહે અનેક દેશોની ઔદ્યોગિક સબસિડીને લઈ કરવામાં આવેલી તપાસના પરિણામો જાહેર કરી શકે છે. આ તપાસમાં ચીન, યુરોપીય સંઘ અને ૧૪ અન્ય દેશોને સામેલ કરાયા છે. જોકે સૂત્રોનું કહેવું છે કે, આ તારીખમાં બદલાવ પણ થઈ શકે છે. રિપોર્ટમાં જણાવવામાં આવ્યા મુજબ, યુરોપીય સંઘ, જાપાન અને દક્ષિણ કોરિયા પર ૧૫ ટકા કે તેનાથી વધારે ટેરિફ લગાવવામાં આવી શકે છે. તેના દર ટ્રમ્પ તંત્ર સાથે થયેલી વેપાર સમજૂતીની શરતો પર નિર્ભર રહેશે. અમેરિકન અધિકારીઓ મુજબ ચીનમાં ઉદ્યોગોને મોટા પાયે સરકારી સબસિડી આપવામાં આવે છે. જેની વૈશ્વિક બજારમાં ખૂબ મોટી અસર પડે છે. પ્રસ્તાવિત ટેરિફ આ દેશોમાંથી અમેરિકા આવતા મોટાભાગના સામાન પર લાગુ થઈ શકે છે. જોકે, સ્ટીલ, એલ્યુમિનિયમ અને ઓટોમોબાઈલ જેવા કેટલાક ઔદ્યોગિક ઉત્પાદનોને આમાંથી મુક્તિ મળવાની શક્યતા છે.

આ ઉત્પાદનો પર અમેરિકા પહેલાથી જ રાષ્ટ્રીય સુરક્ષા સંબંધિત જોગવાઈઓ હેઠળ ડ્યુટી લગાવી ચૂક્યું છે. હાલમાં નવા ટેરિફના દરો નક્કી થયા નથી. જોકે, ટ્રમ્પ વહીવટીતંત્રના અધિકારીઓએ સંકેત આપ્યા છે કે તેના દરો ૨૦૨૫માં લગાવવામાં આવેલા શરૂઆતના ટેરિફ જેવા હોઈ શકે છે.

સેન્સેક્સમાં ૧૪૩૪, નિફ્ટીમાં ૪૦૭ પોઈન્ટનો જબ્બર ઉછાળો

ટ્રમ્પની ટેરિફ ધમકીને અવગણીને ભારતીય શેરબજારમાં જબરદસ્ત તેજીનો માહોલ



મુંબઈ, અમેરિકા દ્વારા ટેરિફ લાદવાની સતત મળી રહેલી ધમકીઓ અને વૈશ્વિક અનિશ્ચિતતા વચ્ચે પણ આજે ભારતીય શેરબજારમાં જબરદસ્ત તેજી અને હરિયાળી જોવા મળી છે. સપ્તાહના કારોબારી દિવસે બજાર ખુલતાની સાથે જ રોકાણકારોની ચોતરફી લેવાલી નીકળતા બીએસઈ સેન્સેક્સમાં ૧૪૩૪ પોઈન્ટ અને એનએસઈ નિફ્ટીમાં ૪૦૭ પોઈન્ટ સુધીનો તોતિંગ ઉછાળો નોંધાયો હતો. ઉલ્લેખનીય છે કે સોમવારે સ્ટોક માર્કેટમાં મોટો કડાકો બોલાઈ ગયો હતો. સેન્સેક્સમાં ૧૮૦૦થી વધુ પોઈન્ટની ઉથલપાથલ મચી હતી.

બીએસઈ સેન્સેક્સ ગત સત્રના ૮૨,૪૩૫.૯૯ ના જૂના બંધ ભાવ સામે આજે ૧૦૦૦ પોઈન્ટથી વધુના ગેપ-અપ સાથે ૮૩,૪૩૬.૮૯ ના સ્તરે ખૂલ્યો હતો. કારોબારની શરૂઆતમાં નીચામાં ૮૩,૩૮૦.૭૫ ના સ્તરે ગયા બાદ બજારમાં જોરદાર ખરીદી નીકળી હતી અને સેન્સેક્સ ૧૪૩૪ પોઈન્ટ ઉછળીને ૮૩,૮૬૯.૬૦ ની ઊંચી સપાટીને સ્પર્શી ગયો હતો. ઉલ્લેખનીય છે કે સેન્સેક્સની ૫૨ સપ્તાહની ઊંચી સપાટી ૮૬,૧૫૯.૦૨ અને નીચી સપાટી ૭૧,૨૯૨.૮૮ રહી છે.

સેન્સેક્સની જેમ એનએસઈ નિફ્ટી ૫૦ માં પણ શરૂઆતથી જ તેજીનો માહોલ જોવા મળ્યો હતો. નિફ્ટી તેના ૨૫,૩૪૯.૬૫ના જૂના બંધ ભાવ સામે આજે ૨૫,૬૫૮.૩૫ ના સ્તરે ખૂલ્યો હતો. કારોબાર દરમિયાન નીચામાં ૨૫,૬૧૯.૦૦ સુધી ગયા બાદ નિફ્ટીમાં ૪૦૭ પોઈન્ટનો ઉછાળો આવ્યો હતો અને તે ૨૫,૭૫૬.૦૦ ની ઊંચી સપાટીએ પહોંચ્યો હતો. નિફ્ટીની ૫૨ સપ્તાહની ઊંચી સપાટી ૨૬,૩૭૩.૨૦ અને નીચી સપાટી ૨૨,૧૭૯.૯૦ છે.

વિદેશી સંસ્થાકીય રોકાણકારોની વેચવાલી સામે સ્થાનિક ફંડ્સ અને રિટેલ રોકાણકારોની સતત ખરીદીએ બજારને મજબૂત ટેકો પૂરો પાડ્યો છે.

સોના-ચાંદીના ભાવમાં મંદી યથાવત

બે દિવસમાં સોનુ ૧૦ ગ્રામમાં ૩૮૯૦, ચાંદી ૧ કિલોમાં ૯૬૬૫નો કડાકો



મુંબઈ, સ્થાનિક વાયદા બજારમાં સોના અને ચાંદીના ભાવમાં મંગળવારના મોટા ઘટાડા બાદ બુધવારે પણ મંદીનો દોર જારી રહ્યો છે. બે દિવસમાં જ કિંમતી ધાતુઓમાં મોટો કડાકો બોલાઈ જતાં રોકાણકારોમાં ભારે સળવળાટ જોવા મળી રહ્યો છે. જોકે આ કડાકો ૨૪ કલાકથી પણ ઓછા સમયમાં બોલાયો છે કેમ કે મંગળવારે ગુરુ નાનક જયંતિને કારણે શેરબજાર બંધ હતું અને સાંજે ૫ વાગ્યે કોમોડિટી માર્કેટમાં ટ્રેડિંગ શરૂ થયું હતું. બુધવારે બજાર ખૂલતાની સાથે જ બંને કિંમતી ધાતુઓ વધુ સસ્તી થઈ હતી.

સોનું (૧૦ ગ્રામ): ગઈકાલના બંધ ભાવ ૧૨૨,૩૨૯ રૂપિયા સામે બુધવારે સોનું ૧૨૧,૯૦૦ રૂપિયા પર ખૂલ્યું હતું. દિવસ દરમિયાન ૧૨૨,૧૨૦ રૂપિયાનો હાઈ અને ૧૨૧,૭૫૦ રૂપિયાનો નીચલો સ્તર બનાવીને સોનું ૫૩૯ રૂપિયા સસ્તું થયું છે. ચાંદી (૧ કિલો): ગઈકાલના બંધ ભાવ ૧૪૫,૪૩૮ રૂપિયા સામે ચાંદી ૧૪૫,૦૦૩ રૂપિયા પર ખૂલી હતી. દિવસ દરમિયાન ૧૪૫,૩૮૬ રૂપિયાનો હાઈ અને ૧૪૪,૪૫૩ રૂપિયાનો નીચલો સ્તર બનાવીને ચાંદી વધુ ૯૮૫ રૂપિયા ઘટી છે. મંગળવાર અને બુધવારના કારોબારી દિવસોને સરખાવતાં કિંમતી ધાતુઓના ભાવમાં જંગી ઘટાડો નોંધાયો છે.

ચીનની મદદથી અંતરિક્ષમાં પાકિસ્તાનની થઈ એન્ટ્રી:પ્રથમ અવકાશયાત્રી મોહમ્મદ જીશાન અલી અંતરિક્ષ માટે રવાના



ઈસ્લામાબાદ, પાકિસ્તાનના પ્રથમ અવકાશયાત્રી મોહમ્મદ જીશાન અલી બુધવારે ચીનની મદદથી અવકાશ માટે રવાના થઈ ગયા છે. તેઓ ચીનના શેનઝોઉ-૨૪ મિશનમાં સામેલ છે. આ મિશન સાથે તેઓ ચીનના તિયાંગોંગ સ્પેસ સ્ટેશન પર જનાર પ્રથમ વિદેશી અવકાશયાત્રી બની ગયા છે. સ્ટેશન પર તેઓ પાકિસ્તાન તરફથી પસંદ કરાયેલા ૪ વૈજ્ઞાનિક પ્રયોગો કરશે. ચીને તેમના ભોજનનું પણ ખાસ ધ્યાન રાખ્યું છે. તેમના માટે હલાલ ભોજનની વ્યવસ્થા કરવામાં આવી છે.

જીશાન સાથે ચીનના બે અવકાશયાત્રીઓ તાંગ હોંગબો અને વુ યી પણ ગયા છે.

તાંગ હોંગબો આ મિશનની કમાન સંભાળી રહ્યા છે. જીશાનની જવાબદારી વૈજ્ઞાનિક પ્રયોગો પૂર્ણ કરવાની રહેશે. તેઓ લગભગ એક અઠવાડિયા સુધી સ્પેસ સ્ટેશન પર રહેશે.પાકિસ્તાને આ મિશન માટે જીશાન અલી અને ખુર્રમ દાઉદની પસંદગી કરી હતી. બંનેએ ચીનમાં ઘણા મહિનાઓ સુધી તાલીમ લીધી. ત્યારબાદ જીશાનને મિશન માટે અંતિમ રીતે પસંદ કરવામાં આવ્યા, જ્યારે ખુર્રમને બેકઅપ અવકાશયાત્રી બનાવવામાં આવ્યા. બુધવારે સવારે જીશાન અલીએ ચીનના જિયુક્વાન સેટેલાઇટ લોન્ચ સેન્ટરથી ઉડાન ભરી. તેમને લોંગ માર્ચ-૨એફ રૉકેટ દ્વારા અવકાશમાં મોકલવામાં આવ્યા.આ મિશન માટે પાકિસ્તાને ચીનની મદદ લેવી પડી, કારણ કે તેની પાસે મનુષ્યોને અવકાશમાં મોકલવા માટેનું પોતાનું રૉકેટ કે અવકાશયાન નથી. હવે જીશાન ચીની અવકાશયાત્રીઓ સાથે તિયાંગોંગ સ્પેસ સ્ટેશન પર મિશનનો ભાગ બનશે. પાકિસ્તાનના આયોજન મંત્રી અહસાન ઈકબાલે બંનેની પ્રશંસા કરી અને જીશાનને અભિનંદન પાઠવ્યા હતા.

શેખ હસીનાની વાપસીના એલાનથી બાંગ્લાદેશમાં ભડકો, ૨૭-૨૮ નવેમ્બરે અવામી લીગનું દેશવ્યાપી બંધનું એલાન

અવામી લીગે પ્રતિબંધ હટાવવા અને શેખ હસીના સહિત નેતાઓ સામેના કેસો પાછા ખેંચવાની કરી માંગ

ઢાકા, બાંગ્લાદેશના પૂર્વ વડા પ્રધાન શેખ હસીના ફરી પોતાના દેશમાં પાછ ફરશે તેવું એલાન કરવામાં આવતા અત્યારે હિંસા ભડકી ઉઠી છે. બાંગ્લાદેશ અત્યારે ફરી એકવાર હિંસામાં હોમાઈ રહ્યું છે. આ દરમિયાન અવામી લીગ દ્વારા તારીખ ૨૭ અને ૨૮ નવેમ્બરે બાંગ્લાદેશમાં સંપૂર્ણ બંધનું એલાન કર્યું છે, તો સામે દેશમાં અલગ અલગ જગ્યાએ હિંસા પણ શરૂ થઈ છે. આવી સ્થિતિમાં સરકાર સામે એક મોટો પડકાર છે.

બાંગ્લાદેશમાં પૂર્વ વડાપ્રધાન શેખ હસીનાની પાર્ટી અવામી લીગ દ્વારા બંધનું એલાન કરવામાં આવ્યું તે પછી હિંસા શરૂ થઈ છે. અવામી લીગની માંગ છે કે, શેખ હસીના અને પાર્ટીના નેતાઓ સામે કરવામાં આવેલા દરેક કેસના પાછા લેવામાં આવે અને પાર્ટી પર લાગેલા પ્રતિબંધને પણ હટાવી દેવામાં આવે! નોંધનીય છે કે, સત્તાપરિવર્તન થયાં બાદ શેખ હસીના દેશ છોડીને ભારત આવી ગયાં હતાં. આ દરમિયાન બાંગ્લાદેશમાં આવેલી નવી સરકારે અવામી લીગ પાર્ટી પર પ્રતિબંધ મૂકી દીધો અને શેખ હસીના પર અનેક કેસો દાખલ કરી દીધા હતાં. મીડિયા રિપોર્ટ્સ પ્રમાણે મંગળવારે બાંગ્લાદેશમાં અવામી લીગ દ્વારા મશાલ માર્ચ કાઢવામાં આવી હતી. આ સાથે આજે મોટું પ્રદર્શન કરવામાં આવશે તેવું પણ એલાન કર્યું હતું. શેખ હસીનાને બાંગ્લાદેશમાં પાછા લાવવા માટે અવામી લીગ દ્વારા આ આંદોલન કરવામાં આવી રહ્યું છે. સૂત્રો અને મીડિયા રિપોર્ટ્સ પ્રમાણે શેખ હસીના આગામી ૧૬ ડિસેમ્બરે બાંગ્લાદેશમાં ૧૯૭૧ના મુક્તિ સંગ્રામની વર્ષગાંઠના પ્રસંગે પાછા ફરશે. જેને લઈને અત્યારે બાંગ્લાદેશમાં વાતાવરણ હિંસાત્મક બન્યું છે. શેખ હસીનાની વાપસી અંગેની જાહેરાતો વચ્ચે બાંગ્લાદેશ જમાત-એ-ઈસ્લામીના વડા શફીકુર રહેમાન ઓસ્ટ્રેલિયા અને મલેશિયાનો પોતાનો પ્રવાસ અધવચ્ચેથી ટૂંકાવીને દેશ પરત ફરી રહ્યા છે. આજે તેઓ વડાપ્રધાન તારિક રહેમાન સાથે મુલાકાત કરવાના છે, જેમાં ભૂતપૂર્વ વડાપ્રધાન શેખ હસીનાની વાપસી અને બાંગ્લાદેશમાં વધી રહેલા તણાવ અંગે ચર્ચા કરવામાં આવશે.

આ દરમિયાન, અવામી લીગે કેટલીક માંગણીઓ રજૂ કરી છે. જેમાં મોંઘવાલી, રોજગારી, અવામી લીગના કાર્યકર્તાઓ પર થયેલા કેસ પાછા લેવા, વીજળી, ગેસ, પાણી, ઈંધણ અને ખાદ્ય વસ્તુઓના ભાવ ઓછા કરવા, મહિલાઓ, બાળકો અને અલ્પસંખ્યકોની રક્ષા કરવામાં આવે! આ સાથે ઉગ્રવાદીઓ અને આતંકવાદીઓ પર કાર્યવાહી કરવામાં આવે અને લશ્કરી અને નાગરિક અધિકારીઓ તેમજ પત્રકારો સામેના કથિત ખોટા કેસો પાછા ખેંચી લેવા સાથે પ્રેસની સ્વતંત્રતા સુનિશ્ચિત થાય તેવી માંગણી કરવામાં આવી છે.

દિવ્ય સંયોગ: પૂર્ણ ચંદ્ર, સોમનાથ મંદિરનું શિખર અને જ્યોર્તિલિંગ એક જ રેખામાં

કાર્તિકી પૂર્ણિમાની મધ્યરાત્રિએ મહાઆરતી-શંખનાદ, વર્ષમાં એક જ વાર જોવા મળતા દિવ્ય સંયોગના સાક્ષી બન્યાં શ્રદ્ધાળુઓ



ગીર સોમનાથ, પ્રભાસ તીર્થ સ્થિત પ્રથમ જ્યોર્તિલિંગ સોમનાથ મહાદેવના સાનિધ્યમાં કાર્તિકી પૂર્ણિમાના પવિત્ર પર્વે પ્રકૃતિ અને પરમાત્માના આધ્યાત્મિક સંયોગનાં દર્શન કરવા મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઉમટી પડ્યા હતા. મધ્યરાત્રિએ સર્જાયેલા આ નજારાએ સમગ્ર મંદિર પરિસરને ભક્તિમય બનાવી દીધું હતું .કાર્તિકી પૂર્ણિમાની મધ્યરાત્રિએ બરાબર ૧૨ વાગ્યે આકાશમાં પૂર્ણ ચંદ્ર સોમનાથ મંદિરના શિખરની સીધી રેખામાં આવી પહોંચ્યા હતા. જાણે ચંદ્ર પોતાના આરાધ્ય ભગવાન સોમનાથ મહાદેવના જ્યોર્તિલિંગ પર અમૃતવર્ષા કરી રહ્યા હોય તેવો દ્રશ્ય સર્જાયો હતો. આ દિવ્ય ક્ષણને નિહાળવા મંદિર પરિસર સહિત આસપાસના વિસ્તારોમાં મોટી સંખ્યામાં ભાવિકો એકત્રિત થયા હતા.

સોમનાથ મહાદેવ અને ચંદ્ર વચ્ચેનો પૌરાણિક સંબંધ કાર્તિકી પૂર્ણિમાના પર્વને આ તીર્થમાં વિશેષ ધાર્મિક મહત્ત્વ આપે છે. પૌરાણિક માન્યતા અનુસાર ચંદ્રએ ભગવાન શિવની આરાધના અને તપશ્ચર્યા કરી હતી. ચંદ્રની આ તપોભૂમિ સાથે જોડાયેલી પરંપરાને કારણે જ આ ક્ષેત્ર પ્રભાસ તીર્થ અને ભગવાન શિવ સોમનાથ તરીકે ઓળખાય છે. આથી કાર્તિકી પૂર્ણિમાની મધ્યરાત્રિએ પૂર્ણ ચંદ્રના દર્શન ભક્તો માટે વિશેષ શ્રદ્ધા અને આસ્થાનું કેન્દ્ર બન્યા હતા.

આ પ્રસંગે મધ્યરાત્રિએ ૧૨ વાગ્યે સોમનાથ મહાદેવની ભવ્ય મહાઆરતી યોજાઈ હતી. મંત્રોચ્ચાર, શંખનાદ અને ઘંટારવના દિવ્ય નાદ વચ્ચે મહાઆરતીના દર્શન કરી ભાવિકોએ ધન્યતાની અનુભૂતિ કરી હતી. એક તરફ ભગવાન સોમનાથની ભવ્ય મહાઆરતી અને બીજી તરફ મંદિરના શિખરની સીધી રેખામાં પૂર્ણ ચંદ્રના દર્શનનો સંયોગ શ્રદ્ધાળુઓ માટે યાદગાર બની રહ્યો હતો

સોમનાથ ટ્રસ્ટ દ્વારા કાર્તિકી પૂર્ણિમા નિમિત્તે આયોજિત ૫ દિવસીય ધાર્મિક અને સાંસ્કૃતિક કાર્યક્રમોની શ્રેણીમાં આ ચંદ્રદર્શનનો નજારો વિશેષ આકર્ષણ બન્યો હતો. સમગ્ર પ્રભાસ તીર્થમાં હર હર મહાદેવ અને જય સોમનાથના ગગનભેદી જયઘોષ સાથે ભક્તિમય માહોલ છવાયો હતો.

તહેવારોને પરિણામે ઓકટોબરમાં ક્રેડિટ કાર્ડસ મારફતના ખર્ચમાં ૨૦% વધારો

મુંબઈ, નવરાત્રી- દિવાળી નિમિત્તેની ખરીદીમાં વધારાની સાથોસાથ ક્રેડિટ કાર્ડસ મારફતના ખર્ચમાં પણ વૃદ્ધિ જોવા મળી છે. ગત મહિને નવા ક્રેડિટ કાર્ડસ જારી કરવાની સંખ્યા પણ બમણી જોવા મળી હોવાનું રિઝર્વ બેન્કના ડેટા જણાવે છે. સપ્ટેમ્બરની સરખામણીએ ઓકટોબરમાં ક્રેડિટ કાર્ડસ મારફતનો ખર્ચ વીસ ટકા વધી રૂપિયા ૨.૪૫ લાખ કરોડ રહ્યો છે. સપ્ટેમ્બરમાં આ આંક રૂપિયા ૨.૦૪ લાખ કરોડ જોવા મળ્યો હતો.ગયા વર્ષના ઓકટોબરની સરખામણીએ વર્તમાન વર્ષના સમાન ગાળામાં ક્રેડિટ કાર્ડસ મારફતના ખર્ચમાં ૧૪.૪૦ ટકા વધારો થયો છે.



નળ સરોવર પુનર્વિકાસ પ્રોજેક્ટ પૂર્ણતાના આરે; ટૂંક સમયમાં બોટિંગ સુવિધા પુનઃ શરૂ કરાશે

વન અને પર્યાવરણ મંત્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ યાયાવર પક્ષીઓના સંરક્ષણ, જૈવવિવિધતાની જાળવણી અને ઇકો-ટુરિઝમને પ્રોત્સાહન આપવા અધિકારીઓને જરૂરી માર્ગદર્શન આપ્યું

અમદાવાદ,

વન અને પર્યાવરણ મંત્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ અમદાવાદ જિલ્લાના નળ સરોવર પક્ષી અભયારણ્યની મુલાકાત લઈ, ત્યાં ચાલી રહેલાં વિકાસકામો, પ્રવાસન માળખાકીય સુવિધાઓ તથા પર્યાવરણીય સંરક્ષણની કામગીરીની સમીક્ષા કરી હતી.

અમદાવાદ જિલ્લાના નળ સરોવર પક્ષી અભયારણ્યને તેના પ્રાકૃતિક સૌંદર્ય, સમૃદ્ધ જૈવવિવિધતા અને દેશ-વિદેશથી આવતા યાયાવર પક્ષીઓના આગમનને કારણે વિશેષ ઓળખ પ્રાપ્ત થઈ છે. આ કુદરતી ધરોહરને વધુ સુવિધાસભર, આધુનિક અને પ્રવાસીઓ માટે આકર્ષક સ્થળ તરીકે



વિકસાવવા રાજ્ય સરકાર દ્વારા વિવિધ વિકાસકામો હાથ ધરવામાં આવી રહ્યાં છે.

જે અંતર્ગત, વન અને પર્યાવરણ મંત્રીના અર્જુનભાઈ મોઢવાડિયાએ નળ સરોવર ખાતે હાથ ધરવામાં આવેલાં વિવિધ વિકાસકામો અને પ્રવાસીઓ માટે ઊભી કરવામાં આવી રહેલી સુવિધાઓ જેવી કે કેન્ટીન, ઈન્ટરપ્રિટેશન સેન્ટર, ગ્રીનઝોન, બોટિંગ જેટી, બર્ડ્વ્યુ પોઈન્ટ વગેરેનું નિરીક્ષણ કર્યું હતું.

નળ સરોવરની કુદરતી ઓળખ અને પર્યાવરણીય સમતુલા જાળવી રાખવાની સાથે તેને વધુ સુવિધાસભર પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવાની દિશામાં હાથ ધરવામાં આવેલી કામગીરી અંગે તેમણે વિગતો મેળવી હતી.

આ પ્રસંગે વન અને પર્યાવરણ મંત્રીના અધ્યક્ષસ્થાને વન વિભાગ અને સ્થાનિક વહીવટી તંત્રના અધિકારીઓ સાથે સમીક્ષા બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં નળ સરોવરના સંરક્ષણ, વિકાસકામોની પ્રગતિ, પ્રવાસીઓ માટેની સુવિધાઓ તથા આગામી સમયમાં હાથ ધરાનારી વિવિધ પહેલ અંગે વિસ્તૃત ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે, નળ સરોવર શિયાળાની ઋતુમાં દેશ-વિદેશથી આવતા હજારો યાયાવર પક્ષીઓનું મહત્ત્વપૂર્ણ આશ્રયસ્થાન છે. આ પક્ષીઓના સુરક્ષિત વસવાટ માટે અનુકૂળ વાતાવરણ જાળવવું, તેમના કુદરતી રહેઠાણનું સંરક્ષણ કરવું તેમજ અભયારણ્યની સમૃદ્ધ જૈવવિવિધતા ટકાવી રાખવી જેવી બાબતોને વિશેષ પ્રાધાન્ય આપવા વનમંત્રીએ અધિકારીઓને સૂચના આપી હતી.

ગાંધીનગરમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગુરૂદ્વારામાં ઝુકાવ્યું શીશ; રાજ્યની સમૃદ્ધિ માટે પ્રાર્થના કરી

ગાંધીનગર,

પોર ગામે શીખ ધર્મના પ્રથમ ગુરુ અને સ્થાપક સંત ગુરૂ નાનક દેવની ૫૫૭મી જયંતિ એટલે કે ગુરૂપુરબના પાવન અવસરે ધાર્મિક માહોલમાં ઉજવણી કરવામાં આવી હતી. આ નિમિત્તે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પોર ગામે આવેલા ગુરુદ્વારા ખાતે ઉપસ્થિત રહી શ્રદ્ધાભાવપૂર્વક દર્શન અને પૂજન-અર્ચન કર્યા હતા. આ દરમિયાન તેમણે પવિત્ર ગુરૂ ગ્રંથ સાહિબ સમક્ષ શીશ ઝુકાવી રાજ્યના નાગરિકોની સુખ-સમૃદ્ધિ, શાંતિ, એકતા અને ગુજરાતના અવિરત વિકાસ માટે વિશેષ અરદાસ કરી હતી.

ગુરૂ નાનક દેવની ૫૫૭મી જન્મજયંતિના પાવન અવસરે પોરના ગુરુદ્વારા ખાતે ભક્તિભાવ અને શ્રદ્ધાનો માહોલ જોવા મળ્યો હતો. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગુરુદ્વારામાં પ્રવેશ કરી પવિત્ર ગુરૂ ગ્રંથ સાહિબના દર્શન કર્યા હતા. ત્યારબાદ તેમણે શીશ ઝુકાવી રાજ્યના તમામ નાગરિકોના સુખાકારીભર્યા જીવન માટે પ્રાર્થના કરી હતી. ગુજરાતમાં શાંતિ, સામાજિક એકતા, ભાઈચારો અને વિકાસની ગતિ સતત જળવાઈ રહે તેવી ભાવના સાથે તેમણે અરદાસ કરી હતી.

આ પ્રસંગે ગુરૂદ્વારા પ્રબંધક સમિતિના મુખ્ય સેવક ગુરુપ્રીતસિંહ ધિલ્લોન તથા પરમજીતકૌર છાબડા દ્વારા મુખ્યમંત્રીનું પરંપરાગત રીતે સ્વાગત કરવામાં આવ્યું હતું. તેમને ખેસ-સરોપા અને શાલ ઓઢાડીને સન્માનિત કરવામાં આવ્યા હતા. સાથે જ અમૃતસર સ્થિત સુવર્ણ મંદિરની પ્રતિકૃતિ ભેટ સ્વરૂપે અર્પણ કરવામાં આવી હતી. ગુરુદ્વારા પ્રબંધક સમિતિના સભ્યો દ્વારા મુખ્યમંત્રીનું ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું.

ગુરૂ નાનક દેવએ આપેલા સમાનતા, માનવતા, સેવા, ભાઈચારો અને પરસ્પર પ્રેમના સંદેશને યાદ કરી આ પાવન પ્રસંગે ઉપસ્થિત સૌએ ધાર્મિક શ્રદ્ધા વ્યક્ત કરી હતી. શીખ ધર્મમાં સેવા અને સમર્પણનું વિશેષ મહત્ત્વ રહેલું છે.

બાળકોમાં મૂલ્યશિક્ષણ અને સદગુણોના વિકાસ માટે GCERTની વિશેષ પહેલ

ગાંધીનગર,

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP-2020) અંતર્ગત ભારતીય જ્ઞાન પ્રણાલી (IKS) દ્વારા બાળકોમાં મૂલ્યશિક્ષણની સમજ કેળવાય, ભારતીય સંસ્કૃતિ પ્રત્યે ગૌરવભાવ જાગે તેમજ સદગુણો અને જીવનમૂલ્યોનો વિકાસ થાય તેવા વિશેષ અભિગમ સાથે જ્ઞઈઈ, ગાંધીનગર દ્વારા રાજ્યવ્યાપી પહેલ હાથ ધરવામાં આવી છે.

શાળાઓમાં યોજાતા આનંદદાયી શનિવાર અને બેગલેસ ડેની વિવિધ પ્રવૃત્તિઓ માટે પૂરક શૈક્ષણિક સામગ્રી ઉપલબ્ધ થાય અને વિદ્યાર્થીઓને પ્રવૃત્તિઓના માધ્યમથી ભારતીય જ્ઞાન, સંસ્કૃતિ, પરંપરા અને જીવનમૂલ્યો સાથે જોડવાની તક મળે તે આ કામગીરીનો વિશેષ હેતુ છે.

તા. ૨૦ નવેમ્બર, ૨૦૨૬ના જ્ઞઈઈના પરિપત્ર દ્વારા આ અંગેની વિગતવાર માર્ગદર્શિકા રાજ્યના તમામ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનો (DIET)ને આપવામાં આવી છે. આ કામગીરીના સુચારુ આયોજન અને અમલીકરણ માટે દરેક ઢૈંઈ ખાતે એક અધ્યાપકને જિલ્લા નોડલ ઓફિસર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.

આ પહેલ અંતર્ગત દરેક જિલ્લાએ પોતાના ઐતિહાસિક વારસા, સંસ્કૃતિ, લોકસાહિત્ય, લોકકલા, મહાનુભાવો, પરંપરાઓ અને સ્થાનિક જ્ઞાનને આવરી લેતું પૂરક શૈક્ષણિક સાહિત્ય તૈયાર કરવાનું રહેશે. આ કામગીરીમાં શિક્ષકો અને વિષય નિષ્ણાતોનો સહયોગ લેવામાં આવશે. વર્ષ ૨૦૨૭-૨૮ સુધીમાં આ સાહિત્ય તૈયાર કરી તેનું અમલીકરણ કરવાનું આયોજન છે.

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીની અધ્યક્ષતામાં ઈનિશિયેટિવ ફોર રિસર્ચ એન્ડ ઈનોવેશન ઈન સ્ટેમ નેશનલ ફેરનું સમાપન

૨૨ રાજ્યોમાંથી ૧૪૪ યુવા સંશોધકો દ્વારા વિવિધ શ્રેણીના ૧૨૦ ઉત્કૃષ્ટ સંશોધન પ્રોજેક્ટ્સ રજૂ કરાયા

અમદાવાદ,

EXSTEMPLAR એજ્યુકેશન લિંકર્સ ફાઉન્ડેશન દ્વારા આયોજિત અને ઝાયડસ લાઈફસાયન્સિસ લિમિટેડ દ્વારા સંચાલિત "ઈંજી નેશનલ ફેર ૨૦૨૬-૨૭નું આયોજન ૨૨ થી ૨૪ નવેમ્બર ૨૦૨૬ દરમિયાન વિજ્ઞાન ભવન, ગુજરાત સાયન્સ સિટી, અમદાવાદ ખાતે કરવામાં આવ્યું હતું. આ ફેરનો સમાપન સમારોહ નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીની અધ્યક્ષતામાં યોજાયો હતો, જેમાં ભારતની ઉભરતી વૈજ્ઞાનિક પ્રતિભાઓની સિદ્ધિઓની ઉજવણી કરીને તેમને એવોર્ડ્સથી સન્માનિત કરવામાં આવ્યા હતા.



સમાપન સમારોહમાં ઉપસ્થિત દેશભરના યુવા સંશોધકોને આવકારતા નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, આજના ડિજિટલ યુગમાં બાળકો અને યુવાનોના 'સ્ક્રીન ટાઈમ'ને રચનાત્મક અને ઉપયોગી દિશામાં વાળવો એ સૌથી મોટો પડકાર છે, ત્યારે IRIS નેશનલ ફેર જેવા પ્લેટફોર્મ દ્વારા વિદ્યાર્થીઓએ જે આત્મવિશ્વાસ અને ઊંડાણપૂર્વકના સંશોધન સાથે પોતાના પ્રોજેક્ટ્સ રજૂ કર્યા છે, તે ખરેખર પ્રશંસનીય છે. ગ્રામીણ અને શહેરી વિસ્તારોના ભેદભાવ વગર તમામ વિદ્યાર્થીઓને મળી રહેલી તક અંગે આનંદ વ્યક્ત કરતા તેમણે ઉમેર્યું હતું કે, આ ફેરમાં માત્ર મોટા શહેરો કે આંતરરાષ્ટ્રીય શાળાઓના જ નહીં, પરંતુ નાના ગામડાંઓમાંથી આવેલા અને મર્યાદિત સુવિધાઓ વચ્ચે પણ અદભુત સંશોધન કરનારા વિદ્યાર્થીઓએ ભાગ લીધો છે.

સુમુલના ઇતિહાસમાં પ્રથમવાર દૂધના ખરીદ ભાવમાં પ્રતિ કિલો ફેટે ૫૦ રૂપિયાનો વધારો

સુરત,

સુમુલ ડેરીના ૭૫ વર્ષના ઇતિહાસમાં પ્રથમવાર દૂધના ખરીદ ભાવમાં પ્રતિ કિલો ફેટે રૂ. ૫૦નો માતબર વધારો કરવામાં આવ્યો છે. દેવદિવાળીના પવિત્ર અવસરે સુમુલ ડેરી દ્વારા સુરત અને તાપી જિલ્લાના ૨.૫૦ લાખ પશુપાલકોને મોટી ભેટ આપવામાં આવી છે.

આ બાબતે સુમુલ ડેરીના ચેરમેન કાંતિભાઈ ગામિત અને વાઇસ ચેરમેન ભરતસિંહ સોલંકીના નેતૃત્વમાં મળેલી બોર્ડ બેઠકમાં આ ભાવવધારાને સર્વાનુમતે મંજૂરી આપવામાં આવી છે. આ નિર્ણય હેઠળ ગાયના દૂધનો ખરીદ ભાવ રૂ. ૯૦૦થી વધારીને રૂ. ૯૫૦ પ્રતિ કિલો ફેટ કરવામાં આવ્યો છે, જ્યારે ભેંસના દૂધનો ભાવ રૂ. ૯૩૦થી વધારીને રૂ. ૯૮૦ પ્રતિ કિલો ફેટ કરાયો છે.

"દેવદિવાળીએ પશુપાલકો માટે ખૂબ સારો નિર્ણય લેવાયો છે. ભેંસ અને ગાય બંનેના દૂધમાં કિલો ફેટે રૂ. ૫૦નો વધારો કરીને ઘાસચારા, દાણ અને ઉત્પાદનના વધતા ખર્ચ સામે પશુપાલકોને મોટી રાહત આપી છે. તેમણે ઉમેર્યું કે, મેનેજમેન્ટના આ નિર્ણયને પશુપાલક તરીકે અમે વધાવીએ છીએ અને ભેંસના દૂધના રૂ. ૯૮૦ના ભાવ સાથે સમગ્ર ગુજરાતમાં પ્રથમ હરોળનો ઐતિહાસિક ભાવ આપીને પશુપાલકોનો રાજીપો મેળવ્યો છે. આ ભાવવધારાને કારણે પશુપાલકોની આવકમાં મોટો વધારો થવાનો છે અને પશુપાલકોમાં ખુશીનું વાતાવરણ છવાયું છે." - જયેશભાઈ દેલાડ, પૂર્વ ડિરેક્ટર સુમુલ સુરત

સુરતના ONGC બ્રિજ નજીક કેમિકલ ભરેલું ટેન્કર પલટી મારી જતાં અફરાતફરીનો માહોલ સર્જાયો

સુરત,

ONGC બ્રિજ નજીક કેમિકલ ભરેલું ટેક્કર પલટી મારી જતાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. ઁસ્ઝ કંપની નજીક બનેલી આ ઘટનાને પગલે વાહનચાલકોમાં ભયનો માહોલ જોવા મળ્યો હતો. ટેક્કરમાં મોનો ગ્લાયકોલ નામનું કેમિકલ ભરેલું હોવાથી ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને ફાયર વિભાગની ટીમો પણ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી.

આ ઘટના મામલે મળતી માહિતી અનુસાર, કેમિકલ ભરેલું ટેક્કર ઁસ્ઝ બ્રિજ નજીકથી પસાર થઈ રહ્યું હતું. આ દરમિયાન અચાનક ટેક્કર પલટી મારી જતાં રસ્તા પર આડું પડ્યું હતું. ટેક્કરમાં મોનો ગ્લાયકોલ નામનું કેમિકલ લોડ કરવામાં આવ્યું હતું. ટેક્કર પલટી



જતાં આસપાસના વિસ્તારમાં દોડધામ મચી ગઈ હતી. ઘટનાની જાણ થતાં જ ફાયર વિભાગની ટીમો તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી. કેમિકલ ભરેલું ટેક્કર હોવાથી જરૂરી તકેદારી સાથે પરિસ્થિતિનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. બીજી તરફ, રસ્તા પર પલટી ગયેલા ટેક્કરને હટાવવાની કામગીરી માટે તંત્ર દ્વારા પ્રયાસો શરૂ કરવામાં આવ્યા હતા.

ટ્રેલરની મદદથી ટેક્કરને હટાવવાની તૈયારી હાથ ધરવામાં આવી

જોકે, ઘટનાને બે કલાકથી વધુનો સમય વીતી જવા છતાં ટેક્કરને રસ્તા પરથી હટાવી શકાયું નહોતું. ટેક્કરને સીધું કરી સુરક્ષિત રીતે દૂર કરવા માટે ખાસ ટ્રેલર મગાવવામાં આવ્યું હતું.

સુરતના સહારા દરવાજા પાસે બ્રિજ નીચે પસાર થઈ રહેલી SMCની સિટી બસમાં અચાનક આગ

સુરત,

સુરત શહેરમાં સિટી બસમાં આગ લાગવાની ગંભીર ઘટના સામે આવી છે. સહારા દરવાજા પાસે બ્રિજ નીચે પસાર થઈ રહેલી સુરત મહાનગરપાલિકા (SMC)ની સિટી બસમાં અચાનક આગ ફાટી નીકળી હતી. જોતજોતામાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરતાં સમગ્ર બસ આગની લપેટમાં આવી ગઈ હતી. આ ઘટનાને પગલે વિસ્તારમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો.

આ ઘટના મામલે મળતી માહિતી અનુસાર, બસમાં આગ લાગી ત્યારે અંદાજે પથી ૬ મુસાફરો સવાર હતા. બસમાં અચાનક ધુમાડો નીકળવાની સાથે આગની ઘટના બની હતી. પરિસ્થિતિની ગંભીરતા સમજી બસના ડ્રાઈવર અને મુસાફરોએ સમયસૂચકતા વાપરી તાત્કાલિક બસમાંથી બહાર નીકળી જવાનું મુનાસિબ માન્યું હતું. તમામ મુસાફરો અને ડ્રાઈવર સુરક્ષિત રીતે બસની બહાર આવી જતાં મોટી જાનહાનિ ટળી હતી. જોકે, મુસાફરો બસમાંથી બહાર નીકળી ગયા બાદ આગે વધુ વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું હતું. થોડી જ વારમાં આગની જ્વાળાઓએ સમગ્ર બસને પોતાની લપેટમાં લઈ લીધી હતી અને બસ બળીને ખાક થઈ ગઈ હતી.

આ લાગવાની ઘટના મામલે ખબર પડતા ઘટનાની જાણ થતાં જ ફાયર વિભાગની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવી હતી. ફાયર ફાઈટરોએ પાણીનો મારો ચલાવી આગ પર કાબૂ મેળવવા કામગીરી હાથ ધરી હતી. ભારે જહેમત બાદ ફાયર વિભાગની ટીમે આગને સંપૂર્ણપણે કાબૂમાં લીધી હતી.

રાજ્યમાં ૩૦ નવેમ્બરથી પ્રતિ ક્વિન્ટલ રૂ.૮૭૮૦ના ભાવે ખરીફ મગની ટેકાના ભાવે ખરીદી થશે

ચૂકવણીમાં વિલંબ ટાળવા ખેડૂતોએ પોતાના બેંક ખાતા આધાર સીડીંગ કરાવીને એક્ટિવ રાખવા

ગાંધીનગર,

ખેડૂતોના આર્થિક હિતોના રક્ષણ અને તેમની ખેત પેદાશોના પોષણક્ષમ ભાવ મળી રહે તે હેતુથી રાજ્ય સરકાર દ્વારા આગામી તા. ૩૦ નવેમ્બર, ૨૦૨૬થી ખરીફ મગની ટેકાના ભાવે ખરીદી શરૂ કરવામાં આવશે. રાજ્ય સરકાર દ્વારા ખેડૂતો પાસેથી પ્રતિ હેક્ટર ૫૫૦ કિ.ગ્રા. (૨૭.૫ મણ) અને ખેડૂત દીઠ મહત્તમ ૨,૫૦૦ કિ.ગ્રા. (૧૨૫ મણ) સુધી ખરીફ મગની ખરીદી કરવામાં આવશે.

વર્ષ ૨૦૨૬-૨૭ માટે ભારત સરકાર દ્વારા ખરીફ મગનો ટેકાનો ભાવ રૂ. ૮,૭૮૦ પ્રતિ ક્વિન્ટલ (૧,૭૫૬ પ્રતિ મણ) જાહેર કરવામાં આવ્યો છે. હાલમાં રાજ્યની વિવિધ જ્ઞસ્ઝ ખાતે ખરીફ મગનો બજાર ભાવ સરેરાશ રૂ. ૮,૧૯૦ પ્રતિ ક્વિન્ટલ (૧,૬૩૮ પ્રતિ મણ) ચાલી રહ્યો છે, જે નિયત ટેકાના ભાવ કરતા ઓછો હોવાથી ખેડૂતોને આર્થિક નુકસાન ન જાય તે માટે ટેકાના ભાવે ખરીદી કરવાનો નિર્ણય કરાયો છે.

ભારત સરકારના "પ્રધાનમંત્રી અન્નદાતા આય સંરક્ષણ અભિયાન (પીએમ આશા યોજના)"ની માર્ગદર્શિકા મુજબ સમગ્ર ખરીદી હાથ ધરાશે.

ટેકાના ભાવે ખરીદી માટે નોંધણી કરાવેલા ખેડૂતોને જીસ્જી મળ્યેથી તેમને ફાળવવામાં આવેલા ખરીદ કેન્દ્ર ખાતે નિયત ધોરણ મુજબના જથ્થા સાથે હાજર રહી યોજનાનો લાભ લેવાનો રહેશે. ખરીદી સામેની રકમ સીધી ખેડૂતોના આધાર સીડેડ બેંક ખાતામાં ફ્ટ્ મારફતે જમા કરવામાં આવશે.

ચૂકવણીમાં કોઈ વિલંબ ન થાય તે માટે તમામ ખેડૂતોએ પોતાના બેંક ખાતા ફરજિયાત આધાર સીડીંગ કરાવીને એક્ટિવ રાખવા કૃષિ વિભાગ દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, રાજ્યમાં હાલ પીએમ આશા યોજના હેઠળ સમાવિષ્ટ અન્ય ખરીફ પાકોના સરેરાશ બજાર ભાવ નિયત ટેકાના ભાવ કરતા વધુ ચાલી રહ્યા છે.

કોર્ટ કેસમાં વાહન પોલીસ સ્ટેશને રાખવાનો કોઈ ફરજિયાત નિયમ નથીઃ ગુજરાત હાઈકોર્ટ

હાઈકોર્ટના આ ચુકાદાને પગલે પક્ષકારોને બિનજરૂરી કાનૂની કાર્યવાહી નહીં કરવી પડે

અમદાવાદ,

ગુજરાતમાં કડક દારૂબંધી હોવા છતાં દારૂની હેરાફેરીના અનેક કેસ સામે આવતા હોય છે. ત્યારે દારૂની હેરાફેરીના ગુનામાં જપ્ત કરવામાં આવેલા વાહનો અંગે ગુજરાત હાઈકોર્ટે એક મહત્વપૂર્ણ ચુકાદો આપ્યો છે. ગુજરાત હાઈકોર્ટે સ્પષ્ટ કર્યું છે કે દારૂનો જથ્થો નિર્ધારિત મર્યાદા કરતાં વધુ હોય તો પણ ટ્રાયલ પૂર્ણ થાય ત્યાં સુધી વાહન પોલીસ સ્ટેશનમાં જ રાખવું પડે તેવો કોઈ સંપૂર્ણ અને આપોઆપ લાગુ પડતો પ્રતિબંધ નથી. ગુજરાત હાઈકોર્ટના જસ્ટિસ જે.સી. દોશીએ પોતાના ચુકાદામાં જણાવ્યું હતું કે, ગુજરાત પ્રોહિબિશન એક્ટની કલમ ૯૮(૨) હેઠળ દારૂની હેરાફેરીના આરોપમાં જપ્ત થયેલા વાહનને ટ્રાયલ પૂર્ણ ન થાય ત્યાં સુધી ન છોડી શકાય તેવી જોગવાઈને સંપૂર્ણ પ્રતિબંધ તરીકે ગણી શકાય નહીં.

ગુજરાત હાઈકોર્ટે વધુમાં સ્પષ્ટ કર્યું છે કે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ-૪૯૩ હેઠળ રાજ્યની ફોજદારી અદાલતને તપાસ કે ટ્રાયલ દરમિયાન જપ્ત થયેલા વાહનની વચગાળાની કસ્ટડી આપવાની કે તેને છોડવાની સત્તા છે. વાહનમાલિકને વચગાળાની કસ્ટડી આપવાનો નિર્ણય લેતી વખતે અદાલતે વાહન પોલીસ પાસે રાખવાની ખરેખર જરૂર છે કે નહીં, પુરાવા કેવી રીતે સુરક્ષિત રાખી શકાય અને વાહનમાલિકના હિતનું રક્ષણ કેવી રીતે થઈ શકે તે બાબતો તપાસવી જોઈએ. સુપ્રીમ કોર્ટના તાજેતરના ચુકાદાઓને ટાંકતાં જસ્ટિસ જે.સી. દોશીએ જણાવ્યું કે, પ્રોહિબિશન એક્ટની કલમ-૯૮(૨) અંતર્ગત વાહનની વચગાળાની કસ્ટડી અંગે પુરાવાની જરૂરિયાતનું સ્વતંત્ર મૂલ્યાંકન કરીને નિર્ણય લેવાની સત્તા અદાલતો ધરાવે છે. આ કાયદાકીય મુદ્દો સુરતના ડીસીબી પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ગુનામાં જપ્ત કરાયેલી સ્વિફ્ટ કારના કેસમાં નિર્ણિત કરવામાં આવ્યો હતો. હાઈકોર્ટે અરજદાર વાહનમાલિકની અરજી મંજૂર કરીને કાર શરતોને આધીન વચગાળાની કસ્ટડીમાં સોંપવાનો આદેશ આપ્યો હતો. કારની વચગાળાની કસ્ટડી સોંપતા હુકમમાં હાઈકોર્ટે સ્પષ્ટ કર્યું કે વાહનની વચગાળાની કસ્ટડી આપવાથી આરોપી નિર્દોષ સાબિત થતો નથી. ભવિષ્યમાં કાયદા મુજબ વાહન જપ્ત કરવાની કાયદાકીય સત્તા સમાપ્ત થતી નથી.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની પ્રોત્સાહક ઉપસ્થિતિમાં તૃતીય ઓલ ઈન્ડિયા પોલીસ બેડમિન્ટન ક્લસ્ટરનો સમાપન સમારંભ યોજાયો

મુખ્યમંત્રીના હસ્તે ઓવરઑલ ચેમ્પિયન સીઆરપીએફની ટીમ ઉપરાંત ઉત્તર પ્રદેશ, મણિપુર, મિઝોરમની વિજેતા ટીમોને ટ્રોફી અને વિજેતા ખેલાડીઓને મેડલ એનાયત કરાયા

અમદાવાદ,

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદના નારણપુરા સ્થિત વીર સાવરકર સ્પોર્ટ્સ કૉમ્પ્લેક્સ ખાતે આયોજિત 'તૃતીય ઓલ ઈન્ડિયા પોલીસ બેડમિન્ટન ક્લસ્ટર ૨૦૨૬-૨૭'ના સમાપન સમારંભમાં જણાવ્યું હતું કે, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય રમતોના આયોજનમાં કાયદો અને વ્યવસ્થા જાળવનારા પોલીસકર્મીઓ આજે ખુદ અહીં ખેલાડી તરીકે રમતા નજરે પડ્યા, એ જોઈને આનંદ થાય છે. વડાપ્રધાનશ્રીના 'એક ભારત, શ્રેષ્ઠ ભારત'ના લક્ષ્યને આપ સૌએ મળીને અહીં સાકાર કર્યું છે, એમ કહીને તેમણે વિજેતાઓને શુભેચ્છાઓ પાઠવી હતી.



મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ગુજરાતમાં શરૂ થયેલ 'ખેલ મહાકુંભ'થી રાજ્યમાં સ્પોર્ટ્સ કલ્ચર વિકસિત થયું છે. તેમના માર્ગદર્શનમાં વિકસિત કરવામાં આવેલા સ્પોર્ટ્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચરના પરિણામે ગુજરાત આજે નેશનલ અને ઈન્ટરનેશનલ ગેમ્સના આયોજનનું હબ બની રહ્યું છે. વડાપ્રધાનઅને કેન્દ્રીય ગૃહમંત્રી અમિતભાઈ શાહના સફળ પ્રયાસોથી ગુજરાત ૨૦૩૦માં કોમનવેલ્થ ગેમ્સનું યજમાન બનવા જઈ રહ્યું છે. ૨૦૨૯માં વર્લ્ડ પોલીસ એન્ડ ફાયર ગેમ્સના આયોજન માટે પણ ગુજરાત સંપૂર્ણપણે સક્ષમ છે, એવું તેમણે ઉમેર્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે વડાપ્રધાન નરેન્દ્રભાઈએ 'ફિટ ઈન્ડિયા'નો મંત્ર આપીને રમતગમતના માધ્યમથી સ્વસ્થ શરીર, સ્વસ્થ મન અને સ્વસ્થ સમાજ દ્વારા સ્વસ્થ રાષ્ટ્રની પ્રેરણા આપી છે. 'ફિટ ઈન્ડિયા' અભિયાન હવે દેશના તમામ નાગરિકોની જીવનશૈલીમાં સકારાત્મક પરિવર્તન લાવનારું એક જનઆંદોલન બની ગયું છે, એવું તેમણે ઉમેર્યું હતું.

સાવરકુંડલા લીલીયા રેલવે ટ્રેક પર લોકોપાયલટની સમયસૂચકતાથી બચ્યો ત્રણ વનરાજોનો જીવ

ટ્રેક પર ત્રણ એશિયાઈ સિંહો જોવા મળતાં જ ટ્રેનમાં ઈમરજન્સી બ્રેક લગાવી રોકી દીધી

(મિલાપ રૂપારેલ દ્વારા)અમરેલી:

અમરેલી જિલ્લાના પીપાવાવ–સાવરકુંડલા–લીલિયા મોટા રેલવે ટ્રેક પર ત્રણ એશિયાઈ સિંહો ટ્રેક ઓળંગી રહ્યા હતા ત્યારે ટ્રેનના લોકોપાયલટ અને સહાયક લોકોપાયલટની અસાધારણ સતર્કતા અને સમયસૂચકતાને કારણે સંભવિત મોટી દુર્ઘટના ટળી હતી. ટ્રેક પર એકસાથે ત્રણ સિંહો નજરે પડતાં જ લોકોપાયલટે તાત્કાલિક ઈમરજન્સી બ્રેક લગાવી ટ્રેનને સુરક્ષિત રીતે રોકી દીધી હતી. પરિણામે ત્રણેય વનરાજોના જીવ બચી ગયા હતા.

ભાવનગર મંડળ, પશ્ચિમ રેલવે દ્વારા વન્યજીવોની સુરક્ષાને પ્રાથમિકતા આપીને સિંહોની અવરજવર ધરાવતા સંવેદનશીલ રેલવે વિસ્તારોમાં ટ્રેનોનું સંચાલન નિર્ધારિત ગતિમર્યાદા અને વિશેષ સાવચેતી સાથે કરવામાં આવે છે. ગત તા. ૨૦ ના રોજ ટ્રેન નંબર ૧૯૨૫૬ સાવરકુંડલા–મોટા લીલિયા રેલખંડ પરથી પસાર થઈ રહી હતી. ત્યારે કિલોમીટર નંબર ૫૩/૮ પાસે ત્રણ એશિયાઈ સિંહો રેલવે ટ્રેક ઓળંગતા જોવા મળ્યા હતા. ટ્રેનનું સંચાલન કરી



રહેલા ભાવનગરના લોકોપાયલટ રાકેશ બી. મારુ અને વરિષ્ઠ સહાયક લોકોપાયલટ પ્રકાશ ચંદ મીણાએ સિંહોને જોતાં જ પરિસ્થિતિની ગંભીરતા સમજી તાત્કાલિક ઈમરજન્સી બ્રેક લગાવી ટ્રેનને રોકી દીધી હતી. તેમની આ ત્વરિત કાર્યવાહીથી ત્રણેય સિંહો ટ્રેનની અડફેટે આવતાં બચી ગયા હતા.

ઘટનાની જાણ ટ્રેન મેનેજરને કરવામાં આવતાં વન વિભાગને પણ જાણ કરાઈ હતી. ત્યારબાદ ફોરેસ્ટ ટ્રેકર રાહુલભાઈ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચ્યા હતા અને ત્રણેય સિંહોને સુરક્ષિત રીતે રેલવે ટ્રેક પરથી દૂર કર્યા હતા. વન્યજીવોની સુરક્ષા સુનિશ્ચિત થયા બાદ ટ્રેનને સાવચેતી પૂર્વક ગંતવ્ય તરફ રવાના કરવામાં આવી હતી.

ભાવનગર રેલવે મંડળ અને વન વિભાગ વચ્ચેના સંકલન તથા રેલવે કર્મચારીઓની સતર્કતાના પરિણામે સિંહોના જીવ બચાવવામાં નોંધપાત્ર સફળતા મળી રહી છે. ભાવનગર મંડળના વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક અતુલ કુમાર ત્રિપાઠીના જણાવ્યા અનુસાર, નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં ૧૫૯, વર્ષ ૨૦૨૫-૨૬માં ૧૨૯ અને ચાલુ નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭માં એપ્રિલથી અત્યાર સુધી ૧૧૪ એશિયાઈ સિંહોને સંભવિત રેલ અકસ્માતોથી બચાવવામાં આવ્યા છે. આમ, ત્રણ નાણાકીય વર્ષના આંકડા મુજબ અત્યાર સુધી કુલ ૪૦૨ સિંહોને સુરક્ષિત બચાવવામાં આવ્યા છે.

મંડળ રેલવે પ્રબંધક દિનેશ વર્મા અને અપર મંડળ રેલવે પ્રબંધક ઋત્વિક શર્મા સહિતના વરિષ્ઠ અધિકારીઓએ લોકોપાયલટોની કર્તવ્યનિષ્ઠા, સતર્કતા અને ત્વરિત નિર્ણય લેવાની ક્ષમતાને બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા. ગીર વિસ્તારના વનરાજોની સુરક્ષા માટે રેલવે અને વન વિભાગના સંકલિત પ્રયાસો વન્યજીવ સંરક્ષણની દિશામાં પ્રશંસનીય ઉદાહરણ બની રહ્યા છે.

બી.એ.પી.એસ. પરિવારના સહયોગથી ભવ્ય આયોજન

અમરેલીના ગજેરા કેમ્પસમાં ડો. જ્ઞાનવત્સલ સ્વામીના પ્રેરક પ્રવચનથી હજારો શ્રોતાઓ ભાવવિભોર

(મિલાપ રૂપારેલ દ્વારા)

અમરેલી:

શિક્ષણ માત્ર ડિગ્રી મેળવવાનું માધ્યમ નથી, પરંતુ જીવનમાં સંસ્કાર, નૈતિકતા, માનવતા અને ઉત્તમ વ્યક્તિત્વનું ઘડતર કરવાનું પવિત્ર સાધન છે, તેવા ઉમદા વિચારને કેન્દ્રસ્થાને રાખીને અમરેલીના શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસ-વિદ્યાસભા ખાતે 'સંસ્કારથી વૈશ્વિકતા સુધી' વિષય પર ડો. જ્ઞાનવત્સલ સ્વામીના પ્રેરણાદાયી પ્રવચનનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. બીએપીએસ પરિવાર દ્વારા આયોજિત આ કાર્યક્રમમાં હજારોની સંખ્યામાં લોકોએ ઉપસ્થિત રહી સ્વામીશ્રીના જીવનલક્ષી વિચારો અને પ્રેરક માર્ગદર્શનનો લાભ લીધો હતો. અને સ્વામીશ્રીના પ્રેરક શબ્દોથી સમગ્ર કેમ્પસનું વાતાવરણ આધ્યાત્મિકતા, સદવિચાર અને સંસ્કારના ભાવથી ભાવવિભોર બની ગયું હતું.

પ્રવચન દરમિયાન 'સંસ્કારથી વૈશ્વિકતા સુધી'ના વિષયને અનુરૂપ જીવનમાં





'સંસ્કારથી વૈશ્વિકતા સુધી'ના મંત્ર સાથે જીવનઘડતર, નૈતિક મૂલ્યો અને રાષ્ટ્રનિર્માણનો સંદેશ આપ્યો

સંસ્કારોનું મહત્ત્વ અને વ્યક્તિના સર્વાંગી વિકાસમાં નૈતિક મૂલ્યોની ભૂમિકા જેવા વિચારોનું પ્રેરક નિરૂપણ કરવામાં આવ્યું હતું. સ્વામીશ્રીના વિચારો અને માર્ગદર્શનનો મુખ્ય ભાવ શિક્ષણની સાથે સંસ્કાર, જ્ઞાનની સાથે જીવનમૂલ્યો અને વ્યક્તિગત પ્રગતિની સાથે સમાજ તથા રાષ્ટ્રના ઉત્થાનને જોડવાનો રહ્યો હતો. તેમના પ્રેરક સંદેશે ઉપસ્થિત શ્રોતાઓને જીવનમાં સકારાત્મક પરિવર્તન લાવવા અને મૂલ્યનિષ્ઠ જીવન જીવવાની પ્રેરણા પૂરી પાડી હતી.

આ અવસરે સ્વામીશ્રીએ સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરાના માર્ગદર્શન હેઠળ હજારો વિદ્યાર્થીના ઉજ્જવળ ભવિષ્યના ઘડતર માટે ચાલી રહેલી શૈક્ષણિક, સાંસ્કૃતિક અને સંસ્કારલક્ષી પ્રવૃત્તિઓની વિશેષ સરાહના કરી હતી. તેમણે સંસ્થામાં કાર્યરત શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કર્મચારીઓની નિષ્ઠા, સમર્પણ અને સેવાભાવને બિરદાવી સૌને હાર્દિક અભિનંદન પાઠવ્યા હતા.

ગજેરા કેમ્પસની વર્ષોથી ચાલતી શિક્ષણ સાથે સંસ્કાર અને વ્યક્તિત્વ ઘડતર સાથે રાષ્ટ્રઘડતરની વિચારધારાને આ કાર્યક્રમ વધુ મજબૂત બનાવતો ગૌરવપૂર્ણ પ્રસંગ બની રહ્યો હતો. સંસ્થાના અગ્રણીઓએ જણાવ્યું હતું કે, ડો. જ્ઞાનવત્સલ સ્વામી સમાજમાં સંસ્કાર, સદવિચાર, માનવતા અને જીવનમૂલ્યોનું સિંચન કરી રહ્યા છે, જે આજના સમયની અત્યંત આવશ્યકતા છે. તેમના વિચારો હજારો લોકોના જીવનમાં સકારાત્મક પરિવર્તન લાવવાનું નિમિત્ત બનશે તેવી આશા પણ વ્યક્ત કરવામાં આવી હતી.

કાર્યક્રમના સફળ આયોજન બદલ સંસ્થાના હોદ્દેદારોએ બી.એ.પી.એસ. પરિવારના તમામ સંતો, કાર્યકર્તાઓ અને સેવાભાવી સ્વયંસેવકોની આયોજન શક્તિ, સમર્પણ અને સેવાભાવનાને બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.

અંતમાં ભગવાન સ્વામિનારાયણને પ્રાર્થના કરવામાં આવી હતી કે ડો. જ્ઞાનવત્સલ સ્વામીનું સમાજઘડતર અને માનવકલ્યાણનું સેવાકાર્ય અવિરત આગળ વધતું રહે અને તેમના પ્રેરક વિચારો દ્વારા વધુને વધુ લોકોના જીવનમાં સંસ્કાર, સદાચાર અને સકારાત્મક પરિવર્તનનું સિંચન થતું રહે.

આ પ્રસંગે સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરા, મેનેજિંગ ટ્રસ્ટી અશોકભાઈ ગજેરા, મંત્રી ચતુરભાઈ મનસુખભાઈ ખૂંટ તેમજ કેમ્પસ ડાયરેક્ટર વસંતભાઈ પેથાણી સહિતના અગ્રણીઓએ ડો. જ્ઞાનવત્સલ સ્વામીનું ભાવભર્યું સ્વાગત કરી સન્માન કર્યું હતું.

ગીરગંગા પરિવાર ટ્રસ્ટ દ્વારા અમરેલી જિલ્લાના એકલેરા ગામે ચેકડેમનું ખાતમુહૂર્ત

અમરેલી:સમગ્ર ગુજરાતમાં જળસંચયની જ્યોત જગાવનાર ગીરગંગા પરિવાર ટ્રસ્ટ દ્વારા જળસંચયના ઉમદા અભિયાનને આગળ ધપાવતા અમરેલી જિલ્લાના લીલીયા તાલુકાના એકલેરા ગામે નવા ચેકડેમના નિર્માણ કાર્યનું ભવ્ય ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. "ગામનું પાણી ગામમાં અને સીમનું પાણી સીમમાં" તેમજ "જળસંચય, જનભાગીદારી"ના સૂત્રને સાર્થક કરવાના ભગીરથ ઉદ્દેશ્ય સાથે આ કાર્યક્રમનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રેરણાદાયી અવસરે એકલેરા ગામના જાગૃત સરપંચશ્રી, ગામના અગ્રણીઓ, સ્થાનિક આગેવાનો તેમજ મોટી સંખ્યામાં ખેડૂતો અને ગ્રામજનો ઉત્સાહભેર ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ દરમિયાન ગીરગંગા પરિવાર ટ્રસ્ટના પ્રતિનિધિઓ દ્વારા ઉપસ્થિત સૌ ગ્રામજનોને જળશક્તિનું મહત્વ ખૂબ જ સરળ અને અસરકારક રીતે સમજાવવામાં આવ્યું હતું.



ખાસ કરીને, ચોમાસા દરમિયાન વહી જતા વરસાદી પાણીના એક-એક ટીપાનો મહત્તમ સંગ્રહ કરીને ભૂગર્ભ જળસ્તર કેવી રીતે ઊંચા લાવી શકાય, બોર અને કૂવાઓને કેવી રીતે રિચાર્જ કરી શકાય અને આગામી વર્ષોમાં ગામની સિંચાઈ તેમજ પીવાના પાણીની સમસ્યાનો કાયમી અને નક્કર ઉકેલ કેવી રીતે લાવી શકાય—તે વિષય પર ગ્રામજનો સાથે પાયાની અને રચનાત્મક ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી.

ગીરગંગા પરિવાર ટ્રસ્ટના આ નિઃસ્વાર્થ અને લોકઉપયોગી જળસંચય અભિયાનને એકલેરા ગામના સમગ્ર ગ્રામજનો દ્વારા હૃદયપૂર્વક આવકારવામાં આવ્યું હતું. આ તકે ઉપસ્થિત સૌ ગ્રામજનોએ પણ પાણીના બચાવ માટે જાગૃત રહેવાનો અને ચેકડેમના સફળ નિર્માણ કાર્યમાં ખભેખભા મિલાવીને સંપૂર્ણ સહકાર આપવાનો દ્રઢ સંકલ્પ વ્યક્ત કર્યો હતો. આ ચેકડેમના નિર્માણથી આગામી સમયમાં એકલેરા ગામ અને આસપાસના ખેડૂતોને સિંચાઈ માટે મોટો ફાયદો થશે અને ગામ જળક્ષેત્રે આત્મનિર્ભર બનશે.

આ ખાતમુહૂર્તમાં ગામના રણછોડભાઈ આલગીયા, વિનુભાઈ ગૌદાની, ભુપતભાઈ કાછડીયા, નરેશભાઈ ભાલાળા, નીકુલભાઈ આલગીયા, જનકભાઈ હીરપરા, વિપુલભાઈ બાબરિયા, કિશોરભાઈ ગૌદાની સહિતના મહાનુભાવો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. અને ગીરગંગા પરિવાર ટ્રસ્ટના પ્રમુખ શ્રી દિલીપભાઈ સખીયા, અરવિંદભાઈ ડોબરિયા, રમેશભાઈ ધાનણી વગેરે લોકો મીટીંગમાં હાજર

દામનગર ખોડલધામ પ્રેરિત શ્રી લેઉવા પટેલ સમાજ ટ્રસ્ટનો પાંચમો ભવ્ય સમૂહ લગ્નોત્સવ યોજાયો

૧૫ નવદંપતીઓએ વૈદિક મંત્રોચ્ચાર સાથે સપ્તપદીના પવિત્ર બંધનમાં બંધાઈ નવજીવનનો પ્રારંભ કર્યો

(મિલાપ રૂપારેલ દ્વારા)અમરેલી:

દામનગર ખોડલધામ પ્રેરિત શ્રી લેઉવા પટેલ સમાજ ટ્રસ્ટ દ્વારા આયોજિત પાંચમો ભવ્ય સમૂહ લગ્નોત્સવ વિક્રમ સંવત ૨૦૮૩, કારતક સુદ ૧૪, સોમવારના રોજ સ્વામિનારાયણ ગુરુકુળ પરિસર ખાતે અત્યંત ધામધૂમ અને ભવ્યતા સાથે સંપન્ન થયો હતો. આ પ્રસંગે ૧૫ નવદંપતીઓએ વૈદિક મંત્રોચ્ચારની પવિત્ર ધ્વનિ વચ્ચે સપ્તપદીના પવિત્ર ફેરા ફરી સુખી દાંપત્યજીવનના નવા અધ્યાયનો પ્રારંભ કર્યો હતો. સમૂહ લગ્નોત્સવમાં ઉદારદિલ દાતાશ્રીઓ, સમાજશ્રેષ્ઠીઓ, અગ્રણી આગેવાનો, સાધુ-સંતો, ઉદ્યોગપતિઓ, કેળવણીકારો તેમજ વિવિધ ક્ષેત્રે સેવારત મહાનુભાવો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી નવદંપતીઓને આશીર્વાદ પાઠવ્યા હતા. સમગ્ર પંથકની ખોડલધામ સમિતિઓ, મહિલા ખોડલધામ સમિતિઓ, સામાજિક, સ્વૈચ્છિક અને ધાર્મિક સંસ્થાઓના પ્રતિનિધિઓની વિશાળ ઉપસ્થિતિએ પ્રસંગની શોભામાં અભિવૃદ્ધિ કરી હતી. આ સમૂહ લગ્નોત્સવની વિશેષતા એ રહી કે આયોજકોએ પોતાની વ્હાલસોયી



દીકરીઓના લગ્નપ્રસંગની જેમ તમામ ૧૫ દીકરીઓને ભવ્ય કરિયાવર અર્પણ કરી લાગણીસભર વિદાય આપી હતી. માઇક્રો પ્લાનિંગ, સુંદર આયોજન, અદભુત વ્યવસ્થાશક્તિ અને આગવી મહેમાનગતિએ ઉપસ્થિત સૌના હૃદય જીતી લીધા હતા. વૈદિક પરંપરા અનુસાર સપ્તપદીના સાત ફેરા માત્ર લગ્નવિધિ નથી, પરંતુ જીવનભરના સાત અમૂલ્ય સંકલ્પો છે. સત્ય, પ્રેમ, કરુણા, સમર્પણ, સમજણ અને સેવા જેવા જીવનમૂલ્યોને આત્મસાત કરીને સ્વૈચ્છિક સ્વીકૃતિ સાથે દાંપત્યજીવન જીવવું એ જ આદર્શ લગ્નજીવનની સાચી ઓળખ છે, તેવો સુંદર સંદેશ આ પ્રસંગે આપવામાં આવ્યો હતો. ઉપસ્થિત મહાનુભાવોએ પોતાના આશીર્વચન અને માર્ગદર્શક ઉદ્બોધનો દ્વારા નવદંપતીઓને દાંપત્યજીવનમાં પરસ્પર વિશ્વાસ, પ્રેમ, સહનશીલતા, સમજણ અને સમર્પણ જાળવી રાખવા પ્રેરણા આપી હતી. લગ્નજીવન માત્ર બે વ્યક્તિઓનું મિલન નથી, પરંતુ બે પરિવારો અને સંસ્કારોનું પવિત્ર જોડાણ છે, તેવો ભાવસભર સંદેશ પણ આપવામાં આવ્યો હતો. સમાજની દીકરીઓના લગ્નની જવાબદારીમાં સહભાગી બની, દાતાશ્રીઓના સહયોગ અને સમાજના સંગઠિત પ્રયાસોથી યોજાયેલ આ પાંચમો સમૂહ લગ્નોત્સવ સામાજિક એકતા, સેવાભાવ, સંસ્કાર અને સહકારનું ઉત્તમ ઉદાહરણ બની રહ્યો હતો. ૧૫ નવદંપતીઓનું દાંપત્યજીવન પ્રેમ, સુખ, સમૃદ્ધિ અને સંસ્કારોથી મહેકતું રહે તથા તેમનું જીવન સુમંગલ બને તેવી શુભકામનાઓ સાથે સમગ્ર લગ્નોત્સવ આનંદમય વાતાવરણમાં સંપન્ન થયો હતો.

લોકસાહિત્યના સંતકવિ દુલાભાયા કાગ-કાગબાપુનું જીવનચરીત્ર,ગોપાલકમાંથી લોકકવિ બનવાની યાત્રા



ગુજરાતની ધરતી સંતો,ભક્તો,કવિઓ અને લોકસાહિત્યના મહાન સર્જકોથી સમૃદ્ધ રહી છે.આ ધરતી પર અનેક એવા મહાનુભાવો જન્મ્યા છે જેમણે પોતાની કલમ-વાણી અને જીવન દ્વારા સમાજને સાચી દિશા બતાવી છે,આવા જ એક વિરલ વ્યક્તિત્વ એટલે લોકકવિ,ભક્તકવિ અને સંતપુરૂષ પદ્મશ્રી દુલાભાયા કાગ જેમને સમગ્ર ગુજરાત પ્રેમ અને આદરથી 'કાગબાપુ' તરીકે ઓળખે છે.કાગબાપુ માત્ર કવિ નહોતા, તેઓ લોકજીવનના સાચા પ્રેરક,ચિંતક,સમાજસુધારક અને માનવતાના ઉપાસક હતા, તેમની કવિતામાં ભક્તિનો ભાવ હતો, વાણીમાં લોકબોલીની મીઠાશ હતી અને વિચારોમાં જીવનને ઉન્નત બનાવે તેવો સંદેશ હતો, તેમની જન્મજયંતિ નિમિત્તે તેમના જીવન અને કવનનું સ્મરણ કરવું એ ગુજરાતી લોકસાહિત્યને વંદન કરવા સમાન છે.

દુલા ભાયા કાગનો જન્મ ૨૫ નવેમ્બર-૧૯૦૩ના રોજ સૌરાષ્ટ્રમાં મહુવા નજીક આવેલા સોડવદરી ગામે થયો હતો,તેમના પિતાનું નામ ભાયા ઝાલા કાગ અને માતાનું નામ ધનબાઈ હતું,તેમનું કુટુંબ ચારણ પરંપરા સાથે જોડાયેલું હતું. ચારણ સમાજમાં વીરતા, વચનપાલન, સાહિત્યપ્રેમ અને કાવ્યરચનાની સમૃદ્ધ પરંપરા રહી છે. આ સંસ્કારનો વારસો કાગબાપુને પણ મળ્યો હતો, તેમનું કુટુંબ મજાદર સાથે સંકળાયેલું હતું અને બાળપણનો મોટો સમય ત્યાંના ગ્રામ્ય વાતાવરણમાં વીત્યો હતો.કાગબાપુએ માત્ર પાંચ ધોરણ સુધીનું ઔપચારિક શિક્ષણ મેળવ્યું હતું પરંતુ તેમની જિજ્ઞાસા-નિરીક્ષણશક્તિ અને જીવનમાંથી શીખવાની વૃત્તિ અસાધારણ હતી. બાળપણથી જ તેમને રામાયણની કથાઓ અને ધાર્મિક પ્રસંગો સાંભળવાનો શોખ હતો. તેઓ ગાયો-ભેંસો ચરાવવા જતા ત્યારે પણ પોતાની સાથે રામાયણનું પુસ્તક રાખતા અને સમય મળતાં તેનું વાંચન કરતા હતા, આ રીતે પ્રકૃતિના ખોળામાં-પશુઓની વચ્ચે અને રામકથાના સંસર્ગમાં તેમના વ્યક્તિત્વનું ઘડતર થયું હતું.

કાગબાપુનું જીવન આપણને શીખવે છે કે મહાન બનવા માટે માત્ર ઊંચું ઔપચારિક શિક્ષણ જ જરૂરી નથી. જિજ્ઞાસા, સંસ્કાર, નિષ્ઠા અને જીવનના અનુભવો પણ માણસને મહાન બનાવી શકે છે. તેઓ શરૂઆતમાં ખેતી અને પશુપાલનના વ્યવસાય સાથે જોડાયેલા રહ્યા. ગાયો ચરાવતી વખતે તેઓ પ્રકૃતિને નિહાળતા,લોકોના સ્વભાવને સમજતા અને જીવનના અનુભવોને મનમાં ઉતારતા, આ જ અનુભવો આગળ જતાં તેમની કવિતાના વિષયો બન્યા. તેમની અંદર રહેલી કાવ્યપ્રતિભાને યોગ્ય દિશા આપવાનું કાર્ય સંત મુક્તાનંદજીના સાન્નિધ્યમાં થયું, તેમના માર્ગદર્શનથી કાગબાપુએ આધ્યાત્મિક જ્ઞાન અને પિંગળશાસ્ત્રનો અભ્યાસ કર્યો, ત્યારબાદ તેમની કાવ્યપ્રતિભા વધુ ખીલી ઊઠી, તેઓ દુહા,છંદ,ભજન,સોરઠા અને લોકગીતો દ્વારા લોકોના હૃદય સુધી પહોંચ્યા હતા.

કાગબાપુની સૌથી જાણીતી સાહિત્યિક કૃતિ 'કાગવાણી' છે, તેના આઠ ભાગોમાં તેમની વિવિધ રચનાઓનો સમાવેશ થાય છે, આ ઉપરાંત 'વિનોબાબાવની', 'તો ઘર જાશે, જાશે ધરમ', 'શક્તિચાલીસા', 'ગુરૂમહિમા', 'ચન્દ્રબાવની' અને 'સોરઠબાવની' જેવી કૃતિઓ પણ જાણીતી છે.તેમની રચનાઓમાં રામાયણ અને મહાભારતના પ્રસંગો, ભક્તિ,ધર્મ,નીતિ, માનવતા, વીરતા, રાષ્ટ્રપ્રેમ, સમાજજાગૃતિ અને જીવનમૂલ્યોનું સુંદર નિરૂપણ જોવા મળે છે. કાગબાપુની વિશેષતા એ હતી કે તેઓ અઘરા આધ્યાત્મિક વિચારોને પણ સામાન્ય માણસ સમજી શકે તેવી સરળ લોકબોલીમાં રજૂ કરતા. તેમની કવિતામાં શબ્દોની ચમક કરતાં ભાવની ઊંડાઈ વધારે હતી. તેઓ માત્ર મનોરંજન માટે કવિતા નહોતા લખતા પરંતુ માણસના અંતરમાં સદ્વિચાર અને સદાચારનું બીજ રોપવા માટે લખતા હતા. તેમની વાણીમાં ગામડાની માટીની સુગંધ-લોકજીવનની સાદગી અને આધ્યાત્મિકતાની પવિત્રતા અનુભવાય છે તેથી જ તેમની રચનાઓ આજે પણ લોકગાયકોના કંઠે ગવાય છે અને શ્રોતાઓને જીવન વિશે વિચારતા કરે છે.

કાગબાપુના જીવનમાં રાષ્ટ્રપ્રેમ અને સમાજસેવાનું પણ વિશેષ સ્થાન હતું. મહાત્મા ગાંધીજીના વિચારો અને વિનોબા ભાવેના ભૂદાન આંદોલનથી તેઓ પ્રભાવિત થયા હતા, તેમણે માત્ર કવિતામાં જ સમાજસેવાનો સંદેશ આપ્યો નહોતો પરંતુ પોતાના જીવનમાં પણ ત્યાગ અને દાનનો આદર્શ રજૂ કર્યો હતો.ભૂદાન આંદોલન દરમિયાન તેમણે પોતાની જમીન અને ખેતીનાં સાધનોમાંથી મોટો હિસ્સો સમાજહિત માટે અર્પણ કર્યો હતો. તેમણે ૫૦ વીઘાં જમીન ઉપરાંત હળ, બળદ, અનાજ અને ઘાસનું પણ દાન કર્યું હતું. આ દાન પાછળ ગરીબ અને જરૂરિયાતમંદ લોકો પ્રત્યેની તેમની સંવેદના રહેલી હતી. ભૂદાનની ભાવનાથી પ્રેરાઈને તેમણે અનેક રચનાઓ પણ કરી હતી. આ ઘટના આપણને સમજાવે છે કે સાચી ભક્તિ માત્ર પ્રાર્થના કે ભજન પૂરતી સીમિત નથી.બીજાના દુઃખને સમજવું-જરૂરિયાતમંદને મદદ કરવી અને પોતાની શક્તિ પ્રમાણે સમાજને કંઈક પાછું આપવું એ પણ ભક્તિનું જ સ્વરૂપ છે.

કાગબાપુની રચનાઓમાં માનવતા અને સમાનતાનો ભાવ વિશેષ રીતે જોવા મળે છે, તેઓ સમાજમાં રહેલા ભેદભાવ-અંધશ્રદ્ધા-વ્યસન અને કુરિવાજો સામે પોતાની વાણી દ્વારા જાગૃતિ ફેલાવતા હતા. તેમના મતે માણસની સાચી ઓળખ તેની જાતિ-સંપત્તિ કે સામાજિક હોદ્દાથી નહીં પરંતુ તેના આચરણ અને માનવતાથી થવી જોઈએ. કોઈ વ્યક્તિને નાનો કે મોટો માનવાને બદલે દરેક માનવીમાં રહેલા માનવ મૂલ્યોને ઓળખવા જોઈએ. તેઓ ગામડાંના સામાન્ય લોકોની ભાષામાં વાત કરતા હોવાથી તેમનો સંદેશ સીધો લોકોના હૃદય સુધી પહોંચતો. તેમની કવિતા લોકજાગૃતિનું સાધન બની હતી. તેઓ સમજતા હતા કે સમાજમાં પરિવર્તન લાવવા માટે માત્ર ઉપદેશ પૂરતો નથી, પોતાના જીવનથી ઉદાહરણ પૂરૂં પાડવું પણ એટલું જ જરૂરી છે.

કાગબાપુનું વ્યક્તિત્વ તેમની કવિતા જેટલું જ પ્રેરણાદાયી હતું.અસાધારણ કાવ્યપ્રતિભા અને લોકપ્રિયતા હોવા છતાં તેમનામાં અહંકાર નહોતો,તેઓ પોતાને સામાન્ય ગોપાલક અને ઈશ્વરની કૃપાથી મળેલી વાણીના સેવક માનતા હતા.તેમના જીવનમાંથી કેટલીક મહત્વપૂર્ણ શીખ આપણને મળે છે.સાદગીમાં મહાનતા-માણસનું મૂલ્ય તેના વૈભવથી નહીં પરંતુ તેના વિચારો અને વર્તનથી નક્કી થાય છે.વાંચન અને ચિંતનનું મહત્વ: જીવનમાં જ્ઞાન મેળવવા માટે સતત જિજ્ઞાસુ રહેવું જોઈએ. પરિસ્થિતિ ગમે તેવી હોય, સારા વિચારોનો સંગાથ છોડવો નહીં.વ્યસનથી દૂર રહેવું: સાચો મિત્ર એ છે જે આપણને ખોટા માર્ગે લઈ જવાને બદલે સારા માર્ગે દોરી જાય.દાન અને પરોપકાર: પોતાની પાસે જે કંઈ છે તેમાંથી જરૂરિયાતમંદ માટે કંઈક અર્પણ કરવાની ભાવના કેળવવી જોઈએ.ભક્તિ સાથે કર્મ: ઈશ્વરનું સ્મરણ કરવું અને સાથે સાથે પોતાની ફરજ તથા સમાજ પ્રત્યેની જવાબદારી નિભાવવી જોઈએ.વાણીનો સદુપયોગ: શબ્દોનો ઉપયોગ કોઈને દુઃખ પહોંચાડવા માટે નહીં પરંતુ પ્રેરણા-જાગૃતિ અને સદભાવ ફેલાવવા માટે કરવો જોઈએ.

કાગબાપુની સાહિત્યસેવા અને લોકજાગૃતિના કાર્યની કદરરૂપે ભારત સરકારે વર્ષ ૧૯૬૨માં તેમને 'પદ્મશ્રી' પુરસ્કારથી સન્માનિત કર્યા હતા, તેમના સન્માનમાં ૨૫ નવેમ્બર-૨૦૦૪ના રોજ ભારત સરકારના ટપાલ વિભાગે પાંચ રૂપિયાની ટપાલ ટિકિટ પણ બહાર પાડી હતી, તેમના નામે આપવામાં આવતો 'કવિ કાગ એવોર્ડ' લોકસાહિત્ય અને ચારણી સાહિત્યની પરંપરાને પ્રોત્સાહન આપે છે.૨૨ ફેબ્રુઆરી-૧૯૭૭ના રોજ મજાદર ખાતે તેમનું અવસાન થયું પરંતુ સાચા સર્જકનું જીવન તેના શરીર પૂરતું સીમિત રહેતું નથી, તેના વિચારો-રચનાઓ અને સંસ્કારો આવનારી પેઢીઓમાં જીવંત રહે છે.કાગબાપુની વાણી આજે પણ લોકહૃદયમાં ગુંજે છે અને તેમની રચનાઓમાંથી નવી પેઢીને જીવન જીવવાની પ્રેરણા મળે છે.

કવિ કાગબાપુનું જીવન આપણને એક મહત્વપૂર્ણ સંદેશ આપે છે કે માણસે માત્ર પોતાના માટે જ નહીં પરંતુ સમાજ અને માનવતાના કલ્યાણ માટે પણ જીવવું જોઈએ.ભક્તિનો સાચો અર્થ જીવનમાં સદાચાર,સેવા,દયા,કરૂણા,પરોપકાર અને સમરસતાને સ્થાન આપવું છે. તેમણે સાબિત કર્યું કે સાહિત્ય ત્યારે જ સાચા અર્થમાં મહાન બને છે જ્યારે તે માણસના જીવનમાં સકારાત્મક પરિવર્તન લાવે. તેમની વાણીમાં ભક્તિ હતી, વિચારોમાં લોકહિત હતું અને જીવનમાં ત્યાગ તથા સાદગી હતી. આજે જ્યારે સમાજ અનેક પ્રકારના ભેદભાવ-સ્વાર્થ અને માનસિક તણાવમાંથી પસાર થઈ રહ્યો છે ત્યારે કાગબાપુના વિચારો વધુ પ્રસ્તુત બને છે, તેમની જન્મજયંતિએ આપણે માત્ર તેમની પ્રતિમાને કે તસવીરને પુષ્પાંજલિ અર્પણ કરીને અટકી ન જઈએ પરંતુ તેમના જીવનમાંથી એકાદ સદગુણને આપણા વ્યવહારમાં ઉતારવાનો સંકલ્પ કરીએ. કાગબાપુની સાચી જન્મજયંતિની ઉજવણી ત્યારે જ સાર્થક બનશે જ્યારે તેમની વાણીનો પ્રકાશ આપણા વિચારોમાં અને તેમની માનવતાની ભાવના આપણા આચરણમાં પ્રગટશે. પદ્મશ્રી કવિ દુલા ભાયા કાગબાપુને જન્મજયંતિ નિમિત્તે કોટિ કોટિ વંદન અને ભાવભરી શ્રદ્ધાંજલિ.

સૌરાષ્ટ્ર આસપાસ

દરિયાને પ્રદુષણ મુક્ત કરવાનો શ્રેષ્ઠ ઉપાય ઇન્ટરસેપ્ટર

સૌરાષ્ટ્ર કચ્છ થી માંડીને મુંબઈ મદ્રાસ સુધીના દરિયાને પ્રદૂષણ મુક્ત કરવા માટે એક નવો પ્રયોગ હાથ ધરવામાં આવ્યો છે દરિયાને સ્વચ્છ કરવા માટે દરિયામાં મળતી નદી નાળા ઉપર ઇન્ટરસેપ્ટર સફળતાપૂર્વક લગાડવાનો પ્રથમ પ્રયોગ મુંબઈમાં કરવામાં આવ્યો છે.મુંબઈની ખાડીમાં લગાવવામાં આવેલા 'ઈન્ટરસેપ્ટર' માત્ર એક હાઇ-ટેક બેરિયર નથી, તે શહેરી જવાબદારીનું નવું પ્રતીક છે. મહારાષ્ટ્રની રાજધાની મુંબઈથી દરિયામાં વહીને જતા પ્લાસ્ટિક કચરા પર રોક લગાવવાની જે પહેલ થઈ છે, તેને સ્વચ્છતાના એક અલગ અભિયાન તરીકે જોવી જોઈએ. આંતરરાષ્ટ્રીય સંસ્થા 'ધ ઓશન ક્લીનઅપ'એ બીએમસી અને મહારાષ્ટ્ર પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ સાથે મળીને જે અભિયાન શરૂ કર્યું છે, તેમાં પ્રથમ તબક્કે મલાડના રામચંદ્ર નાળા અને ટ્રોમ્બેના સુભાષ નગર નાળામાં આ બેરિયર લગાવાયા છે. આ પગલું એટલા માટે મહત્ત્વનું છે કે મુંબઈ જેવા દરિયાકાંઠાના મહાનગરમાં કચરો ફક્ત ગલી-નાકા સુધી મર્યાદિત નથી રહેતો; તે નાળા, ખાડી અને છેવટે દરિયા સુધી પહોંચી જાય છે. દરિયો આપણો કચરો સ્વીકારે છે એવી માન્યતા હવે બદલવી પડશે. દરિયો કચરાનું અંતિમ સ્થળ નથી, તે પર્યાવરણનું જીવંત અંગ છે. આ પ્રયોગ દરેક મોટા શહેરો અને મોટા ઔદ્યોગિક મથકો ના પ્રદૂષિત પાણીના દરિયામાં જતા રોકવા માટે અમલમાં કરવો જરૂરી છે આ જ વસ્તુ ગંગા જમના જેવી નદીઓને સ્વચ્છ કરવા માટે પણ થઈ શકે છે.'ઇન્ટરસેપ્ટર'ની સૌથી મોટી વિશેષતા એ છે કે તે ભરતી-ઓટના આધારે કામ કરે છે. મુંબઈની ખાડીઓમાં પાણી બંને તરફ વહે છે. હાઈ-ટાઈડ પછી લો-ટાઈડ શરૂ થાય છે અને પાણી શહેરથી દરિયા તરફ આગળ વધે છે, ત્યારે આ બેરિયર પ્લાસ્ટિકને ઘેરામાં રોકી લે છે. ત્યારબાદ મશીન દ્વારા કચરો બહાર કાઢી લેવામાં આવે છે. એટલે કે, આ યંત્ર કુદરતી જળપ્રવાહનો ઉપયોગ કરીને કચરાને દરિયામાં ભળતાં પહેલાં જ પકડે છે. ચોમાસાના તેજ પ્રવાહ વચ્ચે પણ તેને કાર્યરત રાખવાની ડિઝાઇન એ ખરેખર મહત્ત્વની બાબત છે. કારણ કે મુંબઈમાં ચોમાસું એટલે માત્ર વરસાદ નહીં, પણ શહેરનો કચરો દરિયામાં ઠલવાતો હોય છે. દર વર્ષે ચોમાસામાં દરિયો આપણો કચરો પાછો કિનારા પર ઠેલી દે છે. આ ચક્ર હવે તોડવું પડશે.ત્રણ વર્ષમાં મુંબઈની અગિયાર જગ્યાએ આ બેરિયર લગાવાની યોજના છે. તેનાથી દરિયામાં જતા ૪૦ ટકાથી વધુ પ્લાસ્ટિક કચરા પર લગામ લાગશે તેવી આશા છે. આ આંકડો મોટો છે, પરંતુ તેનો અર્થ એ નથી કે બાકીનો કચરો અવગણી શકાય. ૪૦ ટકા રોકાણ એ શરૂઆત છે; ૧૦૦ ટકા સ્વચ્છતા માટે ોત પર જ કચરો અટકાવવો પડશે. લોકો ઘરમાં કચરાનું વર્ગીકરણ કરે, નાળામાં પ્લાસ્ટિક ન ફેંકે, દુકાનદારો પ્લાસ્ટિકનો ઉપયોગ ઘટાડે અને સ્થાનિક સંસ્થાઓ સમયસર કચરો ઉપાડે તો જ આ અભિયાન સાર્થક થશે. 'ઇન્ટરસેપ્ટર' એ સફાઈનું અંતિમ ઉપાય નથી, તે તાત્કાલિક રક્ષા કવચ છે.આ પહેલની બીજી મહત્ત્વની બાજુ કચરાનું મૂલ્યાંકન છે. તૃપ્તિ અગ્રવાલ જણાવે છે કે આ પ્લાસ્ટિકમાંથી સનગ્લાસિસ, કોલ્ડપ્લે બેન્ડના વિનાઇલ રેકોર્ડ અને ક્રિયા કારના ડેશબોર્ડ તૈયાર કરાશે. આ વિચાર પર્યાવરણ અને અર્થતંત્રને જોડે છે. કચરાને ફક્ત દૂર ખસેડવાને બદલે તેમાંથી ઉત્પાદન બનાવવું એ સર્ક્યુલર ઇકોનોમીની દિશા છે. જો આ મોડેલ સફળ થાય તો કચરો સંસાધન બની શકે છે. પરંતુ તેની પ્રામાણિકતા જાળવવી પડશેઃ સંગ્રહ, વર્ગીકરણ, ધોવાણ અને રિસાયક્લિંગની સાંકળ પારદર્શક હોવી જોઈએ. કચરામાંથી બનેલા ઉત્પાદનોનું બજાર મળે અને તેની આવક સ્થાનિક સફાઈ કામદારો, રિસાયકલરો અને સમુદાય સુધી પહોંચે તો આ પહેલ વધુ ન્યાયપૂર્ણ બનશે.

શિકારની શોધમાં જંગલની મહારાણી...



ક્લિક કોર્નર

- ધવલ સંઘવી

સાસણગીરના ગાઢ જંગલમાં શિકારની ફિરાકમાં નજર માંડીને બેઠેલી સિંહણનો અદભુત નજારો જોવા મળ્યો હતો. આસપાસના વાતાવરણ પર બાજ નજર રાખતી સિંહણની સતર્કતા અને શાંત મુદ્રા જંગલના રોમાંચક જીવનની ઝલક રજૂ કરતી હતી. કુદરતના ખોળે જીવાતી વન્યજીવનની આ ક્ષણ ખરેખર કેમેરામાં કેદ કરવા જેવી બની હતી.

લોકો આવાં વિચિત્ર કેમ?

સારા મમ્મી-પપ્પાની જેમ રૂપાલી ખન્નાનાં માતા-પિતા પણ તેને હાથનાં નખ ચાવવા માટે સતત ટોક્યા કરતાં હતાં. પણ રૂપાલી સાંભળતી નહોતી. શાળા જીવન દરમિયાન દરેક શિક્ષકોએ તેને સંતુલિત આહાર ખાવાની સલાહ આપી હશે, પણ રૂપાલીને માત્ર પોતાનાં નખ ખાવામાં વધુ રસ હતો. જ્યારે હાથની બધી જ આંગળીઓનાં નખ ખવાઈ ગયા ત્યારે તેણે નવી પદ્ધતિ શોધી કાઢી અને તેણે પગનાં નખ ખાવાનું શરૂ કર્યું. ''મારી મમ્મીને આ વાત એટલી ગંદી લાગી કે તેણે મને ફટકારવાનું શરૂ કર્યું. જોકે, હવે તેણે ફટકારવાનું પણ છોડી દીધું છે.'' ૩૧ વર્ષની મીડિયા પ્રોફેશનલ તરીકે કારકિર્દી ધરાવતી રૂપાલીના પગનાં નખ કપાયેલા પણ આકાર વગરનાં દેખાશે. શરૂઆતમાં તો તે પોતાનો પગનો અંગૂઠો સીધો જ મોઢામાં નાખતી હતી, પણ હવે તેણે જરા સારી પદ્ધતિ એ અપનાવી છે કે હાથેથી પગનાં નખ તોડીને પછી તેને ચાવે છે. જોકે આવું બધું તે ઘરમાં કરવાનું પસંદ કરે છે અને એની બેસ્ટ ફ્રેન્ડને પણ એ વાતની ખબર છે. ''હવે તો એણે મને ટોકવાનું પણ છોડી દીધું છે,'' રૂપાલી કહે છે. રૂપાલી ગમે ત્યારે, ભૂખ ન લાગી હોય તો પણ નખ ચાવ્યા કરે છે.

દુનિયા આવી વાતને કદાચ વિચિત્ર કહે પણ ખન્નાને કોઈની પરવા નથી. એને ખબર છે કે તેના જેવા ઘણાં લોકો હોય છે. રૂપાલી જેવા ઘણા લોકો હોય છે, જેઓ પોતાની વિચિત્ર વર્તણૂંકને સમજી શકતાં નથી. તેઓ એવી વર્તણૂંકને પણ શાંતિથી અપનાવી લે છે. પણ તેને કારણે કુટુંબીજનોને મૂંઝવણભરી પરિસ્થિતિમાં મૂકાવું પડતું હોય છે. જેમ કે ૫૦ વર્ષની વિદ્યા લુથરાને હોટેલમાં લઈ જતાં તેની દીકરીને બેવાર વિચાર કરવો પડે છે. તે સ્વચ્છતાની અતિ આગ્રહી છે અને હોટેલના ટેબલ પર પડેલી એશ ટ્રે તેને દીઠી પણ ગમતી નથી. તેને જ્યાં દેખાય ત્યાં તે એશ ટ્રે લઈને ખાલી કરવા માંડે છે. ગમે ત્યાં, ગમે ત્યારે. ''મારા મિત્રો આ બાબતે વિચાર કરતાં હતાં કે હું આવું શા માટે કરું છું પણ હવે તેઓ સુદ્ધાં મારી જેમ એશ ટ્રે ખાલી કરવા માંડ્યાં છે,'' એવું લુથરા કહે છે. જોકે લુથરા પોતે પણ ક્યારેક ધુમ્રપાન કરી લે છે. આવી બાબતને કારણે અન્ય લોકોનું ધ્યાન દોરાય તે વિદ્યાની દીકરીને ગમતું નથી. ''મને કોઈની પરવા નથી, હું જેવી છું તેવી જ રહીશ,'' એમ વિદ્યા હસતાં હસતાં કહી દે છે.

સોશ્યલ મીડિયાની દેન 'પોપકોર્ન બ્રેન'



કેટલાંક લોકો બે-ચાર મિનિટ માટે પણ એક જગ્યાએ બેસી નથી શકતા. તેઓ એક કામ હાથમાં લે અને તે અધૂરું મૂકીને બીજું કામ શરૂ કરી દે. તેમના મગજમાં સાગમટે કંઈકેટલુંય ચાલતું-દોડતું હોય તેથી તેઓ હમેશાં મૂંઝવણમાં જ રહે કે આ કામ પહેલા કરું કે પેલું? નિષ્ણાતો કહે છે કે ઘણાં લોકો ટીવી જોતાં હોય ત્યારે પણ વચ્ચે વચ્ચે મોબાઈલ પર નજર નાખી લે છે. પુસ્તક વાંચવા બેસે ત્યારે પણ મોબાઈલ પર ચેટિંગ ચાલુ રાખે. કોઈ ફિલ્મ કે ટીવી શો જોવા બેઠાં હોય ત્યારે પણ વારંવાર ચેનલ બદલ્યા કરે. તેવી જ રીતે ગીત સાંભળતા હોય ત્યારે આખું ગીત સાંભળવાની ધીરજ ન રાખી શકે.

હજી મુખડું સાંભળે ન સાંભળે ત્યાં બીજું ગીત ચાલુ કરી દે. નિષ્ણાતો વધુમાં કહે છે કે વર્ષ ૨૦૧૧માં વૉશિંગટન યુનિવર્સિટીના સંશોધક ડેવિડ લેવીએ આ પ્રકારની માનસિકતાને 'પોપકોર્ન બ્રેન' નામ આપ્યું છે. તેમણે કહ્યું હતું કે જ્યારે કોઈ વ્યક્તિના વિચારોમાં સ્થિરતા ન હોય, તેનું મગજ કોઈક વિષય પર વિચારી રહ્યું હોય અને શીઘ્ર બીજા, ત્રીજા કે ચોથા વિચારમાં ભટકવા લાગે તેને પોપકોર્ન બ્રેન કહેવાય. બિલકુલ પોપકોર્ન બનતા હોય એ રીતે તેનું મગજ ઝપાટાભેર એક વિષય પરથી બીજા વિષય પર કૂદકા માર્યા કરે છે.

મનોચિકિત્સકો કહે છે કે 'પોપકૉર્ન બ્રેન'નું સૌથી મોટું કારણ છે સોશ્યલ મીડિયા. લોકો પોતાના મોબાઈલમાં કંઈકેટલીય એપ ડાઉનલોડ કરી રાખે છે. અને તેઓ જ્યારે કોઈ કામ કરતાં હોય ત્યારે ફોન પર આવતાં નોટિફિકેશનને કારણે તેમનું ધ્યાન વારંવાર ભટકે છે. સ્વાભાવિક રીતે જ પોતાના કામમાં ધ્યાન આપવાનું તેમના માટે મુશ્કેલ બની જાય છે. તેમની એકાગ્રતામાં ખલેલ પડતાં તેઓ પોતાનું કામ સુપેરે પાર નથી પાડી શકતાં. વિદ્યાર્થીઓને આ વાત તેમના અભ્યાસ બાબતે લાગૂ પડે છે. 'પોપકૉર્ન બ્રેન' ધરાવતાં વિદ્યાર્થીઓની એકાગ્રતા ખોરવાય તેની સીધી અસર તેમના પરિણામ પર પડે છે. તેઓ કોઈ કામ ચોકસાઈપૂર્વક નથી કરી શકતા, તેમના દરેક કામમાં ભૂલો થાય છે જે તેમને અન્યોની તુલનામાં પાછળ ધકેલી દે છે. જ્યારે તેઓ વારંવાર પાછળ ધકેલાય ત્યારે તેમનો આત્મવિશ્વાસ ડગમગવા લાગે છે. નાની નાની વાતો, મહત્વના કાર્યો ભૂલ જવાં તેમ જ રોજિંદા કાર્યોનો આરંભ કરવાથી લઈને તે પૂરાં કરવા સુધીમાં મુશ્કેલીનો સામનો કરવો ઇત્યાદિ 'પોપકૉર્ન બ્રેન'ના કારણો બને છે. મનોચિકિત્સકો વધુમાં કહે છે કે સોશ્યલ મીડિયા પર ઝપાટાભેર ખ્યાતિ પ્રાપ્ત કરવાની તમન્ના પણ 'પોપકૉર્ન બ્રેન'નું કારણ બની રહી છે. લોકો ઝટપટ પ્રખ્યાત થવા રીલ્સ બનાવ્યા કરે છે. અને શોર્ટ્સના માધ્યમથી કાંઈક નવું કરવાનો પ્રયત્ન કરતાં રહે છે. માત્ર ૩૦ સેકન્ડની રીલ બનાવનારાઓની સંખ્યા પણ નાનીસુની નથી. તેઓ સારી રીતે જાણતા હોય છે કે રીલ્સ જોનારાઓમાં પણ ઝાઝી ધીરજ નથી. લાંબી રીલ તેઓ અધવચ્ચે જ મૂકી દેશે તો તેમને લાઇક્સ શી રીતે મળશે. આમ અડધી મિનિટની એક રીલ બનાવ્યા પછી તેમનું મગજ બીજી રીલ માટેનો વિષય શોધવા દોડવા લાગે છે. આમ સતત એક પછી બીજા, ત્રીજા, ચોથા વિષય વિશે વિચારતાં વિચારતાં તેઓ 'પોપકૉર્ન બ્રેન'ની સ્થિતિમાં આવી જાય છે.

વિશેષ

મનોચિકિત્સકો આ સમસ્યાથી બચવાના ઉપાયો સૂચવતાં કહે છે કે રીલ્સ બનાવવાના સ્થાને સુડોકુ, ક્રોસવર્ડ, શતરંજ, જિગ્સો પઝલ, સ્કેબલ કે મેમરી-બિલ્ડિંગ જેવી મગજની કસરત આપતી રમતો પર ધ્યાન આપો. આવી રમતો રમવાથી મગજ ઝડપથી ચાલવા છતાં ધ્યાન કેન્દ્રિત કરવામાં સમસ્યા નથી સર્જાતી. અને જ્યારે એકાગ્રતા કેળવવાની ટેવ પડે ત્યારે મગજમાં વિચારોની કૂદાકૂદ પર આપોઆપ અંકુશ આવી જાય છે. તેઓ વધુમાં કહે છે કે એકી વખતે બે કામ કરવાની ટેવ પણ તડકે મૂકો. બંને કામ વારાફરતી કરવાથી બેઉ કામ ચોક્સાઈપૂર્વક કરી શકાય છે.

વળી બે કામ એકસાથે પૂરાં કરવાનું ટેન્શન ટળી જાય તે છોગામાં. આજની તારીખમાં સોશ્યલ મીડિયાથી સંપૂર્ણપણે અળગું રહેવું શક્ય નથી. પરંતુ વચ્ચે વચ્ચે તેમાંથી બ્રેક લેવાથી પણ મગજ ઘણું શાંત રહે છે. 'પોપકૉર્ન બ્રેન' સોશ્યલ મીડિયાની દેન છે. હવે આ દેનને તમારા મગજમાં ઘૂસવા દેવી કે નહીં તે તમારા ઉપર અવલંબે છે.

સાંસ્કૃતિક વિરાસત ધરાવતો દેશ હિંસાની આગમાં સળગે છે

આસપાસ ચોપાસ

સુરેશ ભટ્ટ

બાંગ્લાદેશની સાંસ્કૃતિક વિરાસત એટલે નદીઓ, સંગીત, સાહિત્ય અને માણસાઈનો સુંદર સંગમ. આ દેશને નદીઓનો દેશ કહેવામાં આવે છે. પદ્મા, મેઘના, જમુના જેવી મોટી નદીઓ અહીંના લોકોના જીવન સાથે વણાયેલી છે. નદી કિનારે વસેલા ગામડાઓમાં સવાર પડે એટલે માછીમારો જાળ લઈને નીકળી પડે છે, ખેડૂતો ખેતર તરફ જાય છે અને બાળકો નદીના પાણીમાં રમતા જોવા મળે છે. આ નદીઓએ અહીંના લોકોને ધીરજ, મહેનત અને પ્રકૃતિ સાથે જીવતા શીખવ્યું છે. બાંગ્લાદેશની માટીમાંથી જન્મેલું બાઉલ સંગીત દુનિયાભરમાં જાણીતું છે. બાઉલ ગાયકો એકતારા લઈને ગામે ગામ ફરે છે અને પ્રેમ, માનવતા અને ઈશ્વરની વાત ગીતો દ્વારા કરે છે. રવીન્દ્રનાથ ટાગોર અને કાઝી નઝરૂલ ઇસ્લામ જેવા મહાન કવિઓએ આ ધરતીને પોતાની કવિતાઓથી સમૃદ્ધ કરી છે. ટાગોરનું ગીત આજે બાંગ્લાદેશનું રાષ્ટ્રગીત છે, જે દરેક બાંગ્લાદેશીના હૃદયમાં વસે છે. નઝરૂલ ઇસ્લામે બળવા અને આઝાદીના ગીતો ગાયા, જેણે યુવાનોમાં હિંમત જગાવી.

અહીંના તહેવારોમાં પણ એકતાની ઝલક જોવા મળે છે. પોહેલા બોઇશાખ એટલે બંગાળી નવું વર્ષ. આ દિવસે હિન્દુ, મુસ્લિમ, બૌદ્ધ બધા એક સાથે રંગબેરંગી કપડાં પહેરીને મેળામાં જાય છે, પાંતા ભાત ખાય છે, ગીત ગાય છે અને નાચે છે. ઈદ અને દુર્ગાપૂજા પણ અહીં એટલા જ ઉમંગથી ઉજવાય છે. લોકો એકબીજાના ઘરે જાય છે, મીઠાઈ વહેંચે છે અને ખુશી વહેંચે છે. આ જ તો બાંગ્લાદેશની સાચી ઓળખ છે. અહીંની જામદાની સાડી, નકશી કાંથા, માટીના વાસણો અને હાથની કારીગરી દુનિયામાં વખણાય છે. સ્ત્રીઓ પોતાના હાથે કાંથામાં પોતાના સપના ગૂંથે છે. દરેક ટાંકામાં માની મમતા અને દીકરીની યાદ છુપાયેલી હોય છે. અહીંનું ભોજન પણ સંસ્કૃતિનો જ ભાગ છે. માછલી ભાત અહીંના લોકોનું પ્રિય ભોજન છે. મહેમાન આવે એટલે ઘરમાં માછલી અને ભાત વિના મહેમાનગતિ અધૂરી ગણાય. આમ બાંગ્લાદેશની સંસ્કૃતિ માત્ર પુસ્તકોમાં નથી, તે લોકોના ગીતમાં, ખાવામાં, પહેરવેશમાં અને એકબીજા પ્રત્યેના પ્રેમમાં જીવંત છે.

બાંગ્લાદેશમાં આજે સત્તા બદલાઈ ગઈ છે પણ શાંતિ હજુ આવી નથી. નવ મહિના પહેલા જે આશા સાથે નવી સરકાર બની હતી એ આશા હવે સવાલોમાં ફેરવાઈ રહી છે. વડાપ્રધાન તારિક રહમાનની સરકાર સામે એક સાથે અનેક મોરચા ખૂલી ગયા છે. એક તરફ કાપડ ઉદ્યોગના મજૂરો પોતાના પગાર અને જીવન જરૂરિયાત માટે રસ્તા પર છે તો બીજી તરફ રાજકીય પક્ષો પોતાની તાકાત બતાવવા માટે મેદાનમાં ઉતરી આવ્યા છે. દેશના અનેક જિલ્લાઓમાં હિંસા, આગચંપી અને બોમ્બ ધડાકાની ઘટનાઓએ સામાન્ય માણસના મનમાં ડર પેદા કર્યો છે. સરકારે સ્થિતિને કાબુમાં લેવા માટે સુરક્ષા દળોને તૈનાત કર્યા છે પણ વિરોધનો અવાજ ઓછો થવાને બદલે વધતો જાય છે. આ સ્થિતિ એ વાતની યાદ અપાવે છે કે સત્તા બદલવી સહેલી છે પણ વ્યવસ્થા બદલવી અને લોકોનો વિશ્વાસ જીતવો એ સૌથી મોટી કસોટી છે.

ગારમેન્ટ્સ ઉદ્યોગ બાંગ્લાદેશની આર્થિક કરોડરજ્જુ ગણાય છે. લાખો પરિવારોનું ગુજરાન આ ઉદ્યોગ પર ચાલે છે. ખાસ કરીને મહિલા મજૂરો મોટી સંખ્યામાં આ કારખાનાઓમાં કામ કરે છે. મોંઘવારી વધી છે, ખાવા પીવાની ચીજો મોંઘી થઈ છે, ભાડું વધ્યું છે, બાળકોના ભણતરનો ખર્ચ વધ્યો છે પણ પગાર એટલો વધ્યો નથી. એટલે મજૂરોને લાગે છે કે તેમની મહેનતનું સાચું મૂલ્ય મળતું નથી. જ્યારે પેટની ભૂખ અને ઘરની જરૂરિયાત સામે આવે ત્યારે માણસ ચૂપ રહી શકતો નથી. એટલે જ આજે મજૂરો રસ્તા પર છે. તેઓ હિંસા નથી ઈચ્છતા, તેઓ માત્ર એટલું ઈચ્છે છે કે તેમનો અવાજ સાંભળવામાં આવે, તેમની સાથે વાત કરવામાં આવે અને તેમના જીવનમાં થોડી રાહત આવે. પણ જ્યારે વાતચીતનો રસ્તો બંધ થઈ જાય છે ત્યારે આંદોલન મોટું બને છે અને તેમાં બહારના તત્વો ઘૂસી જાય છે. એ પછી આંદોલનની દિશા બદલાઈ જાય છે અને નુકસાન સામાન્ય લોકોને જ થાય છે.

રાજકીય મોરચે પણ સ્થિતિ ઓછી ગંભીર નથી. અવામી લીગ પર પ્રતિબંધ છે છતાં તેના સમર્થકો સક્રિય છે. તેઓ માને છે કે તેમને રાજકારણમાંથી બહાર કાઢી દેવામાં આવ્યા છે. બીજી તરફ સરકાર અને તેના સમર્થક પક્ષો માને છે કે અવામી લીગના શાસનમાં થયેલા દમનનો હિસાબ હજુ બાકી છે. આ જૂની દુશ્મનાવટ આજે પણ દેશને નુકસાન પહોંચાડી રહી છે. ૨૦૦૪ની ગ્રેનેડ હુમલાની ઘટનાથી લઈને છેલ્લા વર્ષોના દમનના આરોપો સુધી, બંને પક્ષોના મનમાં ઘા હજુ રૂઝાયા નથી. જ્યારે રાજકારણ બદલાની ભાવનાથી ચાલે છે ત્યારે દેશ આગળ વધી શકતો નથી. જમાત એ ઇસ્લામીએ પણ હવે સરકાર વિરુદ્ધ મોટા વિરોધની જાહેરાત કરી છે. તેનો આરોપ છે કે સરકાર હિંસા રોકવામાં નિષ્ફળ ગઈ છે. વિદ્યાર્થીઓની નવી પાર્ટી એનસીપી પણ નારાજ છે. તેનું કહેવું છે કે જુલાઈ ચાર્ટરમાં જે સુધારાની વાત થઈ હતી તે હજુ પૂરી થઈ નથી. આમ એક પછી એક પક્ષ સરકારથી દૂર થતો જાય છે અને સરકાર એકલી પડતી દેખાય છે.

હિંસાની ઘટનાઓએ આ તણાવને વધુ વધારી દીધો છે. અનેક જિલ્લાઓમાં ઘરો સળગાવવામાં આવ્યા, દુકાનો લૂંટવામાં આવી, વાહનોમાં આગ લગાડવામાં આવી અને દેશી બોમ્બ ફોડવામાં આવ્યા. નરેલ જિલ્લાના એક ગામમાં તો એક જ રાતમાં ત્રીસ ઘરો સળગી ગયા. લોકો પોતાના ઘર છોડીને ભાગવા મજબૂર બન્યા. સ્થાનિક લોકો કહે છે કે આ હુમલા પાછળ રાજકીય બદલો છે. સરકારે અનેક લોકોની ધરપકડ કરી છે પણ લોકોના મનમાંથી ડર ગયો નથી. જ્યારે ગામમાં આગ લાગે છે ત્યારે માત્ર ઘર નથી બળતું, લોકોનો વિશ્વાસ પણ બળી જાય છે. એક સામાન્ય પરિવાર જે વર્ષોની મહેનતથી પોતાનું ઘર બનાવે છે તે એક રાતમાં રાખ થઈ જાય તેનો દુઃખ કોઈ સમજી શકે નહીં. આ હિંસા કોઈ પક્ષને ફાયદો નથી કરાવતી, તે દેશની છબીને જ નુકસાન પહોંચાડે છે.



લઘુમતીઓની સુરક્ષાનો સવાલ પણ સરકાર માટે મોટો પડકાર બની ગયો છે. હિન્દુ સમુદાય પર હુમલાના સમાચારો બહાર આવે છે ત્યારે દેશની અંદર અને બહાર બંને જગ્યાએ ચિંતા વધે છે. બાંગ્લાદેશ હંમેશા પોતાની સહિષ્ણુતા અને સંસ્કૃતિ માટે ઓળખાયો છે. ત્યાં હિન્દુ, મુસ્લિમ, બૌદ્ધ અને ખ્રિસ્તી બધા સાથે રહ્યા છે. જો આ એકતા તૂટે તો દેશની ઓળખને નુકસાન થાય છે. સરકારે આ બાબતે સ્પષ્ટ સંદેશ આપવો પડશે કે કોઈ પણ નાગરિક પર તેના ધર્મને કારણે હુમલો થશે નહીં અને હુમલો કરનારને છોડવામાં આવશે નહીં. કાયદો જો બધા માટે સરખો ન હોય તો લોકોનો કાયદા પરથી વિશ્વાસ ઉઠી જાય છે.

ભારત સાથેના સંબંધો પણ આ સમયે કસોટી પર છે. પૂર્વ વડાપ્રધાન શેખ હસીના ભારતમાં છે એ મુદ્દો બંને દેશો વચ્ચે તણાવનું કારણ બન્યો છે. બાંગ્લાદેશમાં કેટલાક લોકો તેમની વાપસીની વાત કરે છે તો ભારત પોતાની રીતે આ મુદ્દાને જોઈ રહ્યું છે. પાડોશી દેશો વચ્ચે મતભેદ હોવા છતાં વેપાર, પાણી, સરહદ અને સામાન્ય લોકોના સંબંધો તો ચાલુ જ રહેવાના છે. એટલે બંને દેશોએ સમજદારીથી કામ લેવું પડશે. તારિક રહમાને હજુ ભારત પ્રવાસ અંગે નિર્ણય લીધો નથી. ડિસેમ્બરમાં તેઓ મલેશિયા અને માલદીવના નેતાઓને મળવાના છે. આ મુલાકાતો દ્વારા તેઓ દુનિયાને એ સંદેશ આપવા માગે છે કે બાંગ્લાદેશ સ્થિર છે અને વાતચીત માટે તૈયાર છે. પણ સાચી સ્થિરતા વિદેશી મુલાકાતોથી નહીં, દેશની અંદર શાંતિ સ્થાપવાથી આવશે.

આગળનો રસ્તો શું છે એ સવાલ આજે દરેક બાંગ્લાદેશીના મનમાં છે. સરકાર જો માત્ર સુરક્ષા દળોના ભરોસે રહેશે તો સમસ્યા ઉકેલાશે નહીં. સરકારે મજૂરો સાથે વાત કરવી પડશે, વિપક્ષ સાથે સંવાદ કરવો પડશે અને વિદ્યાર્થીઓની વાત સાંભળવી પડશે. હિંસા કરનારને સજા થવી જોઈએ પણ નિર્દોષ લોકોને ડરાવવામાં ન આવે તેનું પણ ધ્યાન રાખવું પડશે. અવામી લીગને આતંકી સંગઠન જાહેર કરવાની વાતથી તણાવ વધશે કે ઘટશે એ પણ વિચારવું પડશે. કોઈ પક્ષને કાયદાની રીતે રોકવો એ એક વાત છે અને તેના લાખો સમર્થકોના મનને જીતવું એ બીજી વાત છે. લોકશાહી ત્યારે જ મજબૂત બને છે જ્યારે હારેલા પક્ષને પણ પોતાની વાત કહેવાનો અધિકાર મળે છે. બાંગ્લાદેશના લોકો હવે બદલો નથી ઈચ્છતા, તેઓ શાંતિ ઈચ્છે છે, કામ ઈચ્છે છે, સસ્તું અનાજ ઈચ્છે છે અને બાળકો માટે સલામત ભવિષ્ય ઈચ્છે છે. જો સરકાર આ સામાન્ય ઈચ્છાઓ પૂરી કરી શકશે તો જ તેની સત્તા ટકશે, નહીં તો આંદોલનોનો આ દોર ચાલતો જ રહેશે.

બાંગ્લાદેશની માટીમાંથી જન્મેલું બાઉલ સંગીત દુનિયાભરમાં જાણીતું છે. બાઉલ ગાયકો એકતારા લઈને ગામે ગામ ફરે છે અને પ્રેમ, માનવતા અને ઈશ્વરની વાત ગીતો દ્વારા કરે છે. રવીન્દ્રનાથ ટાગોર અને કાઝી નઝરૂલ ઇસ્લામ જેવા મહાન કવિઓએ આ ધરતીને પોતાની કવિતાઓથી સમૃદ્ધ કરી છે.

દેશ માટે તેણે જે કર્યું તે બહુ ઓછા લોકો કરી શક્યા ધોનીની નિવૃત્તિ પર ઈશાન કિશન થયો ભાવુક

નવીદિલ્હી,

ભારતીય વિકેટકીપર-બેટ્સમેન ઈશાન કિશનએ સોમવારે ભૂતપૂર્વ ભારતીય કેપ્ટન મહેન્દ્ર સિંહ ધોનીની પ્રશંસા કરી. ધોનીના આઈપીએલમાંથી નિવૃત્તિ લેવાના નિર્ણય પર પ્રતિક્રિયા આપતા ઈશાને કહ્યું કે ચાહકો અને ખેલાડીઓ માટે આ ભાવનાત્મક ક્ષણ છે, પરંતુ દેશ માટે ધોનીનું યોગદાન હંમેશા યાદ રહેશે. ઈશાને કહ્યું કે ધોનીએ પોતાની રમત અને નેતૃત્વથી યુવા ક્રિકેટરોની પેઢીઓને પ્રેરણા આપી છે. બહુ ઓછા ખેલાડીઓ દેશ માટે તેના જેવું યોગદાન આપી શક્યા છે.પત્રકારો સાથે વાત કરતા ઈશાન કિશને કહ્યું, "તે નિવૃત્તિ લઈ ચૂક્યો છે. મને ખબર છે કે તે તેના માટે યોગ્ય સમય હતો અને તેને લાગ્યું કે તે યોગ્ય નિર્ણય હતો. પરંતુ સૌથી મહત્વની વાત એ છે કે આપણે બધા સમજીએ છીએ કે તેણે આ દેશને કેટલું આપ્યું છે. તે જે રીતે ક્રિકેટ રમ્યો અને તેણે યુવા ખેલાડીઓને પ્રેરણા આપી તે સર્વોપરી છે." ઈશાને આગળ કહ્યું, "દેખીતી રીતે, જ્યારે તે નિવૃત્તિ લેતો હતો ત્યારે દરેકને ખરાબ લાગ્યું હતું, પરંતુ આપણે હજુ પણ તેને મેદાન પર અને ટીવી પર જોઈ શકીશું. તેણે દેશ માટે જે કર્યું છે તે ખૂબ જ આનંદની વાત છે. કદાચ બહુ ઓછા ખેલાડીઓ તે કરી શક્યા હશે."૧૭ નવેમ્બરના રોજ, ચેન્નાઈ સુપર કિંગ્સએ સત્તાવાર



રીતે જાહેરાત કરી કે મહેન્દ્ર સિંહ ધોની આઈપીએલ ૨૦૨૭ પહેલા ટીમ મેન્ટરની નવી ભૂમિકા સંભાળશે. આ નિર્ણય તેની શાનદાર આઈપીએલ કારકિર્દીનો અંત દર્શાવે છે. ધોની ૨૦૦૮માં તેની શરૂઆતની સીઝનથી આઈપીએલનો ભાગ છે. તે લાંબા સમયથી ચેન્નાઈ સુપર કિંગ્સનો ખેલાડી છે. કેપ્ટન, ફિનિશર અને ઉત્તમ વિકેટકીપર તરીકે, તેણે આઈપીએલમાં પોતાની અલગ ઓળખ બનાવી. ૪૫ વર્ષીય ધોનીની કેપ્ટનશીપ હેઠળ, ચેન્નાઈ સુપર કિંગ્સે પાંચ વખત આઈપીએલનો ખિતાબ જીત્યો છે. ટીમે ૨૦૧૦, ૨૦૧૧, ૨૦૧૮, ૨૦૨૧ અને ૨૦૨૩ માં ટ્રોફી જીતી હતી. વધુમાં, ચેન્નાઈએ ૨૦૧૦ અને ૨૦૧૪ માં ચેમ્પિયન્સ લીગ ટી ૨૦ પણ જીતી હતી.ધોનીની કેપ્ટનશીપ હેઠળ, ચેન્નાઈ સુપર કિંગ્સે સતત સારું પ્રદર્શન કરતી રહી. તેણે ટીમમાં દબાણ હેઠળ અનુભવ, વિશ્વાસ અને શાંત રહેવાની સંસ્કૃતિ વિકસાવી. તેની કેપ્ટનશીપની મુખ્ય લાક્ષણિકતા તેના ખેલાડીઓમાં વિશ્વાસ અને મુશ્કેલ પરિસ્થિતિઓમાં તેમને સારું પ્રદર્શન કરાવવાની ક્ષમતા હતી.

પાકિસ્તાન સુપર લીગની આગામી ૧૨મી સીઝનની શરૂઆતની મેચ પેશાવરમાં રમાશે

ઈસ્લામાબાદ,

પાકિસ્તાન સુપર લીગ (પીએસએલ) ની આગામી સીઝનમાં, પેશાવરના ક્રિકેટ ચાહકોને પ્રથમ વખત તેમની ઘરઆંગણે લીગનો ઉત્સાહ અનુભવવાની તક મળશે. પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (પીસીબી) એ ૨૩ નવેમ્બરના રોજ એક મોટી જાહેરાત કરી હતી, જેમાં પુષ્ટિ કરવામાં આવી હતી કે આવતા વર્ષની પીએસએલની ૧૨મી સીઝનની શરૂઆતની મેચ પેશાવરમાં રમાશે. વધુમાં, શહેરના ઐતિહાસિક ક્રિકેટ સ્ટેડિયમનું નામ બદલીને અરબાબ નિયાઝ સ્ટેડિયમ કરવામાં આવ્યું છે. અગાઉ, તે ઈમરાન ખાન ક્રિકેટ સ્ટેડિયમ તરીકે જાણીતું હતું.પીસીબીએ પીએસએલ સ્થળોની યાદીમાં છઠ્ઠા સ્થળ તરીકે પેશાવરનો સમાવેશ કર્યો છે. જોકે, બોર્ડે હજુ સુધી સ્પષ્ટતા કરી નથી કે શહેરમાં કેટલી મેચ રમાશે.પીસીબીના અધ્યક્ષ મોહસીન નકવીએ એક પ્રેસ કોન્ફરન્સમાં સંકેત આપ્યો હતો કે પેશાવર ઓપનિંગ મેચ ઉપરાંત બીજી મેચનું આયોજન કરી શકે છે.

પીએસએલમાં પેશાવરનો સમાવેશ કરવાનો નિર્ણય મહત્વપૂર્ણ છે કારણ કે ૨૦૧૬ માં લીગની શરૂઆત થઈ ત્યારથી શહેરમાં એક પણ મેચનું આયોજન થયું નથી. પીએસએલની બધી મેચ ૨૦૨૦ માં પાકિસ્તાનમાં યોજાવાની શરૂઆત થઈ. ત્યારથી, લાહોર, કરાચી, રાવલપિંડી અને મુલતાન લીગના મુખ્ય સ્થળો રહ્યા છે. જોકે, લીગમાં બે નવી ટીમોના ઉમેરા સાથે, મેચોની સંખ્યા ૩૪ થી વધીને ૪૪ થઈ ગઈ. આ પછી,પીસીબીએ સ્થળોની યાદીમાં ફૈસલાબાદ અને પેશાવરનો પણ સમાવેશ કર્યો.

પીસીબીએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે આ નિર્ણય ખૈબર પખ્તુનખ્વામાં ક્રિકેટ માટે એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ છે. બોર્ડના જણાવ્યા અનુસાર, ૨૦૧૬ માં લીગની પહેલી સીઝનથી પેશાવરના હજારોક્રિકેટચાહકોતેમની ટીમ અને ટુર્નામેન્ટ સાથે જોડાયેલા છે, પરંતુ તેમને હજુ સુધી તેમના શહેરમાં પીએસએલ મેચ જોવાની તક મળી નથી. નોંધનીય છે કે પીએસએલની ૧૨મી સીઝન આવતા વર્ષે ૧૮ માર્ચથી ૨ મે સુધી રમાશે.

ભારતીય ટીમના કોચિંગ સ્ટાફના ભૂતપૂર્વ સભ્ય પારસ મ્હામ્બ્રે હવે પીબીકેએસના નવા બોલિંગ કોચ બનશે

નવીદિલ્હી,

ઈન્ડિયન પ્રીમિયર લીગની આગામી સીઝન હજુ થોડો સમય દૂર છે, પરંતુ ટીમોએ તેમની તૈયારીઓ તેજ કરી દીધી છે. બધી ટીમોએ જાહેરાત કરી છે કે તેઓ કયા ખેલાડીઓને જાળવી રાખી રહ્યા છે અને કોને રિટેન્શન ડે પર છોડી રહ્યા છે. હવે, બધાની નજર આવતા મહિને યોજાનારી હરાજી પર છે. દરમિયાન, પંજાબ કિંગ્સે વધુ એક મોટી જાહેરાત કરી છે. પારસ મ્હામ્બ્રે ટીમના નવા બોલિંગ કોચ હશે. તેમણે અગાઉ ભારતીય ટીમને કોચિંગ આપ્યું છે, અને તે દરમિયાન ટીમે સારું પ્રદર્શન કર્યું. તેઓ ટીમને આગળ વધારવા માટે રિકી પોન્ટિંગ સાથે કામ કરશે.



શ્રેયસ ઐયરની આગેવાની હેઠળની પંજાબ કિંગ્સે જાહેરાત કરી છે કે પારસ મ્હામ્બ્રે ટીમના નવા બોલિંગ કોચ બનશે. રાજીવ કુમાર ફિલ્ડિંગ કોચ પણ રહેશે. રાજીવ અગાઉ ચેન્નાઈ સુપર કિંગ્સ સાથે કામ કરી ચૂક્યા છે. અગાઉ, પંજાબના બોલિંગ કોચ જેમ્સ હોપ્સ હતા, જ્યારે બ્રેડ હેડિન ફિલ્ડિંગ ફરજો સંભાળી રહ્યા હતા. આ જાહેરાત તેમના ગયા પછી કરવામાં આવી હતી.

રિકી પોન્ટિંગ હાલમાં પંજાબ કિંગ્સના મુખ્ય કોચ છે. સદનસીબે, પારસ મ્હામ્બ્રે અગાઉ મુંબઈ ઈન્ડિયન્સ સાથે પોન્ટિંગ સાથે પણ કામ કરી ચૂક્યા છે. રાહુલ દ્રવિડના ૨૦૨૧ થી ૨૦૨૪ સુધીના મુખ્ય કોચ તરીકેના કાર્યકાળ દરમિયાન પારસ પણ ટીમ ઈન્ડિયા સાથે સંકળાયેલા હતા. આ સમયગાળા દરમિયાન, ભારતીય ટીમે ૨૦૨૪નો આઈસીસી ટી ૨૦ વર્લ્ડ કપ જીત્યો હતો. તે પહેલાં, ૨૦૨૩ માં, રોહિત શર્માની કેપ્ટનશીપ હેઠળ ટીમ ઈન્ડિયા આઈસીસી વનડે વર્લ્ડ કપની ફાઇનલમાં પહોંચી હતી, પરંતુ ટાઇટલ મેચ હારી ગઈ હતી.

છેલ્લા કેટલાક વર્ષોથી શ્રેયસ ઐયરની કેપ્ટનશીપ હેઠળ પંજાબ કિંગ્સે સારું પ્રદર્શન કર્યું છે.

આઈસીસી વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ પોઈન્ટ ટેબલમાં સુધારા માટે ભારતે ટેસ્ટ શ્રેણી જીતવી જરુરી

નવીદિલ્હી,

ભારત અને ન્યુઝીલેન્ડ વચ્ચે ટેસ્ટ શ્રેણીનો બીજો મેચ હજુ રમવાનો બાકી છે. પ્રથમ મેચ ડ્રો રહી છે. બીજી મેચ શુક્રવાર, ૨૭ નવેમ્બરથી શરૂ થશે. આ પહેલા, ન્યુઝીલેન્ડે તેની ટીમમાં એક ફેરફાર કર્યો છે. શ્રેણી હવે એક મહત્વપૂર્ણ તબક્કામાં છે જ્યાં જે પણ ટીમ આગામી મેચ જીતશે તે શ્રેણી જીતશે અને આઈસીસી વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ પોઈન્ટ ટેબલમાં પણ ફાયદો મેળવશે.

ન્યુઝીલેન્ડ ક્રિકેટ ટીમને ભારત સામે ચાલી રહેલી ટેસ્ટ શ્રેણીની બીજી મેચ પહેલા મોટો ઝટકો લાગ્યો છે. એવું જાણવા મળ્યું છે કે ઝડપી બોલર બ્લેર



ટિકનર ટીમમાંથી બહાર થઈ ગયા છે. તેમને હેમસ્ટ્રિંગ ઈજા થઈ છે અને તેથી તે બીજી મેચ રમી શકશે નહીં. બ્લેરની બાકાત રાખવાની સાથે, ન્યુઝીલેન્ડ ક્રિકેટે પણ તેમના સ્થાને ટીમની જાહેરાત કરી છે. ઝડપી બોલર મેટ ફિશર તેમના સ્થાને આવવા માટે તૈયાર છે. મેટ ફિશરે ભારત સામેની તાજેતરની વનડે શ્રેણીમાં સારું પ્રદર્શન કર્યું હતું, જેમાં છ વિકેટ લીધી હતી.

જો ન્યૂઝીલેન્ડ આઈસીસી વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ હેઠળ રમાઈ રહેલી શ્રેણીની બીજી મેચ માટે તેની પ્લેઈંગ ઈલેવનમાં ફેરફાર કરે છે, તો મેટ ફિશરનો સમાવેશ થઈ શકે છે. આગામી મેચ ક્રાઈસ્ટચર્ચના હેગલ ઓવલ ખાતે રમાશે. શ્રેણીની પ્રથમ મેચમાં, ભારતે ૭૦૦ થી વધુ રન બનાવ્યા પછી ટીમ જાહેર કરી હતી. આનો અર્થ એ થયો કે ન્યૂઝીલેન્ડના બોલરો આખી ભારતીય ટીમને આઉટ કરવામાં અસમર્થ રહ્યા. તેથી, બોલિંગમાં ફેરફાર થવાની શક્યતા લાગે છે. જોકે, એ કહેવું મુશ્કેલ છે કે કયા ખેલાડીને પડતો મૂકવામાં આવશે અને કોના સ્થાને મેટ હશે.

ન્યૂઝીલેન્ડને વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ પોઈન્ટ ટેબલમાં નુકસાન સહન કરવું પડ્યું છે.

સોનુ નિગમે મુંબઈના સાંતાક્રુઝ વેસ્ટમાં ૩૧.૪૭ કરોડ રૂપિયામાં એક કોમર્શિયલ મિલકત ખરીદી

મુંબઈ,

ફિલ્મ ઉદ્યોગના દિગ્ગજ ગાયક સોનુ નિગમે તેમના રિયલ એસ્ટેટ પોર્ટફોલિયોમાં વધુ એક મિલકત ઉમેરી છે. આ વખતે, સોનુએ મુંબઈના સાંતાક્રુઝ વેસ્ટમાં ૩૧.૪૭ કરોડ રૂપિયામાં એક કોમર્શિયલ મિલકત ખરીદી છે, જેમાં પાર્કિંગની જગ્યા પણ શામેલ છે. ગાયકે દિવાળી પહેલા મુંબઈના અંધેરી વેસ્ટમાં ૪૪.૩ કરોડમાં એક લક્ઝરી એપાર્ટમેન્ટ ખરીદ્યું હતું. તેણે તાજેતરમાં મુંબઈમાં ૧.૨ મિલિયન પ્રતિ માસના ભાવે ત્રણ ઓફિસ ભાડે પણ આપી હતી.

રિયલ એસ્ટેટ કન્સલ્ટન્ટ સ્ક્વેર યાર્ડ્સ અનુસાર, મિલકત નોંધણી દસ્તાવેજો દર્શાવે છે કે સોનુએ નવેમ્બર ૨૦૨૬ માં આ



કોમર્શિયલ મિલકત રજીસ્ટર કરાવી હતી, અને આ સોદો ૩૧.૪૭ કરોડમાં અંતિમ સ્વરૂપ આપવામાં આવ્યું હતું.ડીએલએચ બેસ્ટસેલરમાં સ્થિત, આ કોમર્શિયલ યુનિટમાં ૧,૦૯૦ ચોરસ ફૂટના આરઈઆરએ કાર્પેટ એરિયા સાથેનો ગ્રાઉન્ડ ફ્લોર છે. આ યુનિટમાં ૧,૧૪૦ ચોરસ ફૂટના આરઈઆરએ કાર્પેટ એરિયા સાથેનો પહેલો માળ પણ છે. ગાયકે મિલકત માટે સ્ટેમ્પ ડ્યુટીમાં ૧.૮૮ કરોડ ચૂકવ્યા હતા, જેમાં ૩૦,૦૦૦ ની નોંધણી ફીનો સમાવેશ થાય છે.

રિયલ એસ્ટેટ રિસર્ચ અને ડેટા એનાલિટિક્સ કંપની લિયાસેસ ફોરાસ અનુસાર, સોનુએ આ વર્ષે ૮ નવેમ્બરના રોજ ઉજવાતી દિવાળી પહેલા અંધેરી વેસ્ટમાં એક વૈભવી ઘર ખરીદ્યું હતું. આ ૩,૦૫૫ ચોરસ ફૂટના ઘરનો સોદો રૂ. ૪૪.૩ કરોડમાં થયો હતો. કંપનીના જણાવ્યા અનુસાર, આ એપાર્ટમેન્ટ વર્તમાન નામની રહેણાંક સોસાયટીના ૧૨મા માળે આવેલું છે.અહેવાલ મુજબ, સોનુ નિગમે આ વર્ષે ઘણી મિલકતો ખરીદી છે. તેમણે આ વર્ષે તેમની ઘણી મિલકતો ભાડે પણ આપી હતી.

બિગ બોસ ફેમ અવિનાશ મિશ્રાએ પોતાની ભૂલ સ્વીકારી ઈશા સિંહ સાથેના બ્રેકઅપની પુષ્ટિ કરી

મુંબઈ,

"બિગ બોસ ૧૮" અવિનાશ મિશ્રા અને ઈશા સિંહ આ દિવસોમાં તેમના સંબંધોને લઈને સતત સમાચારમાં છે. બિગ બોસના ઘરમાં બંને નજીક આવ્યા અને ત્યારથી સાથે છે. જોકે, તાજેતરમાં તેમના બ્રેકઅપની અફવાઓએ જોર પકડ્યું છે. તેમના બ્રેકઅપની અફવાઓ ત્યારે શરૂ થઈ જ્યારે ચાહકોએ જોયું કે ઈશા સિંહ હવે સોશિયલ મીડિયા પર અવિનાશ મિશ્રાને ફોલો કરી રહી નથી. હવે, બંને વચ્ચેનો વિવાદ એ હદ સુધી વધી ગયો છે કે અવિનાશ મિશ્રાએ પોતે આગળ આવીને પોતાની ભૂલ સ્વીકારી છે. તેમણે પોતાની ઈન્સ્ટાગ્રામ સ્ટોરી પર ત્રણ વીડિયો શેર કર્યા છે, જેમાં તેઓ સમગ્ર



વિવાદની ચર્ચા કરે છે.અવિનાશ મિશ્રાએ પોતાની ઈન્સ્ટાગ્રામ સ્ટોરી પર શેર કરેલા વીડિયોમાં, તેમણે પોતાના અને ઈશા સિંહના બ્રેકઅપની પુષ્ટિ કરી છે અને એમ પણ કહ્યું છે કે આ બધું તેમની ભૂલને કારણે થયું છે. વીડિયોમાં, તેઓ કહે છે, "મિત્રો, ઘણી બધી બાબતો લાંબા સમયથી ચાલી રહી છે, અને હું તેનો અંત લાવવા માટે અહીં છું કારણ કે તે મહત્વપૂર્ણ છે. મેં મારા ડીજે ગેમ પર એક ગીત વગાડ્યું છે, અને તેનું ઘણી રીતે અર્થઘટન કરવામાં આવી રહ્યું છે, અને ઘણા બધા સંપાદનો કરવામાં આવી રહ્યા છે." અને હું જાણું છું કે આનાથી ઈશાને સૌથી વધુ દુઃખ થઈ રહ્યું છે, તેના પરિવારને દુઃખ થઈ રહ્યું છે અને જે લોકો તેને પ્રેમ કરે છે તેઓને દુઃખ થઈ રહ્યું છે. પરંતુ, મારો ખરેખર એવો કોઈ ઈરાદો નહોતો. જોકે, જે કંઈ થયું તેના માટે હું માફી માંગુ છું. અને જો કોઈ આપણા અલગ થવા માટે દોષિત હોય, તો તે હું છું, અને ત્યાં પણ હું જ દોષિત છું."હું અહીં માફી માંગવા અને કહેવા માટે છું કે કૃપા કરીને પરિવાર અને મિત્રોને આમાં ન ઘસડો. હું તમને બધાને ફક્ત એટલું જ કહેવા માંગુ છું કે આ વાત અહીં જ સમાપ્ત કરો. તેને વધુ ન વધારશો. આ બે લોકો વચ્ચેનો મામલો છે. પરિવાર અને મિત્રોને આવા સંદેશા અને ધમકીઓ ન મોકલો. અને મારે પણ મારી જાત પર કામ કરવાની જરૂર છે. હું મારી જાત પર કામ કરવા માંગુ છું અને મારી જાતને સુધારવા માંગુ છું, કારણ કે તે મહત્વપૂર્ણ છે. અને જ્યારે હું સ્વસ્થ થઈશ, ત્યારે હું પાછો આવીશ. ત્યાં સુધી, હું ફક્ત એટલું જ કહેવા માંગુ છું કે, ચાલો આ વાત અહીં જ સમાપ્ત કરીએ અને તમારી સંભાળ રાખીએ."

આ પહેલા, એશા સિંહના ભાઈ રુદ્રાક્ષ સિંહ ચૌહાણે સોશિયલ મીડિયા પર વોટ્સએપ ચેટનો સ્ક્રીનશોટ શેર કર્યો હતો, જેમાં અવિનાશે પોતાની ભૂલ સ્વીકારી હતી અને માફી માંગી હતી. ૨૩ નવેમ્બરની સવારે, રુદ્રાક્ષે તેની ઈન્સ્ટાગ્રામ સ્ટોરી પર અવિનાશ મિશ્રા સાથેની વાતચીતનો સ્ક્રીનશોટ શેર કર્યો.

શબ્દ શોધો

પ્ર	ર	ઐ	દ	ચી	ર	બિ	ધ	ણે	ણ	દ	કા
ક	અ	બં	હા	બ	ર	ક	ર	ર	બં	બિ	ર
ર	કી	લા	ધી	બા	દ	ળ	ર	લ	મા	ભો	ગ
ણ	સ	ર	સા	ર	ક	બો	ક	વિ	ધો	ર	ણ
શિ	જ	બા	મા	કા	સ	ડો	દુ	ઔ	ચી	બૂ	સા
ગ	ક્ષ	ક	ર	ચા	ક	અ	કા	નિ	દ	ત્રિ	ખ
દુ	ક્ષ	ધ	બૂ	ળ	ક	મ	ભા	શિ	યા	વે	શ
તુ	વિ	ક્રો	નિ	વે	દ	ન	ન	જી	અઃ	ણી	ગી
ઐ	લા	ધા	દા	ચા	ર	ત્રિ	ન	ર	કે	સ	રી
સા	ભો	કા	લી	બં	કો	ન	લા	મા	ગ	હા	દ
ળો	ડી	ક્ષ	મા	ણ	ડી	હા	બ	કા	સા	આ	હિ
ઔ	ર	વા	ધ	ણ	બિ	ન	લ	ર	સ	શ	વા

શબ્દ શોધો

ત્રિકોણ, ત્રિવેણી, દબદબો, દુનિયા, દુવિધા, ધીરજ, ધોરણ, નરકેસરી, નિવેદન, પ્રકરણ

પીઢ અભિનેતા જીતેન્દ્રએ તુષાર કપૂરની પ્રશંસા કરી બાળકો સાથે સમય ન વિતાવી શકવા બદલ દુઃખ વ્યક્ત કર્યું



મુંબઈ,

તુષાર કપૂરના જન્મદિવસ પર હિન્દી સિનેમાના પીઢ અભિનેતા જીતેન્દ્રએ તેમના પુત્રના ગુણો વિશે વાત કરી. તેમણે કહ્યું, "લક્ષ્ય એક સંપૂર્ણ પિતા છે." વેરાયટી ઈન્ડિયા સાથેની એક મુલાકાતમાં જીતેન્દ્રએ કહ્યું કે તેના બાળકો તેની નજરમાં મોટા થયા છે. એકતા ૫૧ વર્ષની છે અને તુષાર ૫૦ વર્ષનો છે. બંને ખૂબ જ પ્રેમાળ બાળકો છે. તેમાંથી કોઈએ પણ તેને ક્યારેય દુઃખી કર્યો નથી.

ઈન્ટરવ્યુમાં જીતેન્દ્રએ કહ્યું કે તુષાર એક સંત છે. જ્યારે તુષાર નાનો હતો, ત્યારે તેને ઘણી ખરાબ ટેવો હતી. તે ખૂબ ધૂમ્રપાન કરતો હતો, દારૂ પીતો હતો અને મોડી રાત સુધી જાગતો રહેતો હતો. તે એવી વસ્તુઓ પણ કરતો હતો જેના વિશે તે વાત કરી શકતો નથી. પરંતુ તુષાર દારૂ પીતો નથી કે ધૂમ્રપાન કરતો નથી. તુષાર પણ મોડી રાત સુધી જાગતો નથી. તે કામની બહાર તેના પુત્ર સાથે બધો સમય વિતાવવાનું પસંદ કરે છે. તુષાર એક સંપૂર્ણ માતાપિતા છે.

જ્યારે એકતા અને તુષાર મોટા થઈ રહ્યા હતા, ત્યારે તે ઘરથી દૂર રહેતો હતો. તે ચેન્નાઈ અને હૈદરાબાદમાં ૨૪/૭ દક્ષિણ ભારતીય ફિલ્મોના શૂટિંગમાં વ્યસ્ત રહેતો હતો. હું મારા બાળકોને ફક્ત રજાઓ દરમિયાન મારી મુલાકાત લેતી વખતે જ જોઈ શકતો હતો. આજે, જ્યારે હું તુષારને તેના દીકરા સાથે સમય વિતાવતો જોઉં છું, ત્યારે મને ખૂબ જ દુઃખ થાય છે. હું વ્યક્ત કરી શકતો નથી કે મારા બાળકો સાથે સમય ન વિતાવી શકવા બદલ મને કેટલું દુઃખ થાય છે.

બોલિવૂડમાં છ વર્ષ પછી પણ ઇરફાન ખાનનો પુત્ર બાબિલ ખાન હજુ પણ ઓડિશનથી ડરે છે

મુંબઈ,

સ્વર્ગસ્થ બોલિવૂડ અભિનેતા ઇરફાન ખાનનો પુત્ર, બાબિલ ખાન, છ વર્ષથી ફિલ્મ ઉદ્યોગમાં છે, પરંતુ તે હજુ પણ ઓડિશન આપવા માટે નર્વસ લાગે છે. બાબિલ તાજેતરમાં રચિત સિંહના પોડકાસ્ટ પર દેખાયો હતો, જ્યાં તેણે મનોરંજન ઉદ્યોગમાં તેની સફર અને અનુભવો વિશે ખુલ્લેઆમ વાત કરી હતી. તેમણે છેલ્લા કેટલાક વર્ષોમાં અભિનય પ્રત્યેના તેમના અભિગમમાં આવેલા ફેરફારો વિશે પણ વાત કરી, સમજાવ્યું કે તેમનો આત્મવિશ્વાસ કેવી રીતે વધ્યો છે અને હવે તેઓ વધુ આરામદાયક છે. જોકે, તેઓ એમ પણ કહે છે કે ઓડિશન આપતી વખતે તેઓ હજુ પણ નર્વસ અનુભવે છે.વાતચીત દરમિયાન, બાબિલ ખાને ખુલાસો



કર્યો કે આજે પણ જ્યારે તેમને ઓડિશન આપવું પડે છે ત્યારે તેઓ નર્વસ અનુભવે છે. આ વિશે બોલતા, બાબિલે કહ્યું, "ઓડિશન આપતી વખતે મને હજુ પણ ડર લાગે છે. શૂટિંગ માટે સેટ પર આવ્યા પછી મારો આત્મવિશ્વાસ ગમે તેટલો વધે, પણ ઓડિશન આપતી વખતે મને હજુ પણ ડર લાગે છે. હું છ વર્ષથી ઇન્ડસ્ટ્રીમાં છું, અને આટલો સમય વિતાવ્યા પછી, હું તેનો આનંદ માણવા લાગ્યો છું."

બાબિલે ઇન્ડસ્ટ્રીમાં પોતાની છ વર્ષની સફર વિશે વાત કરતા કહ્યું કે તેનો મોટો ભાગ તેમના પિતા (ઇરફાન ખાન) ના વારસાથી અલગ થવા અને એક અભિનેતા તરીકે પોતાની ઓળખ અને લય શોધવા વિશે હતો. આ અંગે ચર્ચા કરતાં બાબિલ કહે છે.

આજથી રાજકોટમાં મશીન ટુલ્સના આંતરરાષ્ટ્રીય પ્રદર્શનનો પ્રારંભ

રાજકોટના એનએસઆઈસી ગ્રાઉન્ડ ખાતે ૫૦ હજાર ચો.મી. એરિયામાં યોજાનાર શોમાં ભારત સહિત યુએસએ, જર્મની, નેધરલેન્ડ, સાઉથ આફ્રિકા, યુ.કે., તુર્કી જેવા ૫૦૦થી વધુ કંપની પ્રદર્શનમાં ભાગ લેશે



તસવીર : દિલિપ ગોહેલ

રાજકોટઃવિશ્વ આખું જ્યારે 'મેક ઈન ઈન્ડીયા' અને 'મેડ ઈન ઈન્ડીયા'ના રંગે રંગાયુ છે ત્યારે દુનીયાના દરેક દેશ ભારત તરફ એક અનોખી આશાની નજરથી જુએ છે, તેવા સમયમાં રાજકોટના એનએસઆઈસી ગ્રાઉન્ડ ખાતે તારીખ ૨૫ થી ૨૮ નવેમ્બર, ૨૦૨૬ દરમ્યાન ૧૦મો રાજકોટ મશીન ટુલ્સ શો-૨૦૨૬નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. જેમાં મેટલ કટીંગ, ફોર્મિંગ, ઓટોમેશન, ફોજ'ગ અને ફાઉન્ડ્રી જેવા અનેક વિભાગોનું પ્રદર્શન લોકાર્પણનું કેન્દ્ર બને છે. સતત ૨૧ વર્ષથી રાજકોટ મશીન ટુલ્સ શો ઉદ્યોગજગતમાં અનોખું સ્થાન ધરાવે છે. જેને લોકોનો અપ્રતિમ પ્રતિસાદ મળતો રહ્યો છે.

આ તકે સહર્ષ જણાવતા આનંદ થાય છે કે રાજકોટ મશીન ટુલ્સ શો એક્ઝીબીશન ગુજરાતનું બીજા નંબરનું અને ભારતનું ત્રીજા નંબરનું મોટુ એક્ઝીબીશન તથા ઓપન ગ્રાઉન્ડમાં સૌથી મોટુ એક્ઝીબીશન છે. ભારતીય અને વૈશ્વિક કંપનીઓ માટે રાજકોટ મશીન ટુલ્સ શો એક એવું પ્લેટફોર્મ બની રહે છે. જ્યાં ઔદ્યોગિક વિકાસની સાથે સાથે વ્યાવસાયિક વિસ્તાર વધારવા માટે અગણિત તકો મળી રહે છે. એનએસઆઈસી ગ્રાઉન્ડ જેવા વિશાળ વિસ્તારમાં વિસ્તૃત રાજકોટ મશીન ટુલ્સ શો આ ક્ષેત્ર સાથે સંકળાયેલા લોકો માટે અમુલ્ય અવસર બનશે.

આ પ્રદર્શન કુલ ૫૦,૦૦૦ ચો.મી. એરિયામાં થનાર હોય જેમાં ભારત તથા યુ.એસ.એ., જર્મની, નેધરલેન્ડ, સાઉથ આફ્રીકા, યુ.કે., તુર્કી, સ્પેન, તાઈવાન, ચાઈના, જાપાન, કોરીયા, યુ.એ.ઈ., થાઈલેન્ડ અને સિંગાપોર જેવા અલગ – અલગ દેશોની ૫૦૦થી વધુ કંપની આ પ્રદર્શનમાં ભાગ લઈ રહેલ છે. આ પ્રદર્શનની મુલાકાતે અંદાજે ૫૦,૦૦૦થી વધારે મુલાકાતીઓ આવે તેવી અપેક્ષા છે. વિશ્વ્વ સ્તરીય વ્યાપાર કરવા માટે અને ખુબ જ તેજીથી બદલાતી તેમજ અત્યંત આધુનિક ટેકનોલોજી અને પ્રોડક્ટસને જાણવા અને માણવાની સુવર્ણ તક આ ૧૦મો રાજકોટ મશીન ટુલ્સ શો – ૨૦૨૬માં આપ સૌને આવકારવા તત્પર છે. કે એન્ડ ડી કોમ્યુનીકેશન લી. અમદાવાદ અને મશીન ટુલ્સ મેન્યુ. એસો. રાજકોટના સંયુક્ત ઉપક્રમે વર્ષ ૨૦૦૬થી રાજકોટ મશીન ટુલ્સ શોની શુભ શરૂઆત થઈ. જેન. અનન્ય પ્રતિસાદ મળતો ગયો અને રાજકોટ મશીન ટુલ્સ શો ઔદ્યોગીક ક્ષેત્ર માટે આકર્ષણનું સ્થાન બન્યું. મશીન ટુલ્સ મેન્યુફેક્ચરર્સ એસોસિએશન – રાજકોટ એક એવું સંગઠન છે જે મશીન ટુલ્સ ઉત્પાદક કંપનીના વિકાસની ચિંતા તેમજ ચિંતન કરે છે. કે એન્ડ ડી ગ્રૂપ વ્યાપાર ટેક્નોલોજીના પ્રદર્શનમાં પોતાનું અગ્રગણ્ય સ્થાન ધરાવે છે, જે વ્યાપારને વેગવંતો બનાવી સશક્ત અને સમૃધ્ધ બનાવે છે. કે એન્ડ ડી ગ્રૂપ આપના વ્યવસાયને અનુરૂપ કસ્ટમર્સ સુધી આપની કંપનીને પહોંચાડવા માટે પ્લેટફોર્મ તો પુરૂં પાડે જ છે પણ સાથે સાથે તમારા વ્યાપારને વધારવા માટે યોગ્ય માર્ગદર્શન આપી આયોજનમાં પણ મદદરૂપ બને છે.

અમેરિકાના સવાનાહ સ્થિત SGVP સનાતન મંદિર ખાતે જલારામ જયંતીની દિવ્ય ઉજવણી

ભજન-સત્સંગ અને મહાપ્રસાદનો ભક્તોએ લીધો લાભ



રાજકોટ

સ્વામિનારાયણ ગુરુકુલ વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાનમ્ (જીવ્ફ) અમદાવાદના અધ્યક્ષ સ્વામી માધવપ્રિયદાસજીની પ્રેરણાથી અમેરિકાના સવાનાહ ખાતે કાર્યરત જીવ્ફ શ્રી સ્વામિનારાયણ સનાતન મંદિરમાં શ્રી જલારામબાપા તથા શ્રી ભોજલરામબાપા બિરાજમાન છે. અહીં કારતક સુદ-૭, સોમવારના પાવન દિવસે ભક્તિભાવપૂર્વક અને દિવ્યતા સભર વાતાવરણમાં જલારામ જયંતીની ઉજવણી કરવામાં આવી હતી.ઉત્સવની શરૂઆતમાં ગોપી ભજન મંડળના બહેનો દ્વારા ભજન-કીર્તનની રમઝટ બોલાવવામાં આવી હતી. જેમાં પ્રાચીન ભજનોની સાથે જલારામ બાપાના મહિમાનું વર્ણન કરતા ભજનો અને રામધૂનના સંકીર્તનથી સમગ્ર મંદિર પરિસર ગુંજી ઉઠ્યું હતું. મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેલા બહેનો અને ભક્તોએ આ ભજન સંધ્યાનો લાહવો માણ્યો હતો. ભજન-કીર્તન બાદ સ્વામી ભક્તિવેદાંતદાસજીએ જલારામ બાપાના દિવ્ય અને સેવાભાવી જીવનચરિત્ર પર પ્રેરણાત્મક સત્સંગનો લાભ આપ્યો હતો. ત્યારબાદ સ્વામી કૃષ્ણજીવનદાસજીએ યજમાનોની સાથે મળીને જલારામબાપાનું શાસ્ત્રોક્ત વિધિથી પંચોપચાર પૂજન કરી ભવ્ય આરતી ઉતારી હતી. આ પાવન અવસરે ગિરીશભાઈ પટેલ, જગદીશભાઈ પટેલ, સુધીરભાઈ પટેલ, સંજયભાઈ પટેલ, નયનભાઈ પટેલ સહિતના ભક્તજનોએ યજમાન પદનો લાભ લીધો હતો. ઉત્સવની પૂર્ણાહુતિ બાદ ઉપસ્થિત સૌ ભક્તજનોએ પરંપરાગત બૂંદી, ગાંઠિયા તથા મહાપ્રસાદ ગ્રહણ કરીને ધન્યતા અનુભવી હતી.

ધારાસભ્ય શ્રી રમેશભાઈ ટીલાળાના માર્ગદર્શનમાં ત્રીજા નિઃશુલ્ક નેત્ર નિદાન કેમ્પનું શાપર વેરાવળ ઈન્ડસ્ટ્રીયલ એસોસીએશનના સહયોગથી આયોજન

રાજકોટ સેન્ટ્રલ જેલ અને મેસોનિક હોલ ખાતે બે કેમ્પના સફળ આયોજન બાદ હવે શાપરમાં ત્રીજા કેમ્પનું આયોજન



રાજકોટ

ધારાસભ્ય શ્રી રમેશભાઈ ટીલાળા અને શાપર વેરાવળ ઈન્ડસ્ટ્રીયલ એસોસિએશનના સંયુક્ત ઉપક્રમે શાપર ખાતે નિઃશુલ્ક નેત્ર નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. શાપર-વેરાવળ તથા આસપાસના વિસ્તારના જરૂરિયાતમંદ નાગરિકોને આંખોની તપાસ અને સારવારનો લાભ મળી રહે તે હેતુથી યોજાનારા આ કેમ્પમાં એસોસિએશનના પ્રમુખ શ્રી અમૃતભાઈ એમ. ગઢીયા, ડૉ. પીન્ટુ પાડલીયા, શ્રી પોપટભાઈ કાછડીયા તથા એસોસિએશનના સભ્યો સહયોગ આપશે. રાજકોટની જાણીતી કેશુભાઈ મહેતા આંખની હોસ્પિટલની ટીમના તબીબો ડો. અજયભાઈ મહેતાના માર્ગદર્શન હેઠળ સેવાઓ આપશે આયોજનને સફળ બનાવવા ધારાસભ્ય ડૉ. દર્શિતાબેન શાહ, રાજકોટ જિલ્લા ભાજપ પ્રમુખ શ્રી અલ્પેશભાઈ ઢોલરીયા, ડૉ. અમિતભાઈ હાપાણી, રાજકોટ જિલ્લા ભાજપ અગ્રણી શ્રી નિલેશભાઈ દોશી, ડૉ. ડી. જી. પટેલ તથા શ્રી સાગર તોતલાણી સહિતની આયોજન સમિતિ સક્રિય સહયોગ આપી રહી છે. ડૉ. અજય મહેતા અને ડૉ. તેજલ મહેતાના માર્ગદર્શન હેઠળ કેશુભાઈ મહેતા આંખની હોસ્પિટલની ટીમ તબીબી સેવાઓ આપશે. અગાઉ કેશુભાઈ મહેતા આંખની હોસ્પિટલની ૧૨૧ વર્ષની સેવાયાત્રાના ભાગરૂપે રાજકોટ સેન્ટ્રલ જેલ અને મેસોનિક હોલ ખાતે કેમ્પ યોજાયા હતા. આ સેવાકાર્યને આગળ ધપાવતાં હવે ધારાસભ્ય શ્રી રમેશભાઈ ટીલાળાના માર્ગદર્શનમાં શાપર ખાતે ત્રીજો નિઃશુલ્ક નેત્ર નિદાન કેમ્પ યોજાશે. આ કેમ્પ તા. ૨૮ નવેમ્બર, ૨૦૨૬ને શનિવારના રોજ સવારે ૧૦ વાગ્યે શાપર વેરાવળ ઈન્ડસ્ટ્રીયલ એસોસિએશન, ટીલારા ગેટની અંદર, શાપર ખાતે યોજાશે.

PM-JAY યોજનાના અમલીકરણમાં રાજકોટ સિવિલ સર્વશ્રેષ્ઠ : ગાંધીનગર ખાતે શિલ્ડ-સન્માનપત્ર અપાયું

સરકારી હોસ્પિટલોમાં ગુણવત્તાસભર સારવાર, પારદર્શિતા અને દર્દીલક્ષી સેવાઓ પર ભાર : આરોગ્ય સેવાઓને વધુ સુદૃઢ બનાવવાની પહેલ



રાજકોટ,

ગુજરાતમાં પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના (પીએમ-જેએવાય-મા યોજના) અને આયુષ્માન ભારત ડિજિટલ મિશન (એબીડીએમ)ના અમલીકરણને વધુ અસરકારક બનાવવા રાજ્ય સરકાર દ્વારા પ્રયાસો હાથ ધરવામાં આવી રહ્યા છે. આ અંતર્ગત તા. ૨૦ નવેમ્બરના રોજ ગાંધીનગર ખાતે રાજ્યકક્ષાના સન્માન સમારોહ અને દ્વિપક્ષીય લર્નિંગ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું.

જેમાં સરકારી હોસ્પિટલોની કામગીરીને બિરદાવવાની સાથે આરોગ્ય સેવાઓની ગુણવત્તા સુધારવા અને વિવિધ સંસ્થાઓ વચ્ચે અનુભવોના આદાનપ્રદાન પર ભાર મૂકવામા આવ્યો હતો. આ યોજનાઓના અમલીકરણમાં રાજકોટ સિવિલ હોસ્પિટલ સર્વશ્રેષ્ઠ સાબિત થઈ છે. જેથી ગાંધીનગર ખાતેના કાર્યક્રમમાં શિલ્ડ-સન્માનપત્ર અપાયું હતું. ગાંધીનગરના કાર્યક્રમમાં હાજર રહી રાજકોટ સિવિલ હોસ્પિટલના આર.એ.ઓ. ડો. હર્ષદ દુશરાએ સન્માન સ્વીકાર્યું હતું. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ યોજનાઓ હેઠળ શ્રેષ્ઠ કામગીરી કરતી સરકારી હોસ્પિટલોને પ્રોત્સાહિત કરવાનો તેમજ અપેક્ષિત કામગીરી ન કરી શકતી સંસ્થાઓને અન્ય હોસ્પિટલોની કાર્યપદ્ધતિ અને અનુભવોમાંથી શીખવાની તક પૂરી પાડવાનો હતો.સૌરાષ્ટ્ર અને કચ્છના દર્દીઓ માટે મહત્વપૂર્ણ આરોગ્ય કેન્દ્ર ગણાતી રાજકોટની પંડિત દિનદયાળ ઉપાધ્યાય સિવિલ હોસ્પિટલમાં પણ મેડિકલ સુપરિન્ટેન્ડન્ટ ડો. કમલસિંહ ડોડીયા અને ડીન ડો. પંકજ બુચના માર્ગદર્શન હેઠળ તબીબી તથા વહીવટી ટીમ દ્વારા ગુણવત્તાસભર આરોગ્ય સેવાઓ પૂરી પાડવા પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. નર્સિંગ સુપરિન્ટેન્ડન્ટ નીરવ દુધરેજીયા અને પ્રકાશ પ્રજાપતિ સહિતની નર્સિંગ ટીમ પણ દર્દીઓની સંભાળમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહી છે.

હોસ્પિટલના મેડિસિન વિભાગના વડા ડો. રાહુલ ગંભીર, સર્જરી વિભાગના ડો. જતીન ભટ્ટ, હાડકાં વિભાગના ડો. શૈલેષ રામાવત, ગાયનેક વિભાગના ડો. કવિતા દુધરેજીયા, પીડિયાટ્રિક વિભાગના ડો. આરતી મકવાણા, ઈએનટી વિભાગના ડો. સેજલ મિસ્ત્રી, રેડિયોલોજી વિભાગના ડો. અંજના ત્રિવેદી, ચામડી વિભાગના ડો. ભારતી પટેલ, માનસિક વિભાગના ડો. કલ્પેશ ચંદ્રાણી, દાંત વિભાગના મલય પ્રજાપતિ સહિત વિવિધ વિભાગોના નિષ્ણાત તબીબો દર્દીઓને સારવાર આપી રહ્યા છે. આ ઉપરાંત પ્લાસ્ટિક સર્જરી વિભાગના ડો. મોનાલી માંકડિયા, ન્યુરોસર્જરી વિભાગના ડો. અંકુર પાંચાણી, યુરોસર્જન ડો.કેતન પંડ્યા, પેથોલોજી વિભાગના ડો. ગૌરવી ધ્રુવ, માઈક્રોબાયોલોજી વિભાગના ડો. ઘનશ્યામ કાવઠિયા, બાયોકેમિસ્ટ્રી વિભાગના ડો. ચંદ્રકાંત અને ડો. ઘનશ્યામ બોરીસાગર તથા આંખ વિભાગના ડો. નીતિ શેઠ સહિતના તબીબો પણ સેવાઓમાં યોગદાન આપી રહ્યા છે.હોસ્પિટલમાં આરોગ્ય મિત્ર તરીકે ડો. ઉપાસના વાઘેલા અને તેમની ટીમ પીએમ-જેએવાય-મા યોજના સહિતની યોજનાઓ અંગે દર્દીઓને માહિતી, માર્ગદર્શન અને જરૂરી સહાય પૂરી પાડી રહી છે. સરકારી આરોગ્ય સેવાઓની સફળતા માત્ર સારવાર પૂરતી મર્યાદિત ન રહેતાં દર્દીઓને સમયસર સારવાર, યોગ્ય માર્ગદર્શન અને માનવીય અભિગમ સાથે સેવા મળે તે બાબત પણ એટલી જ મહત્ત્વપૂર્ણ છે. આ દિશામાં રાજકોટ પીડીયુ સિવિલ હોસ્પિટલની તબીબી, નર્સિંગ અને વહીવટી ટીમ સંકલન સાથે કામગીરી કરી રહી છે.

વડતાલના કાર્તિકી સમૈયામાં મુખ્યમંત્રીના હસ્તે શૈક્ષણિક-પર્યાવરણીય પ્રકલ્પોનો પ્રારંભ; પીપળાવ બનશે રાજ્યનું પ્રથમ લોકભાગીદારી સોલાર ગામ

હરિકૃષ્ણ મહારાજ પ્રાથમિક કુમાર શાળા અને શ્યામવલ્લભ સ્વામી સ્મૃતિ દ્વારનું ડિજિટલ ઉદ્ઘાટનઃ સત્સંગીઓ વચ્ચે બેસી મુખ્યમંત્રીએ નિભાવી આત્મીયતા; દિવાળી બોનસમાં સોલાર પેનલ વિતરણની પહેલને બિરદાવી



વડતાલ,

વડતાલધામ ખાતે યોજાયેલા કાર્તિકી સમૈયા પ્રસંગે ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ભગવાન શ્રી સ્વામિનારાયણ, સંતો અને આચાર્યશ્રીના આશીર્વાદ લઈને વિવિધ લોકહિતલક્ષી પ્રકલ્પોનું લોકાર્પણ અને શુભારંભ કરાવ્યો હતો. આ અવસરે વડતાલ સંસ્થા દ્વારા નિર્મિત હરિકૃષ્ણ મહારાજ પ્રાથમિક કુમાર શાળા તેમજ શ્યામવલ્લભ સ્વામી સ્મૃતિ દ્વારનું ડિજિટલ લોકાર્પણ કરવામાં આવ્યું હતું. સત્સંગીઓ વચ્ચે બેસી મુખ્યમંત્રીશ્રીએ નિભાવ્યો આત્મીયતાનો નાતો મંદિર પટાંગણમાં પહોંચેલા મુખ્યમંત્રી નું સત્સંગીઓએ જયઘોષ સાથે ભવ્ય સ્વાગત કર્યું હતું. ભક્તોનો ભાવ જોઈને મુખ્યમંત્રીશ્રીએ પ્રોટોકોલની પરવા કર્યા વિના સત્સંગીઓ વચ્ચે જઈને સ્થાન લીધું હતું. ત્યારબાદ તેમણે નિજમંદિરમાં ભગવાન લક્ષ્મીનારાયણ દેવનાં દર્શન અને પૂજા-અર્ચના કરી નવા વર્ષ માટે આશીર્વાદ મેળવ્યા હતા. 'આસ્થા સાથે શિક્ષણ અને વિકાસ સાથે વિરાસત જોડાયા' સભાને સંબોધતા મુખ્યમંત્રી. એ જણાવ્યું હતું કે, "દેવ, સાધુ-સંતો અને આચાર્યશ્રીના આશીર્વાદ પ્રાપ્ત કરવા માટે જ અમે અહીં આવ્યા છીએ. સંતોના આશીર્વાદ એ અમારી તાકાત છે. ભગવાન સ્વામિનારાયણે સૌને સાથે લઈને ચાલવાનો સંદેશ આપ્યો છે અને આપણે પણ એ જ માર્ગે આગળ વધી રહ્યા છીએ." તેમણે ઉમેર્યું હતું કે મંદિર દ્વારા સરકારી શાળા બનાવી આપવામાં આવી છે તે આનંદ અને ગૌરવની વાત છે, કારણ કે આ સમૈયામાં આસ્થા અને ભક્તિની સાથે શિક્ષણનો અધ્યાય પણ જોડાયો છે અને વિકાસ તથા વિરાસતના સમન્વયનું આ ઉત્તમ ઉદાહરણ છે. તેમણે વડાપ્રધાનશ્રીના પ્રયાસો થકી દેશના ૫૦ કરોડ લોકો ગરીબી રેખામાંથી બહાર આવ્યા હોવાનો ઉલ્લેખ કરી તેને સર્વસમાવેશક વિકાસ ગણાવ્યો હતા

સંતો, પદાધિકારીઓ અને અધિકારીઓની હાજરી મંચ પર નૌતમપ્રકાશ સ્વામીએ સ્વાગત પ્રવચન કર્યું હતું. દેવપ્રકાશ સ્વામી (વડતાલ), હરિજીવન સ્વામી (ગઢપુર), પી.પી. સ્વામી (જૂનાગઢ), નીલકંઠચરણ સ્વામી (જેતપુર), બાલમુકુંદ સ્વામી (સરધાર) સહિતના સંતોએ પુષ્પહારથી મુખ્યમંત્રી નું અભિવાદન કર્યું હતું. કાર્યક્રમમાં મંત્રીઓ રમણભાઈ સોલંકી, સંજયસિંહ મહિડા, કમલેશ પટેલ, સાંસદ દેવુસિંહ ચૌહાણ, ધારાસભ્યો પંકજભાઈ દેસાઈ, યોગેશભાઈ પટેલ, અર્જુનસિંહ ચૌહાણ, કલ્પેશભાઈ પરમાર, રાજેન્દ્રસિંહ ઝાલા, ભાજપ અગ્રણી ચેતનભાઈ રામાણી તેમજ ડીડીઓ, ટીડીઓ, અધિક કલેક્ટર, એસ.પી., નડિયાદના ડીવાયએસપી સહિતના અધિકારીઓ અને ટ્રસ્ટીઓ તેજસભાઈ પટેલ, સંજયભાઈ પટેલ, અલ્પિતભાઈ પટેલ તેમજ દાતા રોહિત બલર ઉપસ્થિત રહ્યા હતા. અંતમાં મુખ્ય કોઠારી દેવપ્રકાશદાસજી સ્વામીએ આભાર વ્યક્ત કર્યો હતો અને મુખ્યમંત્રીશ્રી તથા મંત્રીમંડળના સભ્યોના ઉત્તમ સ્વાસ્થ્ય, દીર્ઘાયુષ્ય અને જનસેવાની શક્તિ માટે પ્રાર્થના કરાઈ હતી.

સોનગઢથી પાલીતાણા છ'રી પાલક પદયાત્રા યોજાશે



રાજકોટ, તા.૨૪

પાલિતાણા નિવાસી મંછાબેન રમણીકલાલ કુંવરજીભાઈ શાહ (આર.કે. શાહ - મુંબઈ) પરિવાર દ્વારા દિકરી સાચી હર્ષ શાહના આયોજનમાં સોનગઢથી શેત્રુંજય મહાતીર્થ (પાલિતાણા) સુધીના મહિમાવંત છ'રી પાલક પદયાત્રા સંઘનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. તા. ૧૨-૧૨-૨૦૨૬થી તા. ૧૭-૧૨-૨૦૨૬ દરમિયાન પાંચ દિવસીય આ ધાર્મિક મહોત્સવ ભક્તિ, આરાધના, તપ, સંયમ અને ગુરુભગવંતોની પાવન નિશ્રામાં યોજાશે.

પાલિતાણા વતની અને હાલ મુંબઈમાં વ્યવસાય ક્ષેત્રે પ્રતિષ્ઠિત સ્થાન ધરાવતા તેમજ ધાર્મિક, સામાજિક અને સેવાકીય પ્રવૃત્તિઓમાં વિવિધ સંસ્થાઓ સાથે સક્રિય રીતે જોડાયેલા જૈન સમાજના અગ્રણી અતુલભાઈ રમણીકલાલ શાહ તથા નલીનભાઈ રમણીકભાઈ શાહ દ્વારા આ સુંદર આયોજન કરવામાં આવી રહ્યું છે. આ ભવ્ય સંઘના આયોજનને લઈને પાલિતાણા જૈન સંઘ, મિત્રવર્તુળ તેમજ પાલિતાણાના નામી-અનામી આગેવાનોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

સંઘમાં જોડાવા માટે શ્રદ્ધાળુઓમાં આતુરતા પ્રવર્તી રહી છે. પરિવારના આ ધાર્મિક આયોજનની જૈન સમાજમાં પ્રશંસા થઈ રહી છે. પેઢી, મિત્રવર્તુળ અને જૈન સંઘ દ્વારા આયોજક પરિવારનું સન્માન કરવામાં આવનાર હોવાનું પણ જાણવા મળે છે.

પ્રભાવકતા નિશ્રા સ્પંદનઃ ચક્રચકાચક, શાસનપ્રભાવક, વચનસિદ્ધ વિભૂતિ પ.પૂ. આ.ભ. શ્રીમદ્ વિજય પ્રબોધચંદ્રસૂરીશ્વરજી મ.સા., આદિ ઠાણા, પૂજ્ય આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય રાજહંસસૂરીશ્વરજી મ.સા., આદિ ઠાણા તથા શ્રીમણી ભગવંતો અને પૂજ્યપાદ શાસન સમ્રાટશ્રીના આજ્ઞાવર્તિની શ્રમણી ભગવંતોની પાવન પધરામણી થશે.પૂજ્યપાદ યુગદિવાકર શ્રીમદ્ વિજય ધર્મસૂરીશ્વરજી મહારાજના સમુદાયનાં પૂજ્ય સાધ્વીજી શ્રી આગમરસાશ્રીજી મ.સા.નાં શિષ્યા પૂજ્ય સાધ્વીજી શ્રી આત્મદર્શનાશ્રીજી મ.સા. (સંસારી માસી મહારાજ)ની પણ પાવન ઉપસ્થિતિ રહેશે.

સીમાંકન બિલને સમર્થન અંગે સંજય રાઉતે ભારતના બ્લોક સાથીઓને ચેતવણી આપી

શિવસેના સાંસદ સંજય રાઉતે સુપ્રિયા સુલે પર નિશાન સાધ્યું

નવી દિલ્હી,

શિવસેના (UBT)ના સાંસદ સંજય રાઉતે ચેતવણી આપી છે કે, પ્રસ્તાવિત સીમાંકન ખરડા પર દ્વંદ્વછને સમર્થન આપનારી કોઈપણ પાર્ટી 'INDIA' ગઠબંધન સાથે વિશ્વાસઘાત કરશે અને તેણે વિપક્ષી ગઠબંધન છોડી દેવું જોઈએ. આ નિવેદન એવા સમયે આવ્યું છે જ્યારે NCP (SP)ના સાંસદ સુપ્રિયા સુલેના તે કથિત વલણ અંગે રાજકીય ચર્ચા ચાલી રહી છે, જેમાં તેમણે ભાજપના નેતૃત્વ હેઠળના નેશનલ ડેમોક્રેટિક એલાયન્સ (NDA)માં સત્તાવાર રીતે જોડાયા વિના આ ખરડાને સમર્થન આપવાની વાત કરી હોવાનું કહેવાય છે. પત્રકારો સાથે વાત કરતા રાઉતે કહ્યું કે, તેમને નથી લાગતું કે NCP (SP)ના વડા શરદ પવાર કે તેમની પુત્રી સુપ્રિયા સુલે NDA સાથે જોડાશે; કારણ કે તેમની રાજકીય વિચારધારા અને ભાજપના નેતૃત્વ સામે તેમનો લાંબા સમયથી વિરોધ રહ્યો છે.

રાઉતે કહ્યું કે, પવારે તેમની રાજકીય કારકિર્દીનો મોટો હિસ્સો વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ જેવા નેતાઓ સામે લડવામાં વિતાવ્યો છે. તેમણે મહાત્મા જ્યોતિરાવ ફૂલે, છત્રપતિ શાહુ મહારાજ અને ડૉ. બી.આર. આંબેડકર જેવા સમાજ સુધારકોની પ્રગતિશીલ વિચારધારાનો ઉલ્લેખ કરતા કહ્યું કે, પવારે મહારાષ્ટ્રમાં તેમના વિચારો ફેલાવવા માટે કામ કર્યું છે. રાઉતે કહ્યું, "મને નથી લાગતું કે શરદ પવાર કે સુપ્રિયા સુલે ક્યારેય એવી શક્તિઓ સાથે જશે જે દેશ અને મહારાષ્ટ્રને નુકસાન પહોંચાડી શકે છે."રાઉતનું કહેવું છે કે સીમાંકન મુદ્દે NDAને સમર્થન આપવું એ 'INDIA' ગઠબંધન સાથે વિશ્વાસઘાત હશે.



સુલેના તે સૂચન પર પ્રતિક્રિયા આપતા કે કોઈ પક્ષ NDAનો ભાગ બન્યા વિના સીમાંકન ખરડાને સમર્થન આપી શકે છે, રાઉતે કહ્યું કે રાજકીય પક્ષો બંને બાજુ રહી શકે નહીં. તેમણે ચેતવણી આપી કે, જે પણ પક્ષ આ મુદ્દે NDAને સમર્થન આપશે, તે 'INDIA' વિપક્ષી ગઠબંધનની વિરુદ્ધ કામ કરશે. રાઉતે કહ્યું, "જો કોઈ પક્ષ આ મુદ્દે NDAને સમર્થન આપવા માંગતો હોય, તો તેણે 'INDIA' ગઠબંધન છોડી દેવું જોઈએ. તે ગઠબંધનમાં રહીને આવા મુદ્દે NDAને સમર્થન આપી શકે નહીં." તેમના આ નિવેદનો પ્રસ્તાવિત સીમાંકન કાયદા અને તેના પર પક્ષોએ કેવું વલણ અપનાવવું જોઈએ તે અંગે વિપક્ષી છાવણીમાં ઉભરી રહેલા રાજકીય મતભેદોને દર્શાવે છે.

વિયેતનામના હનોઈમાં એક હોટ પોટ રેસ્ટોરન્ટમાં વિસ્ફોટ થતાં છ લોકોનાં મોત

ગેસ લીકેજને કારણે થયેલા શંકાસ્પદ વિસ્ફોટમાં એક ડઝનથી વધુ લોકો ઘાયલ

હનોઈ,

વિયેતનામના હનોઈમાં એક હોટ પોટ રેસ્ટોરન્ટમાં ગેસ લીકેજને કારણે થયેલા શંકાસ્પદ વિસ્ફોટમાં છ લોકો માર્યા ગયા હતા અને એક ડઝનથી વધુ લોકો ઘાયલ થયા હતા. આ ઘટના હનોઈના ડોંગ દા જિલ્લાના ન્ગુયેન વાન તુયેત સ્ટ્રીટ પર સવારે ૮ વાગ્યાની આસપાસ બની હતી.

સ્થાનિક સમાચાર આઉટલેટ ફહઈટૉજિજ ના અહેવાલ મુજબ, વહેલી સવારે થયેલા વિસ્ફોટથી બારીઓ તૂટી ગઈ, દિવાલોમાં તિરાડો પડી ગઈ, ફ્રેમમાંથી ધાતુના શટર ફાટી ગયા અને છત તૂટી ગઈ. વિસ્ફોટથી રેસ્ટોરન્ટ ધરાવતી ઈમારત પણ આંશિક રીતે ધરાશાયી થઈ ગઈ.

૧૫ મીટરની ત્રિજ્યામાં આવેલા લગભગ ૧૦ ઘરોને નુકસાન થયું હોવાનું કહેવાય છે, જ્યારે વિસ્ફોટનો કાટમાળ રસ્તાના ૨૦ મીટરથી વધુ વિસ્તારમાં વિખેરાઈ ગયો હતો.

ઓનલાઈન સામે આવેલા એક વીડિયોમાં અચાનક વિસ્ફોટ થયો ત્યારે કેટલાક પુરુષો રેસ્ટોરન્ટની બહાર બેઠા હતા, જેમાં ખુરશીઓ, સ્ટૂલ અને બારીના પેનલ ફૂટપાથ પર પડતા હતા. હોટ પોટ રેસ્ટોરન્ટની બહાર અને નજીકમાં બેઠેલા લોકો ઈમારતથી દૂર દોડતા જોવા મળ્યા હતા.

પોલીસ બચી ગયેલા લોકોને શોધવા માટે શોધ સાધનોનો ઉપયોગ કરી રહી હોવાનું કહેવાય છે. સ્થાનિક લોકોએ શરૂઆતમાં કાટમાળમાંથી મૃતકો સહિત લોકોને બહાર કાઢવામાં મદદ કરી હતી. અધિકારીઓને ડર છે કે કાટમાળ નીચે વધુ લોકો ફસાયેલા હોઈ શકે છે.

વધુમાં, નાશ પામેલા કોંક્રિટ સ્લેબને ઉપાડવા માટે હાઈડ્રોલિક મશીનરી લાવવામાં આવી છે.

હનોઈ પોલીસને ટાંકીને અહેવાલમાં જણાવાયું છે કે પ્રારંભિક તારણો સૂચવે છે કે ગેસ લીકેજને કારણે વિસ્ફોટ થયો હોઈ શકે છે.

નેપાળમાં ૫.૬ તીવ્રતાનો ભૂકંપ : પૂર્વી ભારત, ભૂટાન અને બાંગ્લાદેશમાં આંચકા અનુભવાયા

કાઠમંડુ,

મંગળવારે નેપાળના કોશી પ્રાંતમાં, ચીનની સરહદ નજીક ૫.૬ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો. નેશનલ અર્થક્વેક મોનિટરિંગ એન્ડ રિસર્ચ સેન્ટરના જણાવ્યા અનુસાર, આ ભૂકંપ સવારે ૭:૧૭ વાગ્યે આવ્યો હતો અને તેનું કેન્દ્રબિંદુ કાઠમંડુથી લગભગ ૨૭૫ કિમી પૂર્વમાં આવેલા તાપ્લેજુંગ જિલ્લાના ઓલાંગચુંગ ગોલા ખાતે હતું. જોકે, યુરોપિયન-મેડિટેરેનિયન સિસ્મોલોજિકલ સેન્ટર (EMSC) એ ભૂકંપની તીવ્રતા ૫.૩ જણાવી હતી અને કહ્યું હતું કે તે ૧૦ કિમીની ઊંડાઈએ આવ્યો હતો.

ભૂકંપના આંચકા પૂર્વી નેપાળના અનેક જિલ્લાઓમાં તેમજ ઉત્તર બંગાળના કેટલાક ભાગોમાં - જેમાં દાર્જિલિંગ, જલપાઈગુડી અને કૂચ બિહારનો સમાવેશ થાય છે - અનુભવાયા હતા, જેના કારણે સ્થાનિક રહેવાસીઓમાં ગભરાટ ફેલાઈ ગયો હતો. આ આંચકાને કારણે કોઈ નુકસાન થયાના તાત્કાલિક અહેવાલો મળ્યા નથી.

આવી જ અન્ય ઘટના: મધ્ય જાપાનમાં ૫.૭ની તીવ્રતાનો શક્તિશાળી ભૂકંપ, ૨૨ લોકો ઘાયલ

સ્થાનિક મીડિયાના અહેવાલ મુજબ, રવિવારે વહેલી સવારે મધ્ય જાપાનમાં એક શક્તિશાળી ભૂકંપ આવ્યો હતો. આ ભૂકંપને કારણે દુકાનોની બારીઓના કાચ તૂટી ગયા હતા, લોકો ઈમારતોમાંથી બહાર દોડી આવ્યા હતા અને ઓછામાં ઓછા ૨૨ લોકો ઘાયલ થયા હતા. જાપાન મેટિયોરોલોજીકલ એજન્સી (JMA) એ ભૂકંપની તીવ્રતા ૫.૭ નોંધી હતી, જ્યારે યુએસ જીઓલોજિકલ સર્વે (USGS) એ તેને ૫.૫ માપી હતી.

ભારતીય સેનાનો ફેસબુક, સ્નેપચેટ, અને પબજી સહિત ૮૭ પ્રતિબંધિત એપ્સ ઉપયોગ કરવાનું ટાળવાનો નિર્દેશ

નવી દિલ્હી,

ભારતીય સેનાએ એક સલાહકાર જારી કરીને તેના કર્મચારીઓ, જેમાં સૈનિકો, જવાનો અને અધિકારીઓનો સમાવેશ થાય છે, તેમને સુરક્ષા સંબંધિત પ્રતિબંધો હેઠળ ઓળખાયેલી ૮૭ મોબાઈલ એપ્લિકેશનોની સૂચિનો ઉપયોગ કરવાનું ટાળવાનો નિર્દેશ આપ્યો છે. સલાહકારમાં ડેટા સુરક્ષા અને સંવેદનશીલ માહિતીના સંભવિત દુરુપયોગ સાથે જોડાયેલી ચિંતાઓને કારણે લશ્કરી કર્મચારીઓને તેમના મોબાઈલ ઉપકરણો પર આ એપ્લિકેશનોનો ઉપયોગ કરવા સામે ચેતવણી આપવામાં આવી છે.



ભારતીય સેનાની સૈનિકો, જવાનો અને અધિકારીઓને તેમના મોબાઈલ ઉપકરણો પર એપ્લિકેશનોનો ઉપયોગ કરવા સામે ચેતવણી

"પ્રતિબંધિત એપ્લિકેશન્સ" શીર્ષકવાળી આ સૂચિમાં મેસેજિંગ, વિડિઓ હોસ્ટિંગ, ઈ-કોમર્સ, ગેમિંગ, ડેટિંગ અને સોશિયલ ડિસ્કવરી, સોશિયલ નેટવર્કિંગ, કન્ટેન્ટ શેરિંગ, સમાચાર, વેબ બ્રાઉઝિંગ અને યુટિલિટી એપ્લિકેશન્સ સહિત અનેક શ્રેણીઓનો સમાવેશ થાય છે. તેમાં મેસેજિંગ, શોપિંગ, સોશિયલ નેટવર્કિંગ, મનોરંજન અને ઓનલાઈન સંદેશાવ્યવહાર માટે ઉપયોગમાં લેવાતા ઘણા લોકપ્રિય પ્લેટફોર્મનો સમાવેશ થાય છે. સૂચિબદ્ધ નામોમાં ફેસબુક, સ્નેપચેટ, ટિકટોક, PUBG, ટિન્ડર, બમ્બલ, શીન, અલીએક્સપ્રેસ, ઝૂમ અને વાઈબરનો સમાવેશ થાય છે. આ સલાહકારનો હેતુ લશ્કરી કર્મચારીઓ દ્વારા આ એપ્લિકેશનોના ઉપયોગથી ઉદ્ભવતા સંભવિત સુરક્ષા જોખમોને ઘટાડવા અને સંવેદનશીલ માહિતીને સુરક્ષિત રાખવાનો છે.

પાકિસ્તાની મંત્રીએ હુમાયુના મકબરાની મુલાકાત લીધી

નિર્ધારિત કાર્યક્રમથી અલગ જઈને લાલ કિલ્લો અને કુતુબ મિનાર પણ જોયા

નવી દિલ્હી,

'ઓપરેશન સિંદૂર' પછી પાકિસ્તાન તરફથી ભારતની આ પ્રથમ મંત્રીસ્તરીય મુલાકાત એક અણધાર્યા વળાંક સાથે આગળ વધી; પાકિસ્તાની મંત્રી મુસાદિક મસૂદ મલિક અને તેમના પ્રતિનિધિમંડળે દિલ્હીના એવા બે સ્મારકોની મુલાકાત લીધી, જેનો સમાવેશ સરકાર દ્વારા મંજૂર કરાયેલા પ્રવાસ કાર્યક્રમમાં નહોતો.

હવામાન પરિવર્તન અને પર્યાવરણીય સંકલન માટેના પાકિસ્તાની સંઘીય મંત્રીએ 'પુરાના કિલ્લા' (૨૦-૨૨ નવેમ્બર) ખાતે આયોજિત 'SCO સિવિલાઈઝેશનલ ડાયલોગ ફોરમ'માં પાકિસ્તાની પ્રતિનિધિમંડળનું નેતૃત્વ કર્યું હતું. મે ૨૦૨૩માં ગોવા ખાતે યોજાયેલી જી૨૦ બેઠક માટે તત્કાલીન વિદેશ મંત્રી બિલાવલ ભુટ્ટો ઝરદારી આવ્યા હતા, ત્યારબાદ ભારતની મુલાકાત લેનારા તેઓ પ્રથમ પાકિસ્તાની સંઘીય મંત્રી છે.

સંસ્કૃતિ મંત્રાલયના વરિષ્ઠ અધિકારીઓએ જણાવ્યું હતું કે, પાકિસ્તાન હાઈ કમિશને મંત્રી અને તેમના પ્રતિનિધિમંડળ માટે પાંચ સ્થળોની મુલાકાત લેવાની અગાઉથી મંજૂરી માંગી હતી. જેમાંથી ચાર સ્થળોને મંજૂરી આપવામાં આવી હતી: આગરામાં તાજમહેલ, હુમાયુનો મકબરો, દિલ્હી હાટ અને કિલ્લા રાય પિથોરા. સુરક્ષાના કારણોસર નિઝામુદ્દીન દરગાહની મુલાકાત લેવાની મંજૂરી આપવામાં આવી ન હતી.

પીએમ નરેન્દ્ર મોદીની મુલાકાત પહેલા ભારત-કેનેડા સંરક્ષણ સોદા પર ચર્ચા થશે

મોદીની કેનેડા મુલાકાત દરમિયાન મુક્ત વેપાર કરારની જાહેરાત થવાની ધારણા

નવીદિલ્હી,

ભારતીય અને કેનેડિયન અધિકારીઓ સંરક્ષણ અને માહિતી સુરક્ષા કરારો પર ચર્ચા કરી રહ્યા છે. ડિસેમ્બરના બીજા અઠવાડિયામાં પીએમ નરેન્દ્ર મોદીની કેનેડા મુલાકાત દરમિયાન આ કરારોની જાહેરાત થઈ શકે છે. આ કરારોમાં લશ્કરી સહયોગ અને ગુપ્ત માહિતીની વહેંચણી સંબંધિત કરારોનો સમાવેશ થાય છે. પીએમ મોદીની મુલાકાત મહત્વપૂર્ણ છે કારણ કે છેલ્લા કેટલાક મહિનામાં બંને દેશો વચ્ચેના સંબંધોમાં ઉતાર-ચઢાવ આવ્યો છે, જેમાં કેનેડામાં ખાલિસ્તાની પ્રવૃત્તિઓ એક મુખ્ય પરિબળ છે.

ધ ગ્લોબ એન્ડ મેઇલ અનુસાર, ૧૧-૧૨ ડિસેમ્બરે મોદીની કેનેડા મુલાકાત દરમિયાન મુક્ત વેપાર કરારની જાહેરાત થવાની ધારણા છે. વધુમાં, ઘણા કરારો પર વાટાઘાટો થઈ રહી છે, જે ઓટાવા અને દિલ્હી વચ્ચે વધતા વિશ્વાસના સ્તરને દર્શાવે છે. ૨૦૨૩ માં રાજદ્વારી તણાવ પછી આ વિશ્વાસ ફરીથી બનાવવામાં આવી રહ્યો છે જેણે બંને દેશો વચ્ચેના સંબંધોમાં નોંધપાત્ર રીતે તણાવ પેદા કર્યો હતો.

કેનેડામાં ભારતના હાઈ કમિશનર દિનેશ પટનાયકના જણાવ્યા અનુસાર, બંને દેશો સંરક્ષણ કરાર પર વાટાઘાટો કરી રહ્યા છે. આમાં વ્યૂહાત્મક સહયોગ (યુદ્ધ જહાજોની મુલાકાતો સહિત), સંયુક્ત તાલીમ અને ક્ષમતા નિર્માણ અને એરોસ્પેસ, નૌકાદળ અને અવકાશ ક્ષેત્રોમાં લશ્કરી સાધનોનું ઉત્પાદન શામેલ હશે. સંરક્ષણ સહયોગ કરાર એક માળખું બનાવશે જેના હેઠળ સરકારો સાથે મળીને અને ખાનગી ક્ષેત્રની કંપનીઓ સાથે કામ કરી શકે છે.

તેમણે કહ્યું, "અમે પ્રારંભિક ચેતવણી અને દેખરેખ વિમાનો પર વિચાર કરી રહ્યા છીએ. કેનેડિયન કંપની બોમ્બાર્ડિયર આ માટે એક સારી પસંદગી છે. અમે ડી હેવિલેન્ડ સીપ્લેન અને અવકાશ સહયોગ પર પણ ધ્યાન કેન્દ્રિત કરી રહ્યા છીએ." ભારતના ખાનગી ક્ષેત્રમાં સ્કાયરૂટ એરોસ્પેસ જેવી કંપનીઓ છે, જે અવકાશમાં રોકેટ લોન્ચ કરવાની ક્ષમતા ધરાવે છે, જે કેનેડાને મદદ કરી શકે છે.

ગુરુગ્રામમાં જાહેર સ્થળોને 'નો-સ્મોકિંગ ઝોન' જાહેર કરાયા

નિયમ તોડનારને ૨૦૦ રૂપિયાનો થશે દંડ

ગુરુગ્રામ

નાગરિક સંસ્થા દ્વારા જારી કરાયેલા આદેશ મુજબ, ગુરુગ્રામ મ્યુનિસિપલ કોર્પોરેશન (MCG) ના અધિકારક્ષેત્ર હેઠળના તમામ જાહેર સ્થળોને "નો-સ્મોકિંગ ઝોન" જાહેર કરવામાં આવ્યા છે. એક અધિકારીએ જણાવ્યું હતું કે મ્યુનિસિપલ કમિશનર પંકજે આ આદેશ જારી કર્યો હતો, જે તાત્કાલિક અમલમાં આવ્યો છે.

આ આદેશ હેઠળ, જાહેર સ્થળોએ સિગારેટ, બીડી, સિગાર અથવા અન્ય કોઈપણ તમાકુ ઉત્પાદનો પીવા પર પ્રતિબંધ છે. તમાકુ થૂંકવા અથવા સિગારેટ અને બીડીના ટુકડા ફેંકવા પર પણ પ્રતિબંધ છે. ઉલ્લંઘન કરનારાઓને ૨૦૦ રૂપિયા સુધીનો દંડ થશે. "કોઈપણ વ્યક્તિને સિગારેટ, બીડી, સિગાર અથવા અન્ય કોઈપણ તમાકુ ઉત્પાદનો પીવાની, અથવા જાહેર સ્થળોએ સિગારેટ અને બીડીના ટુકડા ફેંકવાની અથવા તમાકુ થૂંકવાની મંજૂરી નથી. ઉલ્લંઘન બદલ ૨૦૦ રૂપિયા સુધીનો દંડ પણ લાદવામાં આવશે," તેમાં કહેવામાં આવ્યું છે. આ પગલાનો હેતુ હરિયાણાના ગુરુગ્રામને સ્વચ્છ, સ્વસ્થ અને તમાકુના ધુમાડાથી મુક્ત બનાવવાનો છે. આદેશ મુજબ, સિગારેટ અને અન્ય તમાકુ ઉત્પાદનો (જાહેરાત પર પ્રતિબંધ અને વેપાર અને વાણિજ્ય, ઉત્પાદન, પુરવઠો અને વિતરણનું નિયમન) અધિનિયમ, ૨૦૦૩ ની કલમ ૪ કોઈપણ જાહેર સ્થળે ધૂમ્રપાન પર પ્રતિબંધ મૂકે છે.

ટ્રમ્પે જેન્સેન હુઆંગની એનવિડિયામાં વાપસીને એકદમ શ્રેષ્ઠ નિર્ણય ગણાવ્યો

મસ્કે કહ્યું ભૂલ સુધારી લેવામાં આવી છે

વોશિંગ્ટન,

યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે Nvidia ના પ્રમુખ અને ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર (CEO) તરીકે જેન્સન હુઆંગને પુનઃસ્થાપિત કરવાના નિર્ણયનું સ્વાગત કર્યું, અને બોર્ડના આ પગલાને "એકદમ મહાન નિર્ણય" ગણાવ્યો. ડેમોક્રેટિક કાયદા નિર્માતાઓ અને ઈલિનોઈસના ગવર્નર જેબી પ્રિટ્ઝકરે હુઆંગના પાછા ફરવાના સમય પર પ્રશ્ન ઉઠાવ્યો ત્યારે તેમની ટિપ્પણી આવી, જેમાં વણઉકેલાયેલી રાષ્ટ્રીય સુરક્ષા ચિંતાઓ અને ચાલુ તપાસનો ઉલ્લેખ કરવામાં આવ્યો. "NVIDIA ને, જે હું માનું છું, તે એકદમ મહાન નિર્ણય લેવા બદલ અભિનંદન!" ટ્રમ્પે ટ્રૂથ સોશિયલ પર એક પોસ્ટમાં કહ્યું.



અગાઉની પોસ્ટમાં, ટ્રમ્પે બોર્ડના નિર્ણયનું સ્વાગત પણ કર્યું હતું, જેમાં હુઆંગને "મહાન દેશભક્ત અને રાષ્ટ્રીય ખજાનો" ગણાવ્યો હતો. તેમણે દલીલ કરી હતી કે ટેકનોલોજી એક્ઝિક્યુટિવનું નેતૃત્વ માત્ર Nvidia માટે જ નહીં પરંતુ અમેરિકન અર્થતંત્ર માટે પણ મહત્વપૂર્ણ હતું. "NVIDIA બોર્ડ ઓફ ડિરેક્ટર્સે જેન્સન હુઆંગને CEO પદ પર પરત કરવાનો સાચો અને યોગ્ય નિર્ણય લીધો છે. દેશને NVIDIA માં જેન્સનના નેતૃત્વની જરૂર છે જેથી માત્ર કંપની જ નહીં, પરંતુ અમેરિકન અર્થતંત્રની સફળતા અને સમૃદ્ધિ સુનિશ્ચિત થાય," ટ્રમ્પે લખ્યું. યુએસ રાષ્ટ્રપતિએ એમ પણ કહ્યું કે સરકાર પાસે એવું માનવાનું કોઈ કારણ નથી કે હુઆંગના પાછા ફરવાથી રાષ્ટ્રીય સુરક્ષા માટે કોઈ જોખમ ઊભું થયું છે. તેમણે ઉમેર્યું કે યુએસ એટર્ની જનરલ ટોડ બ્લેન્ચે પુષ્ટિ આપી છે કે સરકાર પાસે Nvidia વડા દ્વારા ગેરકાયદેસર વર્તનના પુરાવા નથી.

રશિયા અને યુક્રેન વચ્ચે ચાલી રહેલા યુદ્ધથી દરિયાઈ વેપાર અને વિશ્વના ખાદ્ય પુરવઠાને વિપરિત અસર

કાળા સમુદ્રમાં વેપારી જહાજો અને ખલાસીઓને નિશાન બનાવવા અંગે ભારતે સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદમાં ચિંતા વ્યક્ત કરી

વોશિંગ્ટન,

રશિયા અને યુક્રેન વચ્ચે ચાલી રહેલ યુદ્ધ હવે દરિયાઈ વેપાર અને વિશ્વના ખાદ્ય પુરવઠાને અસર કરી રહ્યું છે. કાળા સમુદ્રમાં વેપારી જહાજો અને તેમના ખલાસીઓને નિશાન બનાવવા અંગે ભારતે સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદમાં તીવ્ર ચિંતા વ્યક્ત કરી છે. ભારતે જણાવ્યું છે કે જહાજો પર હુમલા તાત્કાલિક બંધ થવા જોઈએ અને આંતરરાષ્ટ્રીય દરિયાઈ માર્ગો પર સલામત નેવિગેશન શક્ય તેટલી વહેલી તકે પુનઃસ્થાપિત થવું જોઈએ. ભારતે એમ પણ કહ્યું કે યુદ્ધનો અંત લાવવા માટે વાતચીત અને રાજદ્વારી શ્રેષ્ઠ માર્ગ છે.

સંયુક્ત રાષ્ટ્રમાં ભારતના કાયમી પ્રતિનિધિ, રાજદૂત હરીશ પર્વતાનેનીએ સોમવારે ઉચ્ચ સ્તરીય સુરક્ષા પરિષદની બેઠકમાં જણાવ્યું હતું કે સમગ્ર વિશ્વ રશિયા-યુક્રેન યુદ્ધની અસર અનુભવી રહ્યું છે. આનું કારણ એ છે કે દરેક દેશ કોઈને કોઈ રીતે અન્ય દેશો સાથે જોડાયેલો છે. ખોરાક, ઉર્જા, ખાતર અને અન્ય આવશ્યક ચીજવસ્તુઓનો પુરવઠો એકબીજા પર આધારિત છે. તેથી, એક ક્ષેત્રમાં યુદ્ધ સમગ્ર વૈશ્વિક અર્થતંત્રને અસર કરે છે. તેમણે કહ્યું કે યુદ્ધનો દરેક પસાર થતો દિવસ માનવતાને પાછળ ધકેલી રહ્યો છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ એમ પણ કહ્યું છે કે વિશ્વએ યુદ્ધના અંત તરફ આગળ વધવું જોઈએ, અનંત યુદ્ધ નહીં. ભારત આ સંઘર્ષનો શાંતિપૂર્ણ ઉકેલ શોધવા માટે દરેક પ્રયાસમાં સહયોગ કરવા તૈયાર છે.

ભારતીય રાજદૂતે જણાવ્યું હતું કે કોઈપણ યુદ્ધની સૌથી ખરાબ અસર નાગરિકો પર પડે છે. લડાઈ કૃષિને વિક્ષેપિત કરે છે, લોકોને તેમના ઘર છોડવા મજબૂર કરે છે, અને રસ્તાઓ અને બંદરો જેવા આવશ્યક માળખાકીય સુવિધાઓનો નાશ કરે છે. આ રાહત પુરવઠાની ડિલિવરીને જટિલ બનાવે છે. અસર ફક્ત ખાદ્ય પુરવઠા સુધી મર્યાદિત નથી, પરંતુ વીજળી, બળતણ, ખાતરો અને કૃષિ વ્યવસાયોને પણ અસર કરે છે. વિકાસશીલ અને ગરીબ દેશો સૌથી વધુ ખર્ચ સહન કરે છે. તેથી, સુરક્ષા પરિષદે નાગરિકોની સલામતી, માનવતાવાદી સહાય અને વેપારી જહાજોના સલામત માર્ગને પ્રાથમિકતા આપવી જોઈએ.



પર્વતનેનીએ સમજાવ્યું કે કાળો સમુદ્ર ક્ષેત્ર વિશ્વની ખાદ્ય જરૂરિયાતો માટે મહત્વપૂર્ણ છે. ભારત અને કાળો સમુદ્ર ક્ષેત્ર મળીને વિશ્વના અનાજ ઉત્પાદનના પાંચમા ભાગનું ઉત્પાદન કરે છે. દરમિયાન, રશિયા અને યુક્રેન મળીને વિશ્વના ઘઉં, મકાઈ અને જવના લગભગ એક ચતુર્થાંશ નિકાસ કરે છે. આવી સ્થિતિમાં, આ ક્ષેત્રમાં શિપિંગ અથવા વેપારમાં વિક્ષેપ વિશ્વભરના ઘણા દેશોની ખાદ્ય સુરક્ષા પર સીધી અસર કરે છે.

પંજાબમાં ભાજપ અને શિરોમણી અકાલી દળ વચ્ચે ગઠબંધનની જાહેરાત : મુખ્યમંત્રીપદનો ચહેરો પણ અકાલી દળનો હશે

નવીદિલ્હી,

આવતા વર્ષે પંજાબમાં યોજાનારી વિધાનસભા ચૂંટણી અંગે મંગળવારે એક મોટી જાહેરાત કરવામાં આવી હતી. ભાજપ અને શિરોમણી અકાલી દળે ગઠબંધન બનાવ્યું છે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે એક પત્રકાર પરિષદમાં આ જાહેરાત કરી હતી. ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ નીતિન નવીન પણ હાજર હતા. શિરોમણી અકાલી દળના પ્રમુખ સુખબીર સિંહ બાદલ પણ આ સંયુક્ત કાર્યક્રમનો ભાગ છે. ગૃહમંત્રી અમિત શાહે કહ્યું, "દરેકને ગુરુ પર્વની શુભકામનાઓ. આજે અમારા રાષ્ટ્રીય અધ્યક્ષના નેતૃત્વમાં એક બેઠક યોજાઈ હતી, જેમાં અકાલી દળ અને ભાજપના મુખ્ય નેતાઓ મળ્યા હતા અને નિર્ણય લીધો હતો કે ભાજપ અને અકાલી દળ આગામી પંજાબ વિધાનસભા ચૂંટણી સાથે મળીને લડશે, અને આજથી, અકાલી દળ NDA ભાગીદાર તરીકે રાજકારણમાં કામ કરશે."



કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું, "આજે ખૂબ જ આનંદની વાત છે કે રાષ્ટ્રીય લોકશાહી જોડાણના સૌથી જૂના સાથી પક્ષ શિરોમણી અકાલી દળ આજે એનડીએ માં પાછા ફરી રહ્યું છે. હું અકાલી દળના તમામ સાથીદારો અને સરદાર સુખબીર સિંહ બાદલનું એનડીએમાં હૃદયપૂર્વક સ્વાગત કરું છું... ગઈકાલે, જ્યારે મેં એનડીએના વિસ્તરણ વિશે વડા પ્રધાન સાથે વાત કરી, ત્યારે તેમણે સુખબીર જી અને અમારા રાષ્ટ્રપતિ જી ને પણ ફોન કર્યો. તેમણે કહ્યું કે એનડીએ હવે પૂર્ણ થઈ ગયું છે, કારણ કે બાદલ સાહેબની પાર્ટી વિના તે અધૂરું હતું. "મને વિશ્વાસ છે કે આ જોડાણ પંજાબમાં, દેશભરમાં અને વિશ્વભરમાં હિન્દુ-શીખ ભાઈચારાનું પ્રતીક બનશે, અને બંને પક્ષો આ દિશામાં સાથે મળીને આગળ વધશે."

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું કે બાદલ સાહેબના નેતૃત્વમાં, અકાલી દળ અમારો સૌથી જૂનો સાથી રહ્યો છે. અમે ઘણી ચૂંટણીઓ સાથે લડ્યા છીએ, જીત અને હાર બંનેનો અનુભવ કર્યો છે, છતાં અમારા સંબંધો અતૂટ રહ્યા છે. આજે, આ ભાગીદારીનું નવીકરણ થઈ રહ્યું છે, જે અમને ખૂબ જ ખુશ કરે છે. એનડીએના ભાગ રૂપે, જેમ જેમ ભારતીય જનતા પાર્ટી અને અકાલી દળ આગામી ચૂંટણીઓની તૈયારી કરી રહ્યા છે, અમે પંજાબ માટે એક મેનિફેસ્ટો બહાર પાડીશું, જેમાં ઘણા મુખ્ય મુદ્દાઓ હશે.

અમરેલી જિ. પં.નાં પ્રમુખના કહેવાથી ધમકી આપ્યાની પોલીસમાં લેખિત અરજી

જીરા ગામમાં ગ્રામ પંચાયતના કામો અંગે સોશિયલ મીડિયામાં કોમેન્ટ કરી તો મારી નાખવાની ધમકી મળી

સાવરકુંડલા:સાવરકુંડલા તાલુકાના જીરા ગામે ગ્રામ પંચાયતની આગામી ચૂંટણીને લઈને રાજકીય માહોલ ગરમાયો છે. ત્યારે સોશિયલ મીડિયા પર ગામના વિકાસકાર્યો અંગે પોતાનો અભિપ્રાય વ્યક્ત કરનાર એક નાગરિકને ફોન પર ગાળો આપી માર મારવાની તેમજ જાનથી મારી નાખવાની ધમકી આપવામાં આવી હોવાનો ગંભીર આક્ષેપ સામે આવ્યો છે.

આ મામલે જીરા ગામના કલ્પેશભાઈ શંભુભાઈ દુધાતે સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટરને લેખિત અરજી કરી પોલીસ રક્ષણ અને કાયદેસરની કાર્યવાહી કરવાની માંગ કરી છે.

જીરા ગામના નાગરિક કલ્પેશભાઈ દુધાતે જીરા ગ્રામ પંચાયતની આગામી ચૂંટણીને લઈને સરપંચ અને સભ્યોના ઉમેદવારોના સંદર્ભમાં સોશિયલ મીડિયા પર ગામના વિકાસકાર્યો તેમજ જ્યાં વિકાસનાં કામો થયાં નથી તે અંગેના વીડિયો અને ચર્ચાઓ ચાલી રહી છે.

આ દરમિયાન તેમણે જીરા ગામના નાગરિક તરીકે પોતાનો અભિપ્રાય અને કોમેન્ટ રજૂ કરી હતી. જોકે, તેમણે કોઈપણ પ્રકારના અપશબ્દો કે ગેરકાયદેસર શબ્દોનો ઉપયોગ કર્યો ન હોવા છતાં તેમને હેરાન કરવામાં આવતા હોવાનો આક્ષેપ કર્યો છે.

તારીખ ૨૧ નવેમ્બર ૨૦૨૬ના રોજ રાત્રે આશરે ૧૦ વાગ્યે જીરા ગામના ભરતભાઈ ચોડવડીયાએ ફોન કરીને ગાળો આપી અપમાનિત કર્યા હતા. તેમજ માર મારવાની અને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.એટલું જ નહીં તું જીરા ગામમાં કેવી રીતે રહી શકીશ તે હું જોઈ લઈશ અને તારું ગામમાં રહેવું મુશ્કેલ કરી દઈશ, હુંતને રૂબરૂ મળીશ એટલે તને જોઈ લઈશ તેવી ધમકી આપ્યાનો આક્ષેપ કરવામાં આવ્યો છે.ભરતભાઈ ચોડવડીયા અમરેલી જિલ્લા પંચાયતનાં પ્રમુખ દક્ષાબેન ચોડવડીયાના જેઠ થાય છે. આ સમગ્ર મામલે જિલ્લા પંચાયતનાં પ્રમુખના કહેવાથી પોતાને હેરાન કરવામાં આવતા હોવાની પણ અરજીમાં શંકા વ્યક્ત કરવામાં આવી છે.

ઉના ખાંડ ઉદ્યોગના ૬૦૦થી વધુ કામદારોને ૨૩ કરોડ ચૂકવવા આદેશ

સૌરાષ્ટ્ર મજૂર મહાજન સંઘની ૪૦ વર્ષની લાંબી કાનૂની લડત રંગ લાવી, ઊના પંથકના કામદારોમાં અંતે રાહત

કૈલેશ ભટ્ટ ઉના

ઉના તાલુકામાં આવેલી ઉના તાલુકા ખેડૂત સહકારી ખાંડ ઉદ્યોગ મંડળી લિ.માં વર્ષો પહેલાં કામદારોને અન્યાયનો સામનો કરવો પડ્યો હતો.ફેક્ટરી સંચાલન દ્વારા પ્રથમ બે વખત કથિત રીતે ગેરકાયદેસર લે-ઓફ જાહેર કરવામાં આવ્યા હતા. ત્યારબાદ ૬૦૦થી વધુ કામદારોને કાયદા મુજબમળવા પાત્ર હક, હિસ્સા અને વળતર ચૂકવ્યા વિના જ છૂટા કરી દેવામાં આવ્યા હતા. જેના કારણે મોટી સંખ્યામાં કામદારો અને તેમના પરિવારોની આજીવિકા સામે ગંભીર પ્રશ્ન ઊભો થયો હતો. રોજગારી છીનવાઈ જતાં અનેક પરિવારો આર્થિક મુશ્કેલીમાં મુકાયા હતા.

કામદારોને થયેલા આ અન્યાય સામે સૌરાષ્ટ્ર મજૂર મહાજન સંઘ, રાજકોટ દ્વારા ન્યાય અપાવવા માટે કાનૂની લડત શરૂ કરવામાં આવી હતી. આ લડત એક-બે વર્ષ નહીં, પરંતુ સતત ૪૦ વર્ષ સુધી ચાલી હતી. આ દરમિયાન સંઘ દ્વારા મજૂર અદાલત, ઔદ્યોગિક અદાલત, ગુજરાત હાઈકોર્ટથી લઈને દેશની સર્વોચ્ચ અદાલત સુપ્રીમ કોર્ટ સુધી કાનૂની રજૂઆતો કરવામાં આવી હતી.

સૌરાષ્ટ્ર મજૂર મહાજન સંઘના જણાવ્યા અનુસાર, ઉના ખાંડ ઉદ્યોગ પાસે શેરડીનો પૂરતો જથ્થો ઉપલબ્ધ હોવા છતાં તેનું અન્યત્ર વેચાણ કરી દેવામાં આવ્યું હતું. ત્યારબાદ ફેક્ટરી પાસે ખાંડના ઉત્પાદન માટે જરૂરી રો-મટીરિયલ્સ અને શેરડી ઉપલબ્ધ ન હોવાનું જાહેર કરી ફેક્ટરી બંધ કરવામાં આવી હતી. આ સમગ્ર પ્રક્રિયાને પડકારતાં સંઘ દ્વારા કામદારોના હિતમાં મજૂરઅદાલત અને ઔદ્યોગિક અદાલત સમક્ષ ન્યાયિક કાર્યવાહી હાથ ધરાઈ હતી. કાનૂની લડત દરમિયાન ફેક્ટરી તરફથી વિવિધ વાંધાઓ અને દલીલો રજૂ કરવામાં આવતી રહીહતી. જોકે, સંઘ દ્વારા દસ્તાવેજી પુરાવા અને કાનૂની જોગવાઈ ઓના આધારે કરવામાં આવેલી રજૂઆતો ના પરિણામે કામદારોના હિતમાં વિવિધ અદાલતો દ્વારા હુકમો કરવામાં આવ્યા હતા.

ફેક્ટરીનો વહીવટ સરકારી તંત્રના નિયંત્રણ હેઠળ હોવા છતાં અગાઉના અદાલતી હુકમોનો અમલ કરવામાં આવ્યો ન હોવાનો સંઘે મુદ્દો ઉઠાવ્યો હતો. ત્યારબાદ સરકારી વહીવટી તંત્ર દ્વારા સુપ્રીમ કોર્ટમાં પણપિટિશન કરવામાં આવી હતી. આ તબક્કે પણ સૌરાષ્ટ્ર મજૂર મહાજન સંઘ દ્વારા કામદારોના પક્ષમાં મજબૂત કાનૂની રજૂઆતો કરાઈ હતી.

આખરે સુપ્રીમ કોર્ટ દ્વારા આપવામાં આવેલા અંતિમ ચુકાદામાં ૬૦૦થી વધુ કામદારોને કુલ અંદાજે રૂ.૨૩ કરોડની રકમ ચૂકવવાપાત્ર ઠરાવવામાં આવી છે. ચાર દાયકાથી ન્યાયની રાહ જોઈ રહેલા કામદારો માટે આ ચુકાદો મોટી કાનૂની જીત સમાન માનવામાં આવી રહ્યો છે.

૬૦૦ પરિવારોની નજર હવે ચુકાદાના અમલ પર સમગ્ર મામલે સૌરાષ્ટ્ર મજૂર મહાજન સંઘ, રાજકોટના પ્રધાનમંત્રી દિલીપભાઈ ઠાકરે માહિતી આપતાં જણાવ્યું હતું કે, કામદારોને ન્યાય અપાવવા માટે સંઘે ચાર દાયકાથી સતત કાનૂની લડત લડી છે. વિવિધ અદાલતોમાં લાંબી કાર્યવાહી બાદ આખરે સુપ્રીમ કોર્ટમાંથી કામદારોના હિતમાં ચુકાદો મળ્યો છે અને ૬૦૦થી વધુ કામદારોને આશરે રૂ.૨૩ કરોડની રકમ મળવાપાત્ર બની છે. તેમ છતાં ચુકાદાનો અમલ ન થતાં જવાબદાર અધિકારીઓ સામે કન્ટેમ્પ્ટ ઓફ કોર્ટની નોટિસ પાઠવવાની ફરજ પડી છે.ઉના ખાંડ ઉદ્યોગના આ કેસમાં હવે સૌથી મોટો પ્રશ્ન એ છે કે સુપ્રીમ કોર્ટના ચુકાદા બાદ પણ કામદારોને તેમની હકની રકમ મેળવવા માટે વધુ કેટલી રાહ જોવી પડશે? ચાર દાયકા સુધી કાનૂની લડત લડનારા કામદારો અને તેમના પરિવારોની નજર હવે રૂ.૨૩ કરોડની ચુકવણી ક્યારે થાય છે તેના પર મંડાયેલી છે.

આપઘાત કરી લેનાર પતિ સામે પત્નીની હત્યાનો પોલીસમાં ગુનો નોંધાયો

હત્યા અને અપઘાતનો ભોગ બનેલો પરિવાર બાબરામાં ૨ વર્ષથી ભાડાના મકાનમાં રહેતો'તો

અમરેલી:બાબરામાં ખોજાખાના શેરી વિસ્તારમાં એક મહિલાની માથામાં ધોકા ફટકારી તેના પતિએ હત્યા કરી નાખ્યા બાદ પતિ અને પુત્રએ ધોલેરા નજીક વતનમાં જઈ આપઘાત કર્યાની ઘટનામાં પોલીસે હત્યારા પતિ સામે ગુનો નોંધ્યો છે.



બાબરામાં મહિલાની હત્યા અંગે આખરે ગુનો નોંધવામાં આવ્યો છે. ગઈકાલે શારદાબેન વિનોદભાઈ ગોહેલ નામની મહિલાની તેમના ભાડાના મકાનમાં હત્યા થયા બાદ શારદાબેનના ભાઈ ધંધુકા તાલુકાના સાલાસર ગામે રહેતા નરેશભાઈ બાબુભાઈ ચૌહાણે તેમના બનેવી વિનોદભાઈ બીજલભાઈ ગોહેલ સામે ફરિયાદ નોંધાવી છે.

વિનોદભાઈ અને તેની પત્ની તથા પુત્ર છેલ્લા બે વર્ષથી બાબરામાં ભાડાના મકાનમાં રહેતા હતા અને મજુરી કામ કરતા હતા. ધંધુકા તાલુકાના કાદીપુર ગામે વિનોદભાઈ ગોહેલના બંધ મકાન બહાર બાઈક પડ્યું હોય રાત્રીના સમયે તેઓ અહીં આવ્યા છે તેમ માની પાડોશીઓ ચાનું પુછવા ગયા હતા. જો કે તે સમયે ઘરમાં વિનોદભાઈ અને તેના પુત્રએ આપઘાત કરી લીધો હોવાનું જણાયું હતું.

બનાવ અંગે શારદાબેનના ભાઈ નરેશભાઈ ચૌહાણને જાણ થતા તેમણે પોતાની બહેન ક્યાં છે તે જાણવા પ્રયાસ કર્યો હતો. જો કે બહેનનો સંપર્ક થયો ન હતો પરંતુ આ પરિવાર બાબરામાં રહેતો હોવાની જાણ થતા બાબરા પોલીસને જાણ કરાઈ હતી.

જેના આધારે શારદાબેનની પણ હત્યા થયાનું ખુલ્યુ હતું.

વડિયાના મોરવાડા, બાબરાના ખંભાળા પંથકમાં હવે સાવજોનો કાયમી વસવાટ

ગીરની શાન ગણાતા સાવજોને અમરેલીનો રેવન્યુ વિસ્તાર ભારે માફક આવી ગયો

અમરેલી: રાજુલા, જાફરાબાદ, ધારી, ખાંભા, સાવરકુંડલા, લીલીયા, બગસરા અને અમરેલી તાલુકામાં તો સાવજોનો લાંબા સમયથી વસવાટ છે.જ્યારે વડીયા અને બાબરા પંથકમાં સાવજોની અવારનવાર અવરજવર રહેતી હતી. પરંતુ હવે આ વિસ્તારને પણ સાવજોએ પોતાના કાયમી રહેઠાણ તરીકે સ્વીકારી લીધો છે. વડીયાના મોરવાડા તથા બાબરાના ખંભાળા પંથકના વિસ્તારમાં સાવજોએ નવું ઘર વસાવી લીધુ છે.

પાછલા વર્ષો દરમિયાન બાબરા પંથકમાં અવારનવાર સાવજોની અવરજવર થઈ હતી. એક સમયે સાવજો ગઢડા અને બોટાદ તાલુકા સુધી પણ પહોંચી ગયા હતા. જો કે બાદમાં ત્યાથી પરત ફરી ગયા હતા. લીલીયાના કાંકચથી લઈ સાવરકુંડલા પંથકમાં સાવજોની વસ્તી વધતા તેનો લાઠી તાલુકા સુધી કાયમી પગ પેસારો થયો હતો પરંતુ હવે સાવજોના એક



ગૃપે બાબરાના પંચાળ વિસ્તારમાં ધામા નાખ્યા છે.

બાબરા તાલુકાના ખંભાળા તથા આસપાસના વિસ્તારમાં આ સાવજ ગૃપ હવે કાયમી રોકાઈ ગયું છે. જે છેક જાબળવાળા અને આસપાસની ડુંગળમાળાઓમાં પણ લટાર મારે છે અને બે દિવસ પહેલા એક સિંહ બાબરા નજીક પણ આવી ગયો હતો.

આવી જ સ્થિતિ હવે વડીયા પંથકમાં પણ જોવા મળે છે. વડીયા તાલુકાના મોરવાડા ગામની સીમમાં હવે સિંહનો વસવાટ છે. અહીં સિંહ દ્વારા અવારનવાર મારણ પણ કરવામાં આવી રહ્યું છે.

આ વિસ્તારમાંથી સાવજો જેતપુર તાલુકાની હદમાં પણ પ્રવેશી રહ્યા છે. જ્યા ગઈકાલે ટ્રેન હડફેટે બે સિંહણનું મોત થયું હતું. સિંહની વસ્તી જેમ જેમ વધતી જશે તેમ તેમ દેશની શાન સમા આ સાવજો નવા નવા વિસ્તારો શર કરતા રહેશે.

અમરેલી અને ભાવનગર જિલ્લામાં રેવન્યુ વિસ્તારમાં વસતા સાવજો હવે આવનારા સમયમાં રાજકોટ, બોટાદ અને સુરેન્દ્રનગર જિલ્લાની હદમાં કાયમી રહેઠાણ બનાવે તે દિવસો દૂર નથી.

ઉનાળામાં સાવજોને પાણી અને છાંયડા માટે ભટકવું પડે છે. ઠેબી અને વડી ડેમનું પાણી આવનારા સમયમાં સાવજોને આ વિસ્તારમાં નવું ઘર બનાવવાનું કારણ બનશે. વળી આ વિસ્તારમાં ઝાડી વિકસાવાઈ છે. બાવળની કાંટ પણ છે. જે સાવજોનું નવું ઘર બનશે.

થોડા સમય પહેલા ચિતલની સીમમાં પહોંચ્યા હતા અને તે જ સમયે અમરેલીની ભાગોળે સાવરકુંડલા બાયપાસ નજીક ગેસના ગોડાઉન પાસે સિંહે એક યુવાન પર હુમલો પણ કર્યો હતો. સાવજો અવારનવાર અમરેલીની હદ સુધી આવી જાય છે.

ગીર કાંઠાના તાલુકાઓમાં ખેડૂતો સાવજોની હાજરીમાં પણ ?ખેતી કરવા ટેવાયેલા છે. તે વિસ્તારના ખેડૂતોને સાવજો સાથે કઈ રીતે વર્તવુ તેની ઉંડી સમજ છે. જો કે વડીયા અને બાબરા પંથકના ખેડૂત હજુ સાવજોની હાજરીથી ટેવાયેલા નથી. જેથીઆ વિસ્તારના ખેડૂતો અને લોકોમાં ભય વધુ છે.

રવિ પાક માટે નદીઓમાં સૌની યોજનાનું પાણી છોડવા ૬ ગામના ખેડૂતોનું આવેદન



અમરેલી:સમગ્ર અમરેલી જિલ્લામાં ઓણસાલ વરસાદની ખેંચ રહી છે. ત્યારે રવિ પાક માટે પીયત કરવા પાણીની ખેંચ વર્તાઈ રહી છે. કપાસ માટે પણ પાણીની જરૂર છે ત્યારે જિલ્લાભરમાંથી ઠેર ઠેરથી નદીઓમાં સૌની યોજનાનું પાણી છોડવા માંગ ઉઠી રહી છે.

અમરેલી જિલ્લામાં ઓણસાલ મોટા પ્રમાણમાં મગફળીનું વાવેતર થયું હતું. ઓછા વરસાદમાં મગફળીનો પાક તૈયાર તો થઈ ગયો પરંતુ હવે મગફળી ઉપાડી લીધા બાદ ખાલી પડેલી જમીનમાં ખેડૂતો રવિ પાકનું વાવેતર કરી રહ્યા છે. પરંતુ આ વિસ્તારના ખેડૂતોને તળમાં ઉંડા ઉતરી રહેલા પાણીનો પ્રશ્ન સતાવી રહ્યો છે.

જો અધુરા પાણીથી રવિ પાકનું વાવેતર થશે તો ખેડૂતો ઘઉં સહિતના પાકનો યોગ્ય ઉતારો નહી લઈ શકે આ ઉપરાંત હજુ કપાસના પાકને પણ વારંવાર પાણી આપવું પડી રહ્યું છે. જેને પગલે સિંચાઈ માટે વ્યાપક પ્રમાણમાં પાણીની જરૂર ઉભી થશે.

જિલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણી દ્વારા રાજ્યના મુખ્યમંત્રીને પત્ર પાઠવી અમરેલી જિલ્લાની નદીઓમાં સૌની યોજનાનું પાણી છોડવા માંગ કરી હતી. બગસરા તાલુકા ભાજપના આગેવાનોએ પણ આવી રજૂઆત કરી હતી.આવી જ રીતે લાઠી તાલુકાના કેરીયા સહિતના ૬ ગામના લોકોએ સ્થાનિક પ્રાંત અધિકારીને આવેદન પત્ર પાઠવી ગાગડીયો નદીમાં સૌની યોજનાનું પાણી છોડવા માંગ કરી છે. કેરીયા, હરસુરપુર, વાંડળીયા, શેખ પીપળીયા વિગેરે ગામના લોકોએ આ આવેદન પાઠવ્યું હતું.ઠેબી ડેમ ચોમાસાના અંત સમયે અડધાથી વધુ ભરેલો હતો અને છેલ્લા એક માસ દરમિયાન ઠેબી ડેમના જળ સ્તરમાં મોટો ઘટાડો થયો હોય ઠેબી ડેમમાં પણ સૌની યોજનું પાણી ઠાલવવા માંગ ઉઠી છે.

પૂર્ણ ચંદ્ર, સોમનાથનું શિખર અને જ્યોર્તિલિંગ એક જ રેખામાં!

કાર્તિકી પૂર્ણિમાની મધ્યરાત્રિએ મહાઆરતી- શંખનાદ, વર્ષમાં એક જ વાર જોવા મળતા દિવ્ય સંયોગના સાક્ષી બન્યા શ્રદ્ધાળુઓ

ગીર સોમનાથ:પ્રભાસ તીર્થ સ્થિત પ્રથમ જ્યોર્તિલિંગ સોમનાથ મહાદેવના સાનિધ્યમાં કાર્તિકી પૂર્ણિમાના પવિત્ર પર્વે પ્રકૃતિ અને પરમાત્માના આધ્યાત્મિક સંયોગનાં દર્શન કરવા મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઉમટી પડ્યા હતા. મધ્યરાત્રિએ સર્જાયેલા આ નજારાએ સમગ્ર મંદિર પરિસરને ભક્તિમય બનાવી દીધું હતું.કાર્તિકી પૂર્ણિમાની મધ્યરાત્રિએ બરાબર ૧૨ વાગ્યે આકાશમાં પૂર્ણ ચંદ્ર સોમનાથ મંદિરના શિખરની સીધી રેખામાં આવી પહોંચ્યા હતા. જાણે ચંદ્ર પોતાના આરાધ્ય ભગવાન સોમનાથ મહાદેવના જ્યોર્તિલિંગ પર અમૃતવર્ષા કરી રહ્યા હોય તેવો દ્રશ્ય સર્જાયો હતો. આ દિવ્ય ક્ષણને નિહાળવા મંદિર પરિસર સહિત આસપાસના વિસ્તારોમાં મોટી સંખ્યામાં ભાવિકો એકત્રિત થયા હતા.



સોમનાથ મહાદેવ અને ચંદ્ર વચ્ચેનો પૌરાણિક સંબંધ કાર્તિકી પૂર્ણિમાના પર્વને આ તીર્થમાં વિશેષ ધાર્મિક મહત્ત્વ આપે છે. પૌરાણિક માન્યતા અનુસાર ચંદ્રએ ભગવાન શિવની આરાધના અને તપશ્ચર્યા કરી હતી. ચંદ્રની આ તપોભૂમિ સાથે જોડાયેલી પરંપરાને કારણે જ આ ક્ષેત્ર પ્રભાસ તીર્થ અને ભગવાન શિવ સોમનાથ તરીકે ઓળખાય છે. આથી કાર્તિકી પૂર્ણિમાની મધ્યરાત્રિએ પૂર્ણ ચંદ્રના દર્શન ભક્તો માટે વિશેષ શ્રદ્ધા અને આસ્થાનું કેન્દ્ર બન્યા હતા.

આ પ્રસંગે મધ્યરાત્રિએ ૧૨ વાગ્યે સોમનાથ મહાદેવની ભવ્ય મહાઆરતી યોજાઈ હતી. મંત્રોચ્ચાર, શંખનાદ અને ઘંટારવના દિવ્ય નાદ વચ્ચે મહાઆરતીના દર્શન કરી ભાવિકોએ ધન્યતાની અનુભૂતિ કરી હતી. એક તરફ ભગવાન સોમનાથની ભવ્ય મહાઆરતી અને બીજી તરફ મંદિરના શિખરની સીધી રેખામાં પૂર્ણ ચંદ્રના દર્શનનો સંયોગ શ્રદ્ધાળુઓ માટે યાદગાર બની રહ્યો હતો.

સોમનાથ ટ્રસ્ટ દ્વારા કાર્તિકી પૂર્ણિમા નિમિત્તે આયોજિત ૫ દિવસીય ધાર્મિક અને સાંસ્કૃતિક કાર્યક્રમોની શ્રેણીમાં આ ચંદ્રદર્શનનો નજારો વિશેષ આકર્ષણ બન્યો હતો. સમગ્ર પ્રભાસ તીર્થમાં હર હર મહાદેવ અને જય સોમનાથના ગગનભેદી જયઘોષ સાથે ભક્તિમય માહોલ છવાયો હતો. આમ, કાર્તિકી પૂર્ણિમાની મધ્યરાત્રિએ સોમનાથમાં મહાઆરતી, પૂર્ણ ચંદ્રદર્શન અને અમૃતવર્ષાના સંયોગે ભક્તોના હૃદયમાં અવિસ્મરણીય સ્મૃતિ અંકિત કરી હતી.

કાર્તિકી પૂર્ણિમાની મધ્યરાત્રિએ સોમનાથ મંદિરના શિખર બરાબર ચંદ્રનું આવવું એ પૃથ્વી, ચંદ્ર અને સૂર્યની ચોક્કસ ભૌમિતિક સ્થિતિ અને પ્રાચીન સ્થાપત્ય શાસ્ત્રના સમન્વયનું પરિણામ છે. આ ઘટના પાછળના કેટલાક વૈજ્ઞાનિક કારણો છે.

કેશોદમાં સગીરાને લલચાવી જામનગર ભગાડી જઈ દુષ્કર્મ આચરનાર શખ્સ ઝબ્બે

કેશોદ:

કેશોદ પોલીસ સ્ટેશન વિસ્તારમાં સગીર વયની કિશોરીને લલચાવી ફોસલાવી લગ્ન કરવાની લાલચ આપી ભગાડી લઈ જઈ દુષ્કર્મ આચરવાની ગંભીર ઘટનામાં કેશોદ પોલીસે પોક્સો એક્ટ હેઠળ ગુનો ઉમેરો કરી ગણતરીના સમયમાં જ આરોપીને જામનગર ખાતેથી ઝડપી પાડી ધોરણસર કાર્યવાહી હાથ ધરી છે.

આ ઘટના અંગે મળતી વિગત મુજબ તીર્થ મસરીભાઈ ડાકી અને સગીરા એક જ ગામમાં નજીક નજીકમાં રહેતા હોય ટેલિફોન અને મોબાઈલના માધ્યમથી એકબીજાના સંપર્કમાં આવ્યા હતા.

ત્યારબાદ આરોપી તીર્થ સગીરાને લલચાવી- ફોસલાવી વિશ્વાસમાં લઈ બદકામ કરવાના ઈરાદે તેના રહેણાંક મકાનેથી મોટરસાયકલ પર બેસાડી જામનગર ખાતે લઈ ગયો હતો.

આ ઘટનામાં સગીરાની માતાએ કેશોદ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતાં પોલીસે લગ્નની લાલચ આપી અપહરણ કર્યાનો ગુનો નોંધી અલગ અલગ ટીમ બનાવી તપાસ હાથ ધરી હતી જેમાં આરોપી અને સગીરા જામનગર હોવાની બાતમી મળતાં તેમને શોધી કાઢી કેશોદ પોલીસ સ્ટેશન ખાતે લાવવામાં આવ્યાં હતાં

જ્યાં કેશોદ પોલીસ દ્વારા ભોગ બનનાર સગીરાની પૂછપરછ કરાતા આરોપીએ તેની સાથે બદકામ કર્યું હોવાની હકીકત સામે આવી હતી.

આ મામલે પોલીસે દુષ્કર્મ અને પોક્સો હેઠળ ગુનાનો ઉમેરો કરી આરોપી તીર્થ ડાકીની ધોરણસર અટકાયત કરી હતી આ મામલે આગળની તપાસ ચાલું હોવાનું કેશોદ પોલીસ સ્ટેશનનાં પીઆઈ એમ. ડી. ચૌધરીએ જણાવ્યું હતું. પોલીસે આરોપીની અટક કરી ઝીણવટભરી તપાસ હાથ ધરી છે.

માળીયા હાટીનામાં બે બાઈક વચ્ચે સામસામે ટક્કર

લગ્ન પ્રસંગે રજા પર આવેલા ૨૩ વર્ષીય સીઆઈએસએફ જવાનનું મોત,એક યુવાનને ગંભીરઈજા

જુનાગઢ:જૂનાગઢ જિલ્લાના માળીયા હાટીનામાં બે મોટરસાઇકલ વચ્ચે સામસામે ટક્કર થઈ હતી. જેથી ગમખ્વાર અકસ્માત સર્જાતાં એક યુવાનનું મોત નીપજ્યું છે, જ્યારે અન્ય એક યુવાન ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયો છે. આ અકસ્માતમાં ૨૩ વર્ષીય દિગ્વિજયસિંહ બહાદુરભાઈ સિસોદિયાનું મોત થયું છે, જ્યારે ૧૮ વર્ષીય રાજવીર સોનિંગ ભલગરીયા ગંભીર રીતે ઘાયલ થયા છે.

અકસ્માત બાદ ઈજાગ્રસ્ત બંને યુવાનોને તાત્કાલિક સારવાર અર્થે માળીયા હાટીના સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. જ્યાં ફરજ પરના તબીબ ડો. ઈરફાન મહિડાએ દિગ્વિજયસિંહને તપાસીને મૃત જાહેર કર્યા હતા, જ્યારે રાજવીર સોનિગભાઈની હાલત અત્યંત ગંભીર હોવાથી તેમને વધુ સારવાર માટે અન્યત્ર



રીફર કરવામાં આવ્યા હતા. મૃતક દિગ્વિજયસિંહ સિસોદિયા સીઆઈએસએફમાં ફરજ બજાવતા હતા અને લગ્ન પ્રસંગે રજા લઈને પોતાના વતન આવ્યા હતા. ખુશીના પ્રસંગ વચ્ચે જ આ અકસ્માતની દુઃખદ ઘટના બનતાં સમગ્ર પંથકમાં અરેરાટી વ્યાપી ગઈ છે.

માળીયા હાટીના પોલીસ સ્ટાફ તાત્કાલિક સિવિલ હોસ્પિટલ ખાતે દોડી ગયો હતો અને મૃતદેહના પોસ્ટમોર્ટમ સહિતની જરૂરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. બીજી તરફ, અકસ્માતના સમાચાર વાયુવેગે પ્રસરતાં મોટી સંખ્યામાં લોકો સિવિલ હોસ્પિટલ ખાતે ઉમટ્યા હતા. આશાસ્પદ યુવાનના અચાનક અવસાનથી પરિવારજનોમાં ઘેરા શોકની લાગણી છવાઈ ગઈ હતી અને હોસ્પિટલ પરિસરમાં ગમગીન માહોલ સર્જાયો હતો. હાલ માળીયા હાટીના પોલીસ દ્વારા અકસ્માત અંગે વધુ તપાસ હાથ ધરવામાં આવી રહી છે.

પલટી ખાધા બાદ કાર અગનગોળો બની

ચાર યાત્રિકોનો ચમત્કારિક બચાવ, જૂનાગઢ પરિક્રમા પૂર્ણ કરી રાજકોટ તરફ જતી સમયે અકસ્માત નડ્યો

જૂનાગઢ:

જૂનાગઢ જિલ્લાના સોરઠ ચોકી હાઈવે પરબ નજીક ગરવા ગિરનારની લીલી પરિક્રમા પૂર્ણ કરીને પરત ફરી રહેલા મહારાષ્ટ્રના યાત્રિકોની કારને ગમખ્વાર અકસ્માત નડ્યો હતો. ચાલકે સ્ટીયરિંગ પરથી કાબૂ ગુમાવતા કાર પલટી મારીને ખેતરમાં ખાબકી હતી અને ત્યારબાદ તેમાં અચાનક આગ ભભૂકી ઉઠી હતી. જોકે સમયસૂચકતાને કારણે કારમાં સવાર ચારેય શ્રદ્ધાળુઓ સમયસર બહાર નીકળી જતા મોટી જાનહાનિ ટળી હતી. અકસ્માતમાં એક વ્યક્તિને સામાન્ય ઈજા થઈ છે.

પ્રાથમિક તપાસમાં અકસ્માતગ્રસ્ત કારના



માલિકનું નામ જય પ્રકાશ જાદવ હોવાનું અને કારમાં સવાર તમામ શ્રદ્ધાળુઓ મહારાષ્ટ્રના હોવાનું સામે આવ્યું છે. જૂનાગઢથી રાજકોટ જતા હાઈવે પર કાર પલટી ખાતા જ આગ લાગવાથી વાહનચાલકોમાં અફરાતફરી મચી ગઈ હતી, પરંતુ અંદર બેઠેલા ચારેય મુસાફરોએ સમયસૂચકતા વાપરી તાત્કાલિક બહાર નીકળી જતા તેમનો આબાદ બચાવ થયો હતો.

?ઘટનાની જાણ થતા જ જૂનાગઢ ફાયર બ્રિગેડની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગઈ હતી અને યુદ્ધના ધોરણે કામગીરી હાથ ધરી હતી. ફાયર વિભાગના જવાનોએ અંદાજે ૧૦૦૦ લીટર પાણીનો મારો ચલાવીને કારમાં લાગેલી વિકરાળ આગ પર સંપૂર્ણ કાબૂ મેળવી લીધો હતો. જોકે, આગમાં કાર બળીને ખાખ થઈ ગઈ છે.